ઐકયનું સંગીત.

Reg. No. B. 2817
*Tele. Add.* 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| છુટક નકલ ૧ આનો<br>વાર્ષિક રૂ. ૨-૮-૦ | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર.<br>તંત્રીઃ-ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | વર્ષ ૨ જું, અંક ૨ જો.<br>શનીવાર તા. ૫-૧૧-૧૯૩૨. |

## "યુવકને."

નેપોલિયને પોતાની પ્રથમ પચ્ચીશીમાં જ ઇટાલી સર કર્યું, અને ટેનીસને પહેલો ગ્રંથ અઢારમા વર્ષે લખ્યો. ૨૫ વર્ષના લ્યુથરે પોતાના ધાર્મિક આંદોલનોમાં નિકટ સફળતા પ્રાપ્ત કરી. એલેકઝાંડરે પોતાનું અપૂર્વ રણકૌશલ્ય તે સમયે દેખાડયું કે જ્યારે તેના ઓષ્ઠો પર રેખાઓ ફુટતી હતી. ન્યુટન, સ્ટીવન્સન અને એડીસનની જગવિખ્યાત શોધો યૌવનના નુતપકાળમાં જ થઇ હતી. બાયરન ૨૭ વર્ષે, શેલી ૨૧ વર્ષે અને કીટ્સ ૨૫ વર્ષે કવિ થયા હતા. કોઇ પણ યુવકનું ભવિષ્ય કવિ, કળાકાર, શોધક, શિલ્પી, વિચારક, કિસાન અગર મજુર થવાના માટે જ નિર્મિત થયેલું હોય છે. શ્રધ્ધાવાન્ યુવક! તું સંસાર પથ પર કયાં સુધી ઘાંચીની ઘાણીના બળદ માફક સંસારની ઘાણીમાં જોડાયેલો રહીશ! શું એથી તારા આત્માનો વધ નથી થતો? હારૂં બુદ્ધિબળ ક્ષીણ નથી થતું? ભાગ્યવાન્ તરૂણ! તું ચેતનનો અવિરત ઝરો છે, હારૂં યૌવન તેજસ્વી જ્વાળામુખી છે, તેના ક્ષણિક સ્પર્શથી પર્વતો ડગમગી જાય છે અને આપત્તિઓ ચૂર્ણ વિચૂર્ણ થઇ જાય છે, તારી યૌવનાગ્નિની ચિણગારીઓ સંસારભરની નિરાશાને બાળીને ભસ્મિભૂત કરી દેશે અને **સંસારમાં પ્રેમ અને દયાની જ્યોતિ પ્રકટ કરશે.**

યુવક! હારૂં સર્જન શા માટે થયું છે? હારા હૃદય તંતુઓને એનું સાચું જ્ઞાન છે. હારા ધ્યેય ઓજનો પ્રદેશ હારી પોતાની સંવેદના છે. મન છે, અંતર-આત્મા છે, હારો જીવનો ધ્યેય હારા હૃદયની અંદર છુપાયલો છે, ત્યાં ધ્રુવચિત્તથી તેની શોધ કર અને તેની પ્રાપ્તિ માટે પ્રયાસ અને પ્રયત્ન કર, સંકટ અને સમયનું ખુશીથી સ્વાગત કર. હારામાં આત્મશ્રધ્ધા હશે તો હને કાંઇ પણ આવશ્યકતા ન રહેશે. રૂઢિયસ્ત સમાજને રૂક્ષ વાયુ મંડળના વ્હેણુ તરફ જીવન નૌકા લઇ જવા દે. નૂતન પ્રગતિના માર્ગપર તું અગ્રેસર થતો જા. આ જટિલ સામાજીક બંધનની પરવાહ ના કર. **આત્મશ્રદ્ધા તો દૈવી સંપત્તિ છે.**

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડા થનાર બુદ્ધિવાન મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૫-૧૧-૩૨.


## ઐકયનું સંગીત.

સારાયે વિશ્વમાં આજે કોઈ અનેરી ભાવના ખીલી ઉઠી છે, વને વને અને વૃક્ષે વૃક્ષે **ઐકયનું સંગીત** સંભળાઈ રહ્યું છે. કોયલના ટહુકારમાં કે પુષ્પની સુવાસમાં, બસ જ્યાં જોશો ત્યાં એજ નાદ સંભળાઇ રહ્યો છે, ભારતમાં પણ ઐકય, સંગઠન અને સંપના આંદોલનો ફેલાઇ રહ્યાં છે. ગઇ કાલનો વટવૈયો આજે સંપ અને એકતાના ગુણગાન કરે છે. ખરેખર સંગઠન સિવાય ઉન્નતિ નથી. એક હાથે કદી તાળી પડતી જ નથી. આર્યાવર્તના કમભાગ્યથી ત્હેમાં જુદી જુદી જાતિઓ હિન્દુ, મુસ્લિમ, શિખ્ખ વગેરે આપસ આપસમાં લડી રાષ્ટ્રધનનો હ્રાસ કરી રહી હતી. આજના યુગાવતારના આત્મબલિદાનના નિર્ણયથી એ દરેક જાતિઓમાં ખળભળાટ થયો. દ્રષ્ટિબિન્દુ બદલાયું. જુના વેરભાવ ભુલાયા અને એકબીજા પ્રેમથી હાથ મિલાવી એક બીજાને ચાહતાં શીખ્યા, અને કોઇ પણ જાતિને અન્યાય ન થાય તેવા પ્રકારના સમાધાનીના સંદેશા શરૂ થયા. આ સંદેશા ફળીભૂત થશે કે કેમ? એ વાત બાજુએ રાખીએ છતાં આવા પ્રકારના આંદોલનોથી આપસના જે વેરભાવ હોય છે તે નાશ થાય છે. ત્હેમાં જરાયે શક નથી. એક બીજાને મદદ ન કરે તો કંઇ નહિ, પરંતુ વિરોધ ન કરે એ પણ ઇચ્છવા યોગ્ય છે. ભારતની આઝાદી માટે સંપ-એકત્વની આવશ્યકતા છે. અને તે આજના ભારતમૈયાના સંતાનો પછી તે પુરૂષ હોય કે સ્ત્રી હોય, યુવાન હોય કે વૃધ્ધ હોય, બાળ હોય કે પ્રૌઢ હોય; સ્વીકારે છે. આમાં સફળતા મળે કે ન મળે એ જુદી વાત છે, પરંતુ એથી બંધુત્વ અને રાષ્ટ્રત્વ ખીલે છે. એ દરેકને સ્વીકારવું પડશે.

આપણા સમાજમાં પણ આ આંદોલનોની અસર થઇ છે. એમ આજકાલના વાતાવરણ ઉપરથી સ્પષ્ટ જણાય છે. જૈન સમાજના બે પક્ષમાં પણ સુલેહની તમન્ના જાગી હોય તેમ પ્રયત્નો થઇ રહ્યા છે.

વર્ષો થયાં જુના વિચારવાળા અને સુધારકો વચ્ચે ઘર્ષણ ચાલી રહ્યું છે. બન્નેનું દ્રષ્ટિબિંદુ એક છે. જ્યાં વૈમનસ્ય અને કલહાગ્નિમાં દિન પ્રતિદિન વૃદ્ધિ થતી જાય છે. ત્હેનું કારણ ગેરસમજ છે. અને આ ઇરાદાપૂર્વક ફેલાવવામાં આવે છે. આ ગેરસમજને દૂર કરવા બંને પક્ષોના લીડરો આપસમાં એક બીજાનું દ્રષ્ટિબિન્દુ સમજી લે એ જરૂરી છે. ખાસ કરીને દીક્ષા અને દેવદ્રવ્યની બાબતમાં ખૂબ ગોટાળું ફેલાવવામાં આવે છે. અને એ ગ્રંથો આગળ કરી સુધારકોને જેટલા વગોવી શકાય તેટલા વગોવે છે. "સુધારકો દીક્ષાના તદ્દન વિરોધી છે, દેવદ્રવ્ય ખાઇ જવા માગે છે" વગેરે વગેરે સમજાવી અજ્ઞાન સમાજને સુધારકો સામે ઉશ્કેરવામાં આવે છે. પરિણામે કલહના મૂળ ઉંડા ઉતરતાં જાય છે. આ સ્થિતિ સમાજ માટે ભયાવહ છે. તે બાબત માટે સાધુઓનો મોટો ભાગ જવાબદાર છે. જે સાધુઓ સુધારકો માટે મૌન ધારણ કરે છે ત્હેમને પણ આ કહેવાતા સાધુઓ વગોવવામાં બાકી રાખતા નથી. ત્હેમને મનમાની સુખડી (!) એથી નવાજે છે. રેટીઆચાર્ય વગેરે વિશેષણો વાપરી આત્મસંતોષ અનુભવે છે. અને જે સાધુઓ કિંવા ગૃહસ્થો પછી તે ચાહે તેવા પ્રતિષ્ઠિત, શ્રીમંત કે વિદ્વાન હોય પરંતુ જો સુધારકોના વિચારોમાં સહાનુભૂતિ બતાવે તો તેને નાસ્તિક, ધર્મદ્રોહી કે કુસાધુ તરીકે જાહેર કરે છે. અને તેમ કરી પોતે શાસનની મહાન્ ઉન્નતિ કરી ન નાંખી હોય તેવો જીતનો ઢોલ પીટાવે છે. સમાજનો સમજુવર્ગ આ સ્થિતિથી કંટાળી ગયો છે. ત્હેને સમાજનું અસ્તિત્વ કઇ રીતે રાખવું ત્હેની ચિંતા થઇ પડી છે. અને ત્હેમાં એક જ માર્ગ જણાય છે **સુલેહ અને સંપ.** બન્નેનું ધ્યેય એક જ પ્રકારનું હોય તો પછી કલહ કઇ રીતે થાય તે સમજી શકતું નથી. ત્હેમાં સ્વાર્થસાધુઓ સમાજના બે પક્ષ એકત્ર થાય એ કોઇ રીતે ઇચ્છતા નથી. કારણ કે ત્હેમાં ત્હેનો નાશ છે. અને તેથી ઇરાદાપૂર્વક બન્ને પક્ષો એક બીજાથી ભડકે તેવા પ્રકારના પ્રયત્નો કરી રહ્યા છે. આ બાબત સમજુ વર્ગથી અજાણી રહી નથી. અને તેથી જ તે ઇચ્છે છે કે બન્ને પક્ષના આગેવાનો જો એક બીજાના સંપર્કમાં આવે તો ગેરસમજ ફેલાતી અટકે. અને ઐકયનું સામ્રાજ્ય પ્રસરે. આજ ભાવનાથી વિસનગરથી મહાસુખભાઇ અને સાદડીથી શ્રી વિજયવલ્લભસૂરિ તરફથી એ માટે પ્રથમ શરૂઆત થઇ ચૂકી છે.

કોઇ કહે છે કે સમાજનો મ્હોટો ભાગ શ્રી વલ્લભસૂરિ અને રામવિજયજીને બન્ને પક્ષના લીડરો માને છે, બંનેના કદાગ્રહથી કલેશાનળ સળગી રહ્યો છે. કોઇ કહે છે કે પૂજ્ય આત્મારામજી મહારાજના ગુરૂકલેશે સમાજને ભયંકર રીતે છિન્નભિન્ન કરી નાખેલ છે, કોઇ વળી શ્રી રામવિજયજી મહારાજની મહત્વાકાંક્ષા-શિષ્યલાલસા અને ચાલાક શીખને કારણભૂત ગણે છે. તો કેટલાંક સુધારકો ઉપર દોષનો ટોપલો ઓઢાડવાનો પ્રયત્ન કરે છે. આપ જેને જેમ ફાવ્યું તેમ બોલે છે, ત્હેમાં સત્ય શું છે? એ તો જ્યારે કોઇ નિષ્પક્ષ વગદાર કમીટિ નિમાય અને તેની કાર્યવાહી સંપૂર્ણ સફળ થાય ત્યારે ખબર પડે. આપણે એ બાબતમાં અત્યારે કંઇ પણ ઉચ્ચારી શકીએ નહિ. પણ એટલું જરૂર સ્વીકારીએ કે સિધ્ધાંતોને બાધ ન આવે તેવું ઐકય દેશકાળને અનુસરીને થતું હોય તો જરૂર આવશ્યક છે.

દાખલા તરીકે દીક્ષાનો પ્રશ્ન. ત્હેમાં બન્ને પક્ષનો વિરોધ નથી. દીક્ષા ન થવી જોઇએ તેવું કોઇ કહેતું નથી. પરંતુ સુધારકપક્ષની એવી માન્યતા છે કે દીક્ષા કસોટી પછી થવી જોઇએ. દીક્ષા લીધા પછી મહાન્ જવાબદારી આવી પડે છે. આજનો સામાન્ય માણસ દીક્ષા લીધા પછી સારાયે સમાજને પૂજ્ય બને છે. ત્હેનામાં ત્હેવી લાયકાત છે કે નહિ? એ જોવું જરૂરી છે. '**દીક્ષા**' એ જેવો તેવો પ્રશ્ન નથી, એક રાજ્યમાં

જવાબદાર હોદ્દા ઉપર માણસની યોગ્યતાની પરીક્ષા કર્યા પછી જ તેની નિમણુંક કરવામાં આવે છે. સાધુઓ જૈન શાસનમાં જવાબદાર ગણાય છે, હેની કસોટી કર્યા પછી જો દીક્ષા આપવામાં આવે તો કોઇને કશો વાંધો નથી. અને એ હક સ્થાનિક સંઘનો છે. એટલે હેની દીક્ષામાં સમ્મતિ જોઇએ. 'બાળદીક્ષા' અને 'અસંમત દીક્ષા' ન થવી જોઇએ. જ્યારે સ્થિતિચુસ્તવર્ગ દીક્ષા, કોઇ પણ ટાઇમે પછી હેમાં સંમતિ હો કે ન હો, બાળ હો કે વૃદ્ધ હો, થવી જરૂરી સમજે છે. અને હેમાં સંઘસત્તાની અવગણના કરે છે. આ બન્ને પક્ષોના દૃષ્ટિબિંદુમાં માનભર્યો તોડ નીકળી શકે તેમ છે, કારણ કે કોઇ દીક્ષાનો વિરોધી નથી.

દેવદ્રવ્યમાં પણ એમ જ છે, દેવદ્રવ્યમાં આપણા ઉપયોગમાં ન લેવું તે તો બન્ને પક્ષ સ્વીકારે છે. પરંતુ સુધારક પક્ષ, જ્યાં દેવના નામે લાખો અને કરોડો રૂપીઆ ભેગા કરવામાં આવે છે હેનો વિરોધ કરે છે, તે કહે છે કેઃ–એક મંદિરમાં કરોડો રૂપીઆ જમા પડ્યા છે ત્યારે બીજું મંદિર પૈસાના અભાવે સાફસુફ પણ થતું નથી. આશાતના પારાવાર થાય છે. શું એક મંદિરના પૈસાનો બીજા મંદિરમાં ઉપયોગ ન કરી શકાય? બીજું દેવદ્રવ્યના ભંડારો ભરપૂર છે હેમાં જે સાધનોથી આવક થાય છે તે સાધનોની કલ્પના બદલવી જોઇએ. એટલે કે હેને સાધારણખાતામાં લઇ જવાનું નક્કી કરીએ તો હેમાં આપણે કોઇ જાતનું ખોટું કરતા નથી. સાધારણખાતું દરેક ખાતાનો પિતા છે. હેનાથી દરેક ખાતાં પોષી શકાય છે. જ્યારે દેવદ્રવ્ય તો કેવળ મંદિરના જ ઉપયોગમાં આવે છે. એટલે તે ખાતાને જરૂરીઆત કરતાં વધારે પુષ્ટ કરવું એ બીજાં ખાતાંઓનો દ્રોહ કરવા બરાબર છે. જ્યારે જુના વિચારવાળા દેવદ્રવ્ય વધારવામાં જ માને છે, હેને બીજાં ખાતાંની કશી પડી નથી. આમાં કંઇક સિધ્ધાંતની દૃષ્ટિએ વિરોધ છે. પણ હેનો તોડ કાઢવો અસંભવ તો નથી જ.

આમ વિવાદાસ્પદ પ્રશ્નોનો લાભાલાભ જોઇને માનભરી રીતે તોડ કાઢવામાં આવે તો હેમાં અમે કોઇ પણ જાતની ભૂલ જોતા નથી. સુલેહ અને સંપ. એ ઇચ્છવા યોગ્ય છે.

# પ્રાસંગિક નોંધ.

**સ્ત્રી કેળવણીઃ—**

એ તો હવે સૌ કોઈ સ્વીકારે છે કે સ્ત્રીઓને કેળવણી આપવી જરૂરી છે. સંપત્તિજીવનનાં મધુરા લ્હાવા લેવા હોય, સરસ, સુદૃઢ અને મજબુત બાળકો સર્જાવવા માંગતા હોઇએ તો જેટલી આપણે અનાજની જરૂરત છે તેટલી જ જરૂરત સ્ત્રી કેળવણીની છે. તે તરફ સમાજનું ધ્યાન ખેંચાયું હોય તેમ શ્રી મહીલા સમાજની કાર્યવાહી જોતાં જણાય છે. તે સમાજ તરફથી આપણી જૈન બ્હેનોને ઔદ્યોગિક, માનસિક અને નૈતિક કેળવણી મળે તેમજ ઘરમાં પોતાની વપરાસમાં આવે તેવાં કપડાં જાતે શીવીને સ્વાશ્રયી બની શકે તેવું શીવણકામ શીખવવાનો તથા ભરત ગુંથણ, હાર્મોનીઅમ આવડે તે માટે હાર્મોનીઅમ વર્ગ તેમજ સંગીતવર્ગ આસો વદિ ૭ ને ગુરૂવાર તા૦ ૨૦-૧૦-૩૨ થી એક વરસની ટ્રાયલ ઉપર કોટ ફ્રીઅરરોડ શેઠ જમનાદાસ મોરારજીના માળામાં શ્રી માંગરોળ શ્રીમાળી સમાજના હોલમાં રવિવાર સિવાય હરરોજ ૨॥ થી ૪॥ (સ્ટા. ટા.) સુધી શીખવવાનું શરૂ કરવામાં આવ્યું છે. આ વસ્તુ સમાજની પ્રગતિની નિશાની જણાવે છે. વર્ષો થયાં આપણે સ્ત્રી કેળવણી તરફ આંખમિચામણું કર્યું છે. આજે એ પાપ ધોઇ આપણે પવિત્ર થવાની જરૂર છે. સ્ત્રી કેળવણીના સંબંધમાં એક બંધુ લખી જણાવે છે કે-"સ્ત્રીઓને કેળવવા માટે સ્ત્રી કેળવણી મંદિરની સ્થાપના થવી જોઇએ. હું અહિં સ્ત્રી કેળવણી એટલે શાળા કે કોલેજની કેળવણીનો અર્થ કરતો નથી. હું જે કેળવણીની અહિં વાત કરૂં છું તે કેળવણી એટલે શારીરિક શાસ્ત્રનું જ્ઞાન, માતૃભાષાનું સંપૂર્ણ જ્ઞાન, માનવ-ધર્મનું જ્ઞાન, સ્ત્રી પુરૂષના વ્યવહારનું સ્પષ્ટ જ્ઞાન, બાળ ઉછેરનું જ્ઞાન, સત્ય-અસત્ય પારખવાનું જ્ઞાન અને વખત પડે તો પોતાનું અને કુટુંબનું પ્રમાણિકપણે પોષણ મેળવી શકે તેવા હુન્નર ઉદ્યોગનું જ્ઞાન, આ વસ્તુઓ દરેક સ્ત્રીએ શીખવી જ જોઇએ. એમ મારૂં માનવું છે. આમાં કાંઇ ઝાઝા ખર્ચની જરૂર નથી. પરંતુ સમૂહ સંપથી બહુ જ સસ્તી અને સ્હેલી રીતે શીખી શકાય, કોઇ પોતાનું ઘર આના ઉપયોગ માટે આપે, કોઇ બે શીવવાના સંચા અપાવે, એક હાથનો અને એક પગનો, કોઇ એક-બે, નાનાં મોજાં, ખમીસ, ગંજીફ્રાક ઇત્યાદિ ગુંથી શકાય તેવાં સંચાઓ અપાવે. કોઇ કોર ભરવાની શાળો અને દાણાનું ભરતકામ કરવાની સામગ્રીઓ અપાવે. જેમાંથી કોર, તોરણ આદિ ચીજો નીપજાવી શકાય. આ હુન્નર ઉદ્યોગના વર્ગને સ્થાનિક કોઇ હોંશિયાર સ્ત્રી ચલાવે, એની જવાબદારી નવાં શીખનારાઓને ધીમે ધીમે સોંપી પાછળથી હેની ઇચ્છા હોય તો એ મુક્ત થઇ શકે. અવાર નવાર એમને અક્ષરજ્ઞાન આપવા પ્રયત્ન થાય, હમારો કોઈ સ્થાનિક શિક્ષક એમાં જરૂર ઉપયોગી થાય, દર અઠવાડિએ બિમારની કેમ સારવાર કરવી તે પર સ્થાનિક ડોક્ટરો પાસે ભાષણો કરાવવાં, આવાં લોકોપયોગી ખાતાં માટે ડોક્ટરો ના ન પાડે, વૈદ્યોનો પણ આ રીતે લાભ લેવો. અઠવાડિએ એકાદ કલાક સ્થાનિક ફીમેલ હોસ્પિટલની લેડી ડોક્ટર પાસે પૂરા મહિને સ્ત્રીએ સંભાળ કેમ રાખવી? અને સુવાવડો અંગે શી કાળજી રાખવી? બાળકોને કેમ ઉછેરવાં? અને બાળકોની બિમારીમાં શા શા ઉપાયો કરવા? તે અંગે ભાષણો કરાવવાં.

સ્ત્રીઓમાં કળા પ્રત્યે પ્રેમ હોય છે જ. આ માટે કોઇ શાળાના ડ્રોઇંગ માસ્તર મહિનામાં એક બે વખત આવીને શીખવાડી જાય. ચિત્રો સુંદર આવડતાં હોય તો તે કોર પર, કપડાં પર, તકીઆ પર કે બારીના પડદા પર કાઢી શકે, જરૂર પડે તો એ વેચી એમાંથી નિર્વાહ પણ કરી શકે અને કંઇ નહિ તો પોતાનું ઘર કળામય બનાવી શકે.

પૂજ્ય ગાંધીજીના રેંટીઆનો પણ ઉપયોગ કરાય. બારડોલી ચરખા કે નવજીવન ચરખા પર બારીક સુતર કાઢી હેમાંથી ખાદી વણાવે અને ઘર ઉપયોગી ચીજો કપડાં, ચાદર, પડદા, ટુવાલ, રૂમાલ, ફેંટા ઇત્યાદિ બનાવી શકાય. આ કાર્ય બ્હેનો હોંશથી કરે છે એવો મ્હારો અનુભવ છે.

ખોરાક ખાવો-ગમે તેમ ખાઇને ચલાવી લેવું, એમાં પેટ જરૂર ભરાય છે. પણ ખાવાની ઇચ્છા સંતોષાતી નથી. પાક શાસ્ત્ર, એ આવશ્યક વિદ્યા છે. ખોરાકની બનાવટ અને હેની સ્વચ્છતા, મસાલાનું પ્રમાણ, અને સમ પ્રમાણ બનાવીને સમારવી અને એ બધામાં વિવિધ વાનીઓ બની જે

પણ એક કલા છે. અહિં નથી માંડી એ માટેનો અને પિપ પણ કોઇ જ્ઞાનપ્રકાશક શાળા આપે અને એ માટેનો ખાસ સંગીતને પણ જીવનનું અંગ ગણી સંગીત શીખવવાનો પ્રબંધ કરવો જોઇએ. એમાં અંદર એકતાનતા અને તાલબધ્ધતા શિખાય છે, સ્વરનો વિકાસ થાય છે. સ્વર કેળવાય છે. સંગીત શીખેલ માણસ કોઇ દિવસ ગમે તેમ ઘરમાં ઘાંટા પાડશે નહિ, એની મૃદુતા એટલી કેળવાયેલી હોય છે.

અહીંઆ ઘણું ખરૂં એકાદ વાગે પરવારી જાય છે, પછી કાંતો ઉંઘવા માટે છે, કાં ગપ્પાં મારે છે, કે સારૂં આળસમાં વખત વિતાવે છે, પાંચ વાગ્યા સુધીનો એમનો આ નકામો જતો સમય ઉપયોગમાં લેવાય. નિયમિત શાળામાં હોય છે તેવું વખત પત્રક હોવું જોઇએ. ઉપરોક્ત બાબતો આ વિચારશ્રેણિ જરૂર દરેકને લક્ષમાં લેવા જેવી છે. અમે માનીએ છીએ કે સ્ત્રી કેળવણી માટે આ સ્કીમ ઘણીજ સહેલી છે. સ્થાનિક સમાજ ધારે તો આ બાબત મુશ્કેલ તેમજ ખર્ચાળ નથી. અમે ઇચ્છીએ છીએ કે દરેક સ્થાનિક સંઘો આ સ્કીમ ધ્યાનમાં લઇ શક્ય જણાય તો સ્ત્રી કેળવણી મંદિર ખોલે.


## ટુંક મુદતમાં બહાર પડશે.

### મુંબઇ પર્યુષણ વ્યાખ્યાનમાળા.

કિંમત રૂ. ૦-૬-૦ વીઆયતની ઉપર ખરીદ કરનારને રૂ. ૦-૪-૦

### તમે જાણો છો ?

આપણા સમાજમાં ધાર્મિક અને સામાજીક પ્રશ્નોપર અનેક ઘા થઇ રહ્યા છે. એટલે જનતા વિચાર વમળમાં ગુંચવાઇ રહી છે. તેવા પ્રસંગે જનતાની ખરા રસ્તે દોરવણી કરવાના હેતુથી ગત પર્યુષણમાં મુંબઇમાં પંડિતવર્ય શ્રી સુખલાલજી, પંડિત દરબારીલાલજી, પંડિત નાથુરામ પ્રેમી, ડૉ૦ પ્રાણજીવનદાસ મહેતા, શ્રી મોહનલાલ ભગવાનદાસ સોલીસીટર, શ્રી ઉમેદચંદ બરોડીઆ મોહનલાલ દલીચંદ દેસાઇ વગેરે વિદ્વાનો અને પંડિતોએ "ગુરૂપદ અને શિષ્યપદની લાયકાત શી શી? શાસ્ત્ર અને શસ્ત્ર વચ્ચે શો ફેર છે? ત્યાગી કેવા હોવા જોઇએ? ધર્મ અને સમાજ, અધ્યાત્મ, સર્વ ધર્મના મૂળ સિધ્ધાંતો, ધર્મનો ભ્રમ, ધર્મ અને વ્હેમો, વિ૦ વિષયો પર સ્વતંત્રપણે નિડરતાથી દાખલા દલીલો સાથે અભ્યાસ કરવા યોગ્ય ભાષણો આપેલાં તે વાંચવા મળશે. આથી તમે ગ્રાહક ન થયા હો તો આજે જ તમારૂં નામ નોંધાવો.

ક્રાઉન સોળ પેજી પોણાબસોથી બસો પાનાના પુસ્તકની ઓછી કિંમત રાખવાનો એજ હેતુ છે કે દરેક જણ લાભ લઇ શકે, તેમ કોઇ પણ ગૃહસ્થ સસ્તી લ્હાણી કરી શકે.

પંડિત દરબારીલાલજી અને પંડિત નાથુરામજીના ભાષણો નાગરી લીપીમાં ને હિન્દી ભાષામાં આપવામાં આવ્યાં છે, તેમ તેનો ટુંક સાર ગુજરાતીમાં આપવામાં આવ્યો છે.

૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩. — લખો:— મંત્રી, મુંબઇ જૈન યુવક સંઘ


## જૈન જગત.

**આચાર્યશ્રીઓપર હુકમ**—આચાર્યશ્રી વિજયનેમિસૂરિ પોતે ૨૭ શિષ્યો સાથે ગામ બહાર છત્રમાં રહેલ છે, અને બાકીના પાંચ સાત સાધુઓ ગામમાં રહે છે. તેમની સાથે તેમના બાળ શિષ્યો છે. તે સૂરિજીના મારથી નાસી ઉઠ્યા છે, ત્રાસ સહન ન થવાથી સાધુ વેષને તિલાંજલિ આપી નાસી જવાની તજવીજમાં છે, પણ દંડ, ધાક અને સંયોગોને આધિન થઇ રહ્યાં રહ્યા છે. તેમને ત્રાસ હદ વગરનો અપાય છે,

**સાધુએ આપઘાત માટે અફીણ માંગ્યું**—આ. નેમિસૂરિના શિષ્ય વિમળવિજયને સૂરિજી તરફથી માર મારવામાં આવે છે અને અત્યંત ત્રાસ અપાય છે, તે સહન ન થવાથી તેમણે એક શ્રાવકને પ્રતિજ્ઞા લેવરાવી આપઘાત કરવા માટે **અફીણ** અગર બીજું કંઇ પોઇઝન માંગ્યું. અને જણાવ્યું કે "આજે લાવી નહિ આપો તો કાલે પાસેના કુવામાં પડીશ." દુઃખનું કારણ પૂછતાં હૃદય ભરાઇ જવાથી રડવા લાગ્યા. તે વાત શ્રાવકે સૂરિજીને કરી તેથી તે દિવસે રાત્રે પહેરો મૂક્યો. અને બીજે દિવસે પોતાની પાસે બોલાવી સારી રીતે માર માર્યો અને બીજા સાથે વાત ન કરવાનો ઓર્ડર છૂટ્યો. અને તેને પોતાની પાસે રાખી અત્યંત દુઃખ આપી રહ્યા છે.

**ઇનામી મેળાવડો**—શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ તરફથી લેવાયેલ પરીક્ષામાં પાસ થયેલ સ્ત્રી-પુરૂષને ઇનામ તથા પ્રમાણપત્ર આપવાનો મેળાવડો માસ્તર રતનચંદ તલકચંદના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો. શ્રી સાકરચંદ ઉમેદચંદ દોશીએ બોર્ડના કામકાજનો હેવાલ રજુ કર્યા બાદ શ્રી મોહનલાલ ભગવાનદાસ સોલીસીટર, લાલભાઇ કલ્યાણજી, પં. દરબારીલાલજી અને લલ્લુભાઇએ સમયોચિત વિવેચનો કર્યા હતા. બાદ પ્રમુખે ઉમેદવારોને ઇનામો તથા પ્રમાણપત્રો વ્હેંચી આપ્યા હતા.

**સેવા મંડળની સ્થાપના**—શ્રી પેથાપુર (મહીકાંઠા એજન્સી) માં પ્રજાહિતાર્થે સેવા મંડળની સ્થાપના કરવામાં આવી છે. પ્રમુખ તરીકે શેઠ કેશવલાલ મનસુખરામ તથા સેક્રેટરી તરીકે શાહ લાલભાઇ માણેકચંદ અને ભોગીલાલ પેથાપુરીની નિમણુંક કરવામાં આવી છે, જે ઉદ્દેશથી મંડળની સ્થાપના કરવામાં આવી છે તેને ઉત્સાહ અને ખંતથી ફળીભૂત બનાવે. અને જનતાનો પ્રેમ સંપાદન કરી મંડળ પ્રજાહિતના કાર્યો કરવા તનતોડ પ્રયાસ આદરે.

**અયોગ્ય દીક્ષાના ખપ્પરમાં**—અત્રે લાલબાગમાં અડ્ડો જમાવી, ધામા નાખી પડેલા × × × × સાગરાનંદજીનું ચોમાસુ પૂર્ણ થવા આવ્યું છે, ચોમાસામાં ન તો તેમનાથી સમાજમાં કોઇ જાગૃતિ આવી કે ન તો પરિવાર વધારવામાં એક પણ શિષ્ય મુંડાયો. આવા મહાન (!) સમર્થ આચાર્યજી (!) મહારાજનું ચોમાસું તદ્દન ખાલી ગયેલું હોઇ આફરો ચઢી આવ્યો હોય તેમ જણાય છે, તેથી ચોમાસું ઉતર્યે અનેક બાળકો—નિર્દોષ બાળકોને મુંડન ક્રિયા કરી જગતની બેકાર પ્રજામાં વધારે બેકાર માણસોની ભરતી કરવાની કોશિષ કરી રહ્યા છે. અને મુંડનક્રિયા પછી ધારેરાપર તરફ પોતાના ચરણો લંબાવવાના છે.

# દીક્ષા અને તેનું શાસ્ત્ર.

લેખકઃ—
કેશવલાલ મંગળચંદ શાહ.

(તા૦ ૧૫-૧૦-૩૨ ના અંકથી ચાલુ.)

( લેખાંક. ૧ )

વર્તમાનમાં ઉપધાન કરાવ્યા સિવાય જ નવકારાદિ સૂત્રો ભણી શકાય છે, ભણાવી શકાય છે અને ભણતાને અનુમોદના આપવામાં મહાન્ પુણ્ય મનાય છે. ત્યારે ભગવાન મહાવીર દેવ શ્રી ગૌતમસ્વામિના પ્રશ્નનો ઉત્તર આપે છે કેઃ—

"से भयवं ! सुदुक्करं पंचमंगल महासुयक्खंधस्स विणओवहाणं पन्नत्तं, महती य (महंती य) एसा णियंतणा कहं बालेहिं कज्जइ ? गोयमा ! जेण केई इच्छेज्जा एयं नियंतणं, अविणओवहाणेणं चेव पंचमंगलाइसुयनाणं अहिज्जिणए अज्झावेइ वा अज्झावयमाणस्स अणुण्णं पयाइ, से णं न भवेज्जा पियधम्मे ण हवेज्जा दढधम्मेण भवेज्जा भत्तिजुए हीलेज्जा सुत्तं, हीलेज्जा अत्थं, हीलेज्जा सुत्तत्थतदुभए, हीलेज्जा गुरुं, जेणं हीलेज्जा सुत्तत्थाभए जाव णं गुरु से णं आसाएज्जा अतीताणागयवट्टमाणतित्थयरे आसाएज्जा आयरियउवज्झायसाहुणो, जेणं आसाएज्जा सुयनाणमरहंतसिद्ध साहु से तस्स णं सुदीहं हवा तमणंतसंसारमाहिंडेमाणस्स तासु तासु संवुडवियडासु चुलसीइलक्खपरिसंखासु सीओसिणमीस. जोणिसु तिमिसंधयारदुग्गंधामेज्झविलीणखारसुत्तोजसिमपडिहत्थवसजल्लपूयदुद्दिणचिक्खल्लदुद्दंसणासु बालपंक चोभत्थघोरगब्भवासेसु कढकढितं चलचलस्स टलटलस्स जंतसंपिडिय गमंगस्स सुइरं नियंतणा."

મહાનિશીથ, પત્ર. ૨૧.

અર્થ—હે ભગવન્ ! પંચમંગલ મહાશ્રુત સ્કંધના વિનયરૂપ ઉપધાન ઘણા મુશ્કેલ છે. આ મહાકષ્ટ બાળજીવો શી રીતે કરી શકે ? હે ગૌતમ ! જે કોઇ આ નિયંત્રણા એટલે કષ્ટને—કષ્ટમય અનુષ્ઠાનને ન ઇચ્છે. વિનયોપધાન કર્યા સિવાય પંચમંગલ મહાશ્રુત જ્ઞાનને ભણે, ભણાવે અથવા ભણનારને અનુજ્ઞા આપે તેને ધર્મ પ્રિય નથી. તે ધર્મમાં સ્થિર નથી, તેને ધર્મ પ્રત્યે ભક્તિ નથી. તે સૂત્રની અવગણના કરે છે. અર્થની અવગણના કરે છે. સૂત્ર અર્થ તદુભયની અવગણના કરે છે, અને ગુરુની પણ અવગણના કરે છે. જે સૂત્ર-અર્થ-તદુભયની અને ગુરુની આશાતના કરે તે ભૂત—ભવિષ્ય અને વર્તમાન તીર્થંકરોની આશાતના કરે છે. આચાર્ય ઉપાધ્યાય, સાધુઓની [illegible] પણ જે શ્રુતજ્ઞાન, અરિહંત-સિદ્ધ-સાધુની આશાતના કરે તેની [illegible] શુદ્ધિ [illegible] થઇ છે અને અનંત સંસારસાગરમાં ભમતાં [illegible] તેને [illegible] અને [illegible] [illegible] ઉષ્ણ અને શીતોષ્ણ યોનિઓમાં અનંતા અંધકાર, દુર્ગંધી [illegible] અને અમેધ્ય (વિષ્ઠા) શ્લેષ્મ, ચરબી, રૂધિર આદિ કર્દમથી નહિ જોઇ શકાય તેવા અને અત્યંત બિભત્સ ગર્ભાવાસોમાં અંગોને સંકોચીને રહેવું ઇત્યાદિ અનેક વિધ કષ્ટો સહન કરવા પડે છે.

હે ગૌતમ ! વિનયરૂપ ઉપધાન કર્યા સિવાય પંચમંગળ મહાશ્રુત સ્કંધરૂપ જે નમસ્કાર મંત્રને ભણે, ભણાવે કે ભણવાની અનુજ્ઞા આપે, તે ભૂત, વર્તમાન અને ભવિષ્યના તીર્થંકર, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓ આદિની આશાતના કરનાર થઇ અનંત સંસારી થાય છે. વગેરે હકીકત કોષ્ટકમાં આપેલા મહાનિશીથસૂત્રના પાઠ ઉપરથી જોઇ શકાય છે, છતાં વર્તમાનમાં ભણી શકાય છે, ભણાવી શકાય છે અને ભણવાની અનુજ્ઞા પણ આપી શકાય છે. આ શું સૂચવે છે ? ભગવાનના શબ્દોમાં તો તે અનંત સંસારી થાય છે. છતાં પૂર્વાચાર્યોએ ભગવાનની આ જાતની સખત આજ્ઞા હોવા છતાં દેશ, કાળ અને ભાવને અનુલક્ષી, લાભાલાભની દૃષ્ટિથી વિનયરૂપ ઉપધાન કર્યા સિવાય પણ, ભણવા, ભણાવવાની પરવાનગી આપી. અત્રે એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે—શું ભગવાને પોતાના જ્ઞાનથી નહિ જાણ્યું હોય કે ભવિષ્યમાં આ આજ્ઞાથી વિરુદ્ધ આદેશ આપવાની જરૂરીઆત પડશે. માટે હું તેવી જાતની જ આજ્ઞા આપતો જઉં. તેનો ઉત્તર એજ હોઇ શકે કે ભગવાનના સમયમાં જે પરિસ્થિતિ હતી તે પરિસ્થિતિને અનુલક્ષીને આ વિધાન ભગવંતે કર્યું અને તે વિધાન તે સમયને જ અનુલક્ષીને કર્યું હતું. એમ કહ્યા સિવાય ચાલે તેમ નથી. કારણ કે જો એમ ન કહીએ તો ભગવાનના જ્ઞાનથી ભગવંતે આ પરિવર્તન કરવું પડશે. તેવું ન જોયેલું હોય તેમ માનવું રહ્યું. અને તેમ માનવામાં ભગવાનના ત્રિકાળજ્ઞાન ઉપર જ શંકા કરવા જેવું જ થાય છે. એટલે એજ સમાધાન વાસ્તવિક છે કે ભગવંતે તે સમયને અનુલક્ષીને જ આ વિધાન કર્યું. સમયના પરિવર્તન સાથે આ વિધાનમાં પણ પરિવર્તન કરવું પડ્યું. આ પ્રશ્નના સંબંધમાં શ્રીજિનચંદ્રસૂરીશ્વરજીને પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે—"तथा श्रावकाणामुपधानवहनं विना नमस्कारादि पठनं युज्यते न वेति ?" (સેનપ્રશ્ન, ઉલ્લાસ ૩, પૃષ્ઠ ૪૦) અર્થ— [illegible] ઉપધાન વહન કર્યા સિવાય [illegible] નવકારાદિ ભણવું શુદ્ધ [illegible] [illegible] "सम्प्रति तु द्रव्यक्षेत्रकालाद्यपेक्षया लाभालाभं विभाव्या उपधानोपधानवहनं विनाऽपि नमस्कारादिसूत्रपाठादिसंभवेन कार्यमाण

---

### છોકરાનો પત્તો લાગ્યો.

સગીરોને નસાડવાનો ધંધો લઇ બેઠેલાઓએ બે માસ પહેલાં રમણિક ઉર્ફે બાબુને નસાડેલ, તેના સમાચાર મળે છે કે છોકરો અમદાવાદમાં પોલિસના કબજામાં છે, તેથી તેનો કબજો લેવા તેના વાલીઓ અમદાવાદ ગયેલ છે. ત્યાંથી એવા સમાચાર મળે છે કે બાબુનો કબજો લેવા તેના વાલીઓને કોર્ટનો આશરો લેવો પડ્યો છે અને ચોંકાવનારી હકીકતો સાથે મ્હોટા કહેવાતા માણસોના કાવાદાવાને ભયંકર ખટપટો બહાર આવવાની વકી છે. વધુ હકીકત આવતા અંકે—

# મી૦ શાહની ડાયરી– ધાર્મિક વિષયોની નોંધ.

સંગ્રાહક:–" ચોકસી."

(ગતાંકથી ચાલુ.)

...કાચના આરિસામાં આકૃતિના બાહ્ય સ્વરૂપનું આબેહુબ દર્શન થાય છે, પણ આકૃતિ–વ્યક્તિ કે સમષ્ટિનું આંતર સ્વરૂપ જોવાને–નિહાળવાને એ કામ નથી આવતા. ત્યાં તો તીખી કલમે આળેખાયલા અક્ષરો જ સાચી સહાય અર્પે છે!

...મ્હારા મનમાં કે લાવને પહેલો મિત્ર ઇન્દુને ઘેર પહોંચુ ને ત્યાંનું વાતાવરણ નિહાળું. ત્યાં તો સામેથી વિવિધવર્ણી વસ્ત્રોમાં સજ્જ થયેલું એક સન્નારી મંડળ ગોરસના માટલા સહ સામું મળ્યું. આ કુળવંતીઓના ગીતોની વાનગી લેવા જેવી છે! એમના મુખમાં કેમ શોભતી હશે તે હજી પણ નથી સમજાતું! (૧)...ઉંચી નીચી...પાળે કયાં વસારે, બાંધ્યા છે ગધેડા ચાર...(૨) એક બ્હેરી ને બીજી બોબડી, ત્રીજીનો તૂટયો કાન, ચોથી મુસલમાન (૩) હરિકેશી કહું છું ને લાજી મરું છું (૪) તું તો એક જણીને બીજી જણજે રે, તું તો ત્રીજીની ત્રેવડ કરજે રે (૫) ...એના ઘરમાં..મડદાં મ્હાલે.. પેલી...બિચારીનું કાંઇ ન ચાલે. આવું તો કંઇ કંઇ સાંભળતાં કાનના કીડા ખરે! પણ એ સામે પાઘડીવાળા ગૃહસ્થો એક હરફ પણ ન ઉચ્ચારે, જાણે પત્થરના પુતળા! કેટલાક જુવાનો પણ નીચી મુંડીએ સાંભળ્યે જાય! આ તે કેવી સંસ્કૃતિ? એને તે ગીતો કહેવા કે વ્હેવાઇને ગમે તે પ્રકારે ભાંડવાનો ચટકો માનવો! વીશમી સદીમાં આવું તો બોલતાં હલકી મનાતી કોમો પણ લાજે છે. અફસોસ છે કે શ્રી વીરના સંતાનોનો દાવો કરનારને, વાણીનો સંયમ જાળવવાની લાંબી ચોડી વાતો હાંકનારને ઘેર લગ્ન જેવા શુભ ટાણે, આ હજુ પણ ચાલ્યું જાય છે. કેમ જાણે સુંદર ગીતોનો દુકાળ ન પડયો હોય?

...બ્હેન! જરા પાણી પાવને! મને ઘણી તૃષા લાગી છે! અરે! અરે! તારા જેવી ઢેડડીને પાણી પાવા સારૂ હું દાદરા ઉતરી નીચે આવું? ખડકીમાં ઘણા ઘર છે ફરી જરા જોજે. મારે મંદિરે જતાં મોડું થાય છે! નિરાશ વદને ઢેડડી બીજા ઘર તરફ વળી, કમા કાકા! જરા પાણી તો પીવડાવો.

इयमत्र, आचारणायाश्च लक्षणमिदं कल्पभाष्ये उपदेशपदे च यथा –असढेण समाइन्नं, जं कत्थइ केणइ असावज्जं। न निवारियमन्नेहिं बहुमणुमयमेयमायरियं ॥१॥ आचरणा च जिनाज्ञा समानैव –यदुक्तं भाष्यादौ–असढाइन्न णवज्जं गीअत्थ अवारियंति मज्झत्था। आयरणाविहु आणत्ति, वयणाओ सुबहुमन्नंति ॥२॥ इति ध्येयम् ॥ १ ॥ સેનપ્રશ્ન ઉલ્લાસ, ૩. પૃષ્ઠ ૪૪.

–ચાલુ.

**વઢવાણમાં ગુમ કરેલો કાન્તિ.**

**મૂળ લીંબડીના અને હાલ અમદાવાદ રહેતા સકરચંદ હરજીવનદાસનો છોકરો નામે કાન્તિલાલ ઉમર વર્ષ ૧૫ ના આશરેનો, વઢવાણથી સાધુના કાવાદાવાનો ભોગ થઇ પડયો છે. અર્થાત્ વઢવાણવાળો ભીખાલાલ નામનો એક માણસ તે છોકરાને ઉપાડી મુંબઇ લઇ ગયેલ છે. એવા સમાચાર મળ્યા છે.**

ત્યાં તો કમા કાકા તડુકી ઉઠયા મેર રાં...! તને રોજની ટેવ પડી. એક બે વાર પાણું ભરને! વાસણ કયાં છે? કાકા! વાસણ લાવી છું. જરા પાવ તો સારૂં! ડોસાના હૃદયમાં રામ ઉતર્યા! અલ્યા મણીઆ! જા પેલીને ડોલમાંથી પાણી આપ. જોજે ઉંચેથી રેડજે. મણીઓ ગાંધી યુગમાં ઉછર્યો હતો. શ્રી વીરના પ્રભુભાવ સૂચક વચનો હજી તેને કાને નહોતાં પડયાં, પણ **'અંત્યજનો તિરસ્કાર ન કરો.'** એ મહાત્માજીનું વાકય ઘણીએ વાર તેણે સાંભળ્યું હતું. એઠું જુઠું ન આપતાં ચોકખું અન્ન–પાન આપવું એ વાત તેના ગળે ઉતરી ગઇ હતી. તરત જ એ ઉઠયો ને ગાગરડીમાંથી ઠંડુ પાણી આપી પેલી ઢેડડીને સંતોષ આપ્યો. પણ કમા કાકાથી એ સહન થાય! શું ગાગરડીનું પાણી આ ઢેડી માટે હતું? એમ તે પોકારી ઉઠયા. બે ત્રણ સરસ્વતી (!) પણ સંભળાવી દીધી. મણીઆએ એક જ જવાબ દીધો:–દાદાજી! આપણા જેમ એ માણસ નથી શું?

......જ્યાં ડોસાજીના રામને ઉપાડી ઘર બહાર કાઢયું કે બૈરાંઓ રોવા લાગ્યાં. મોટા દીકરાની વહુ તો ગુલાંટ ખાઇને છાતી માથા કૂટવા મંડી અને નાના દીકરાની વહુએ તો કૂટી કૂટીને છાતી લાલચોળ બનાવી દીધી. અજાણ્યો તો એ ધારી કે આ બધા કૂટનારા જૈન હોઇ આત્માની અમરતામાં સારી શ્રદ્ધા ધરાવતાં હતાં. છતાં ધ્વંસ થવાનો–નાશ પામવાનો પુદ્ગલનો સ્વભાવ છે એટલી વાત તેમના ગળે ઉતરી જણાતી નહિ. સંખ્યાબંધ વ્યાખ્યાનોમાં હાજરી આપ્યા છતાં અને પુનઃ પુનઃ સંસાર અસાર છે એવા વૈરાગ્યના વચનો સુણ્યાં છતાં આજે આવું મોહનાટક ભજવાતું હતું! શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીનું એક જ વાકય યાદ રાખી લે કે–**'રોનારાની ગતિ એહવી'** તો કેવું સારૂં! બિચારીએ તો વૈરાગ્યનો ઉપદેશ આવા સમયે જ યાદ કરવાનો છે, હાયવોય કરવાથી કે પેગન નાકે છેડા વાળવાથી વા રાજીઆ ગાવાથી જેનું મૃત્યુ થયું છે તે પાછો સજીવન તો થનાર જ નથી. તો પછી લોક દેખાવનું શું પ્રયોજન? નજીકના સગાને કે અંતરના માણસને લાગી આવે, પણ એણે હૃદય એકાંતમાં ખાલી કરવું ઘટે, પણ **'ખોટું ગાવું ને જુઠું રોવું'** એજ જેમનો સ્વભાવ થઇ પડયો છે. એવી વામાઓને આ વાત કયે ત્યારે ને! લોકની વાત પરથી જાણ્યું કે ડોસાને છેવટના ખવડાવવા માટે તો રોજ કજીઆ થતા અને આખરે વારા બંધાયેલા! એના ગળે ધાન શાંતિથી ઉતરતું હશે કે કેમ એ પણ શંકાનો વિષય છે. છતાં એના મૃત દેહ પર આજે શોકના આંસુ સારવામાં કોઇ વહુ કચાશ નહોતી રાખતી!

—ચાલુ.

# શેઠ કસ્તુરભાઇ લાલભાઇને વિનંતિ.

## જૈનોના સમાધાન માટે સક્રિય ભાગ લેવાની આવશ્યકતા.

શ્રીમાન્ શેઠ કસ્તુરભાઇ લાલભાઇની સેવામાં,

જૈન સમાજમાં ૭ સાત વરસથી કુસંપ વ્યાપી રહ્યો છે. દિન પ્રતિદિન ઉગ્રસ્વરૂપ પકડતો જાય છે. તેની પરિસ્થિતિથી આપ વાકેફગાર છો. આપ તટસ્થ ભાવ સેવી રહ્યા છો એવી મારી માન્યતા છે. સમગ્ર જૈનોમાં આપ પ્રતિષ્ઠિત ગૃહસ્થને શોભે તેવું ઉચ્ચપદ ધરાવો છો, જૈનેતર તેમજ સરકાર અને વેપારી મંડળમાં આપની સારી પ્રતિષ્ઠા છે. સમગ્ર હિન્દુસ્થાનનું પ્રતિનિધિત્વ ધરાવતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના આપ પ્રમુખ છો. સામાન્ય રીતે આચાર્યો અને સાધુઓના પરિચયમાં છો. સમદૃષ્ટિથી જોનારાઓ છો. સાધુસંસ્થા અને જૈનસમાજના કેન્દ્રસ્થાનરૂપ ગણાતા અમદાવાદમાં આપનું નિવાસ સ્થાન છે. આ બધી આપની લાયકાતથી આકર્ષાઇ જૈનોનું સમાધાન કરવા આપને આ વિનંતિ પત્ર લખવા પ્રેરાયો છું. તસ્દી લઇ તે વાંચી લક્ષમાં લેવા કૃપા કરશો.

એ તો કુદરતનો નિયમ છે કે 'ગુમડું પાકયા વિના ફાટતું નથી.' તે ન્યાયે જણાવું છું કે હાલની અયોગ્ય પ્રવૃત્તિથી જૈનસંઘમાં ઠામ ઠામ કલેશ ફેલાઇ રહ્યો છે તે દૂર કરવા પ્રયત્ન કરવા આપને જાહેરમાં કોઇએ વિનંતિ કરી હોય એવું મારા જાણવામાં નથી. હવે મારી માન્યતા કેટલેક અંશે એવી થઇ છે કે આ કલેશની પરિપકવસ્થિતિ થવા આવી હોય એવો ભાસ થાય છે. પંન્યાસ શ્રી રામવિજયજીની અને શ્રી હીરાચંદભાઇ કોઠારીની સહીથી સમાધાની માટે વડવાણ શહેરથી ગયા માસ ઉપર જાહેર છપેલી પત્રિકાઓ બહાર પડી છે તેમજ આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીએ સાદરીથી તા૦ ૨૭-૧૦-૩૨ ના જૈન પત્રમાં પોતાની સહીથી અતિ નમ્રતા અને ઉદારતા ભરેલું આત્મનિવેદન બહાર પાડી પોતાનો કેસ આચાર્ય શ્રી વિજયનેમિસૂરિજી, આચાર્ય શ્રી વિજયનીતિસૂરિજી, પ્રવર્તક શ્રી, કાંતિવિજયજી અને શ્રી હંસવિજયજી આગળ સાદર કરી તેનો નિર્ણય આપવા ખુલ્લા દિલથી જણાવ્યું છે.

અત્રલી દશાએ પહોંચેલી પરિસ્થિતિ જાહેરમાં આવી છે તે આપના લક્ષ બહાર નહિ હોય. તો આપને આગ્રહભરી વિનંતિ છે કે આટલેથી તે વાત અટકવી જોઇએ નહિ. તેને હવે સંપૂર્ણ પરિપકવતાની દશાએ પહોંચાડી કલેશના ગુમડાને ફોડી નાખી શાંતિ કરવી જોઇએ. આ માટે કોઇ સારા વૈદ્ય, હકીમ કે ડોકટરની દરમ્યાનગીરીની જરૂર હોવાથી મારી નજર આપના ઉપર ઠરી છે. તે કામ આપે ઉપાડી લેવું જોઇએ. અલબત આપના ધંધાના વ્યવસાયને લીધે આપ તે માટે પૂરતા વખતનો ભોગ ન કરી શકો એ શકય છે. પરંતુ સમાધાનીના પ્રશંસનીય કામનું મહત્વ ધ્યાનમાં લઇ જૈન કોમ અને સાધુ સંસ્થાના હિતની ખાતર જરૂર વખતનો ભોગ આપશો. બંને પક્ષ તરફથી આટલી હીલચાલ થઇ છે તો આપ તે આચાર્યો સાથે પત્રવ્યવહાર ચલાવી કે તેમને રૂબરૂમાં મળી કલેશનું ગુમડું કેમ જલદી ફાટે તે પ્રમાણે સક્રિય ભાગ લેવા મહેરબાની કરશો. આપને યોગ્ય લાગે તેવા સમભાવથી કામ કરી શકે તેવા લાયક ગૃહસ્થો આપની સાથે જોડો. જોડીને ઝાંઝટ તે દિશામાં આપ પ્રયત્ન કરો.

ઝઘડામાં આપણું બળ વેડફાઇ જાય છે, આપણા શ્વેતાંબરી-દીગંબરીના ઝઘડા સુઝતા જ નથી. તેમાં વળી શ્વેતાંબરીમાં આમ બે પક્ષો પડવાથી શ્વેતાંબરીઓ પરસ્પર લડી રહ્યા છે. શ્વેતાંબરીઓ આવા નજીવા ઝઘડાને લીધે એક બળ ન કરી શકે તો ભવિષ્યમાં આપણી કેવી દશા થાય? જંગની લડાઇમાં બીજા ફાવી જાય છે. અને તેમાં આપણી લક્ષ્મી અને શક્તિનો ખોટો ભોગ અપાય છે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના આપ પ્રમુખ હોવાથી આ પરિસ્થિતિથી આપ વાકેફગાર છો. એટલે તે સંબંધી વિશેષ લખવા માગતો નથી. સમગ્ર બાર લાખ જૈનોને એકત્ર કરવાની સ્તુત્ય વાત તો વેગળી રહી, પણ ૭ લાખ શ્વેતામ્બરી એકઠા મળી એક બીજા સાથે મિત્રાચારી ભરી રીતે રહી સામાજિક અને ધાર્મિક કામ કરી શકે એટલું આપ કરી આપો તો તે આપનો ઉપકાર થોડો ન ગણાય. શ્વેતાંબરી એક થશું તો પછી દીગંબરી ભાઇઓની સાથે મળી તમામ ચાલતા ઝઘડાઓને તિલાંજલિ આપવા શક્તિમાન થઇશું. માટે ફરી આપને સવિનય પણ આગ્રહભરી વિનંતિ છે કે આવી સમાધાન માટે આવેલી સોનેરી તકનો લાભ લઇ આચાર્યો સાથે પત્ર વ્યવહાર ચલાવી કે રૂબરૂમાં મળી કલેશના ગુમડાને ફાડી નાખી હમેશને માટે શાન્તિ ફેલાવી જૈન સમાજ રૂપી શરીરને આરોગ્ય બક્ષી આભારી કરશો. આટલી તસ્દી આપી છે માટે માફ કરશો.

મહાસુખભાઇ ચુનીલાલ શેઠ.

# ધર્મઘેલાઓ ! ચેતો !

આજ આપણે સમાજ અવનતિની પરાકાષ્ઠાએ પહોંચ્યા છે, રૂઢિઘેલાઓ. અત્યારના સમયથી એક ડગલું પણ આગળ વધવા માગતા નથી. સમાજમાં જ્યાંને ત્યાં અંધશ્રદ્ધાના પૂરમાં ઘસડાતા અંધ ભક્તો દૃષ્ટિગોચર થાય છે. અને આવી સ્થિતિમાંથી સમાજ પસાર થાય છે ત્યારે 'ખરી વસ્તુસ્થિતિનું ભાન કરાવનારને શાસનમાં 'અંગારા' કે એવા બીજા કેટલાક શબ્દોથી સંબોધવામાં આવે છે. તટસ્થ બુદ્ધિવાળાને સહેજે સમજવા સિવાય ન રહે કે આ શબ્દોમાં કેટલું હળાહળ વિષ ભરેલું છે. અંતરમાં ભરી રાખેલી ઝેરની કોથળીઓ લખાણ દ્વારાએ એક પછી એક ઠલવતા જાય છે. શ્રીમાન્ વલ્લભવિજયજી જેવા ધર્મધુરંધર આચાર્યને ફાવે તેમ વગોવવાનું બાકી રાખ્યું નથી તો બીજા ગૃહસ્થોની યા સાધુઓની તો વાત જ ક્યાં કરવી? જ્યારે વિસનગરવાળા શેઠ મહાસુખભાઇએ 'અમૃત સરિતા' નામનું પુસ્તક રચી દીક્ષાનું ખરું સ્વરૂપ જણાવ્યું ત્યારે ધર્મઘેલાઓએ વાક્પ્રહારો યા ગાળી પ્રદાનનો વરસાદ વરસાવ્યો. પરંતુ તેઓને ક્યાં ખબર છે કે વાપરેલા શબ્દો જનતા કેટલા પ્રમાણમાં માન્ય રાખી શકે? જનતા તો સારી રીતે સમજી ચૂકી છે કે 'દુઃખે છે પેટ અને કુટે છે માથું' આજે પ્રતિહાસનાં પાનેપાનાં તપાસો, કોણ ફાવ્યું છે? છેવટે અસત્ય ખસડી જ પડે છે, અને સત્ય વસ્તુ આરંભે ન માને પણ છેવટે તો તે વસ્તુ સર્વ પૂજતી થઇ દરેક માનતા થાય છે, બીજાને ખોટી સ્વાર્થવૃત્તિથી ધિક્કારતાં પોતે જ જાતે ધિક્કારાય છે. આ ભૂલવાની જરૂર નથી. હજી પણ એ દુરાગ્રહ છોડી દઇ સત્ય વસ્તુને ઓળખે, ઓળખી અમલ કરે અને આખું ઝેરી વાતાવરણ ફેલાવતાં પહેલાં સમાજની પરિસ્થિતિનો વિચાર કરે તેમાં જ પોતાનું ગૌરવ સમાયેલું છે. —મી૦ મોતીલાલ પેથાપુરી.

# જૈન મંદિરોમાં શ્રાવકોદ્વારા-પૂજાતા શિવલિંગો.

## શ્રાવકોએ હવે સાવધાન રહેવાની અગત્ય.

મુનિરાજશ્રી જયન્તવિજયજી મહારાજ.

– ગતાંકથી ચાલુ –

મૂળ ગભારાની જગ્યાએ તથા આસપાસમાં હજુ સુધી ઘણા પત્થરો પડ્યા છે. એટલે આ મંદિરમાંના જ જરૂર પૂરતા પત્થરો ઉપરના મંદિરમાં લઇ જઇને લગાવ્યા હોવા જોઇએ.

વિ. સં. ૧૯૨૨ થી આ મંદિરનો ખર્ચ મડાર, પોશાવાડા વગેરે નજીકના પાંચ ગામો તરફથી પૂરો પાડવાની વ્યવસ્થા થઇ છે. દેખરેખ મડારના સંઘની હોઇ મડાર સંઘની આજ્ઞામાંથી સાથસેણ જાગીરદારના કામદાર મડારવાળા શા. લુંબાજી રાખે છે. એક–બે વર્ષ પહેલાં આ મંદિરની જરૂર પૂરતી મરામત થઇ છે. પરંતુ મંદિરના શિખર પર કલશ અને ધ્વજાદંડ નથી તે કરાવવા માટે મડાર આદિ પાંચે ગામના શ્રાવકોએ જલ્દીથી ધ્યાનમાં લેવાની આવશ્યકતા છે.

આ મંદિરમાં મૂળનાયકજી સહિત કુલ ચાર જિનબિંબ છે, અને તેની સાથે ગૂઢ મંડપમાંથી મૂળગભારામાં જવાના મુખ્ય દરવાજાની પાસે જ એક થાળામાં મહાદેવજીનું લિંગ છે તેની જૈન મંદિરનો જ પૂજારી, જૈન મંદિરના જ કેશર–ધૂપ–દીપ વિગેરેથી પૂજા કરે છે.

શ્રાવકોના ઘર વિનાના નધણીયાતા મંદિરમાં પૂજારીએ અથવા ગામના કોઇકે આ શિવલિંગ આ મંદિરમાં સત્તા બળે ઘુસાડી દીધું હશે, અને તે પણ ખાસ મૂળગભારાના દરવાજા પાસે જ.

કામદાર લુંબાજી કહે છે કે–મરામત કરાવતી વખતે શિવલિંગને બહાર ભમતીમાં એક જગ્યાએ મૂકાવ્યું હતું. મરામતનું કામ પૂરું થઇ ગયા બાદ ન માલુમ કોણે અને ક્યારે તેને પાછું અંદર મૂળગભારા પાસે સ્થાપન કરી દીધું. વાહ! કલિયુગના કામદારો અને દેખરેખ રાખનારાઓની દેખરેખની પણ ખરેખર બલિહારી જ છે. અસ્તુ.

આમાં કામદાર એકલાનો શું દોષ કાઢવો? વર્ષોથી આસપાસના ગામોના શ્રાવકો અહિં દર્શન કરવા આવતાં એ વાતને જાણે છે. જુવે છે, અનુભવે છે. છતાં તેનો યુક્તિપૂર્વક સારી રીતે બંદોબસ્ત કરવાની કે કરાવવાની કોઇને દરકાર નથી. આમ બેદરકાર રહેવાથી કામ ચાલી શકે તેમ નથી. અત્યારે પરધર્મસહિષ્ણુતા રહી નથી. અત્યારે તો પોતપોતાના વાડા અને સત્તા વધારવા સૌ તત્પર છે. એક જરા છિદ્ર મળે કે ઝટ સ્વાર થઇ જઇ પોતાના હકનો દાવો માંડી અરધો અરધ ભાગ વહેંચવા કે આખુંને આખું સ્વાહા કરવા લોકો તૈયાર છે. શત્રુંજય અને આબુ વિગેરેના આવા કેસો હજુ આપણી દૃષ્ટિ સામે જ છે. માટે એ તરફ વિચરતા પૂજ્ય મુનિવરો તેમજ મડાર આદિ પાંચે ગામોના પંચો અને આગેવાનો આ બાબત પર પૂરતું લક્ષ આપી પોશાવાડા તહેસીલદારની અથવા પાલણપુર રાજ્યના મોટા હોદ્દેદાર ઓફીસરો પાસેથી કાયદેસર મદદ મેળવી સલાહ શાંતિથી યુક્તિપૂર્વક આ બાબતનો સુયોગ્ય બંદોબસ્ત કરશે કે જેથી પાછળથી પશ્ચાત્તાપ કરવાનો સમય ન આવે.

પહેલાં મડાર વિગેરે આસપાસના ગામોનાં શ્રાવકો વાર તહેવારે તથા પુનમો મુકાવવા માટે નિયમિત રીતે અહિં જ આવતાં, પણ થોડા વર્ષો ઉપર મડારના લગભગ સો બસો શ્રાવક–શ્રાવિકા અહિંના દર્શન કરી સાંજે પાછા મડાર જતાં ભિન્ન રાજ્ય હોવાથી અને ખાસ અંગતદ્વેષ–છળ્યાંના કારણે બારે લુંટફાટ થઇ. એક બે–શ્રાવકોનાં ખુન પણ થઇ ગયાં. ત્યારથી મડારના શ્રાવકોએ સાથસેણ જવું બંધ કર્યું. એટલે મંદિરની આવક ઘટી અને દેખરેખમાં પણ વધારે ખામી પડવા લાગી છે. તેથી હવે પોશાવાડા વિગેરે ચાર ગામોના શ્રાવકો ઉપર આ મંદિરની જવાબદારી વિશેષે કરીને આવી પડેલી ગણાય. પરંતુ તે નાના ગામોના શ્રાવકો આ બાબતનો નિકાલ જલ્દી ન લાવી શકે માટે પાલણપુર અને પાલણપુર રાજ્યમાં વસતા આગેવાન શ્રાવકોએ આ બાબત ઉપર ધ્યાન આપી આનો સંતોષકારક રીતે નિકાલ જલ્દીથી લાવવાની જરૂર છે.

(૨) આબુ ઉપર દેલવાડામાં શ્રી લુણવસહી મંદિરની પછવાડે જરા ઉંચાણમાં ચાર દેરીઓ છે. તેમાંની પહેલી શ્રી અંબિકા દેવીની મૂર્તિવાળી દેરીમાં એક નાનકડા થાળામાં નાનું શિવલિંગ અને પેડીઓ વિગેરે રાખેલ છે. અહિંના બ્રાહ્મણ પૂજારીઓએ પોતાના ઇષ્ટ દેવના દર્શન પૂજા માટે આ શિવલિંગ અહીં રાખેલ હશે એમ લાગે છે.

(૩) પીંડવાડા સ્ટેશનથી પશ્ચિમ દિશામાં ચાર માઇલ દૂર શ્રી બામણવાડજી નામનું જૈન તીર્થ આવેલું છે. અહિં શ્રી મહાવીરસ્વામિજીનું પ્રાચીન જૈન મંદિર છે. આ મંદિરની ભમતીની દેરીઓની વચ્ચે ડાબા હાથ તરફના ગભારામાં બહારના મંડપમાં જિનમૂર્તિઓની સાથે જ એક નાના થાળામાં નાનાં મોટાં સોપારી જેવડાં ત્રણ શિવલિંગો સ્થાપન કરેલાં છે. અહિં અને દેલવાડામાં જૈન મંદિરોમાંના શિવલિંગો વિગેરેની પૂજા જૈન મંદિરના જ પૂજારીઓ જૈન મંદિરના જ પૂજાપાથી કરે છે અને શ્રાવકો એમને એમ ચલાવ્યે જાય છે. શ્રી બામણવાડા અને દેલવાડાના જૈન મંદિરોનો વહીવટ હાલ સિરોહીના પંચોના હાથમાં છે. પરંતુ આ વાત સિરોહીના પંચોના હાથમાં વહીવટ આવ્યા પહેલાં બની ગએલી હોવી જોઇએ. સિરોહીના હાથમાં વહીવટ આવ્યા પછી આમ બનવાની સંભાવના ઓછી થઇ શકે.

–ચાલુ.

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3 and Published by hivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay. 3.

શુષ્ક ક્રિયાકાંડો.

Reg. No. B. 2917
Tele. Add. 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| છુટક નકલ ૧ આનો | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વર્ષ ૨ જું, અંક ૩ જો. |
| વાર્ષિક રૂ. ૨-૮-૦ | તંત્રીઃ-ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | શનીવાર તા. ૧૨-૧૧-૧૯૩૨. |

## યુવકોને સંદેશ.

—" મજમુદાર. "

ભવિષ્યના ત્હમે મહાન્ પુરૂષ છો આપણી પડેલી અને ઘવાયેલી પ્રજાના ઘા ત્હમે જ રૂઝાવી શકશો. પરંતુ તે એક જ શરતે; અને તે એ કે તમારે હિંદના આદર્શને વફાદાર રહેવું.

જગતના ઇતિહાસમાં અદ્વિતીય એવો આદર્શ હિંદનો છે. એનું પહેલું પગથીયું સાદાઈ છે, પ્રાચીનકાળમાં જ્યારે ગ્રીસે સૌંદર્યને વખાણ્યું અને પૂજ્યું ત્યારે પણ હિંદે સાદાઇને જ અપનાવી. સાદા થવું એટલે જ સુંદર થવું.

આજે જર્મનીમાં યુવાનોની ચળવળ ચાલી રહી છે. તેમાં મજુર વર્ગના અને શાળા તેમજ મહાશાળાના વિદ્યાર્થીઓ પણ છે. તેઓ કુદરતી રીતે સામાજીક સુધારો કરવાની તરફેણમાં છે. અને તેઓ સાદું જીવન ગાળવા ઇચ્છે છે. મ્હેલના વસનારાઓ અને મોટરમાં ફરનારા ધનવાનોના યુવાન પુત્રો પણ આ ચળવળમાં જોડાઇ ઉઘાડે માથે અને ઉઘાડે પગે રખડે છે, તેઓ મોજ, શોખ અને વિલાસને ધિક્કારે છે, સ્વચ્છ અને ખુલ્લી હવાવાળા ભાગોમાં તેઓ રહે છે.

આ યુવાનોની ટુકડીઓ રવિવાર અગર રજાઓના દિવસોમાં ગામડે ગામડે ઘુમે છે. ગામડાની ભોળી અને નિર્મળ પ્રજા સાથે એકતાર થાય છે. તેમનું લોક સાહિત્ય એકઠું કરે છે. ત્હેમની સાથે મજુરી કરી કુદરતનો અનેરો આનંદ ભોગવે છે.

આ વીર યુવાનો બીડી, દારૂ અને એવા વ્યસનોથી સાવ મુકત છે. કડક ગળાં છોલી નાંખે એવા કોલરો અને છટકેલ જેવાં લટીયાં રાખનારને તેઓ અંતઃકરણથી ધિક્કારે છે, તેઓ લોકસાહિત્ય અને લોકગીતોને રાષ્ટ્રનો ખજાનો સમજે છે. તેઓ સ્વાતંત્ર્ય અને પરાક્રમના પરમ ઉપાસકો છે અને ત્હેમના હૃદયના ઉંડાણમાં ગ્રામ્યજીવનના ધબકારા સર્વદા સંભળાય છે. આ યુવાનો એ નવા જર્મનીના ઘડનાર છે—ભાગ્યવિધાતા છે.

જો હિંદના નવયુવકો આ સાદાઇનો મંત્ર ગ્રહણ કરે તો હિંદ માતાની આશા પૂરી કરી શકાય.

અને તે સાદા જીવનનો મૂળ પાયો તે 'બ્રહ્મચર્ય' છે. વેદકાળના યુવાન વિદ્યાર્થીઓ બ્રહ્મચર્ય પાળતા અને એજ ત્હેમનો ઉંચ આદર્શ મનાતો. આજના હિન્દુ યુવાનો બ્રહ્મચર્ય જેવો શબ્દ પણ ભૂલી ગયા છે. આજે તો વસ્ત્ર, ભોજન અને જીંદગીના પ્રત્યેક કર્તવ્યમાં વિલાસ, ભોગ અને લંપટતા ખદબદી રહી છે.

ઓ ભારત નવયુવાનો ! હું તમને એ બ્રહ્મચર્યની સંજીવની શક્તિની સેવના કરવાની હાકલ કરૂં છું. ત્હમારા દેહ અને આત્માને પોષનાર, ત્હમારા નીતિ અને ચારિત્ર્યને ઘડનાર એ બ્રહ્મચર્ય બ્રહ્માસ્ત્ર છે

नायमात्मा बलहीनेन लभ्यः—

—બલહીન દેહમાં ઉન્નત આત્મા નથી વસી શકતો.

આજે તો હિંદને વીર્યશાળીને મર્દ યુવાનોની આવશ્યકતા છે. બ્રહ્મચર્યના અટૂટ પાયા ઉપર આપણે આપણા દેશની પુનર્ઘટના કરી શકશું. કોઇ સૌંદર્યને ભજે છે. કોઇ લક્ષ્મીનું સેવન કરે છે, કેટલાયે જીવન ધ્યેય વિહોણાં સંસારમાં આથડે છે. પરંતુ ભારતના ઓ ભાવિ ભાગ્ય વિધાતાઓ ! સમાજની સુધારણાર્થે હિંદને પહાડ જેવા અચળ અને સમર્થ નવયુવકોની જ જરૂર છે.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૧૨-૧૧-૩૨.


## શુષ્ક ક્રિયાકાંડો.

કોઇ પણ ક્રિયા સમજણ પૂર્વક થતી હોય તો તે ક્રિયા જરૂર ફળદાયી નિવડે છે. પરંતુ સમજણ વગરની ક્રિયા કદિ ફળીભૂત થતી નથી. આપણે અનેકવાર પોષધ અને પ્રતિક્રમણ કર્યાં, પૂજા અને પ્રભાવનાઓ કરી, શાસ્ત્રો અને વ્યાખ્યાતાઓના બહુ માન કર્યાં, સંઘો અને સ્વામીવાત્સલ્યો કર્યાં, તીર્થયાત્રા અને ગુરૂપૂજન કર્યાં છતાં હજુ જ્યાંના ત્યાં જ છીએ ત્હેનું શું કારણ?

આપણે કેવળ રૂઢીમાં જ ધર્મ માની લીધો છે, ચતુર્દશી આવે એટલે પ્રતિક્રમણ કરવું જ જોઇએ. શ્રાવક થયા એટલે પૂજા તો થવી જ જોઇએ, પણ એ પ્રતિક્રમણને પૂજા વગેરે કરવાવાળાને અમે પૂછીએ છીએ કે પ્રતિક્રમણ એટલે શું? પૂજા એટલે શું? તો કેવળ ઉપલકિયા અર્થ સિવાય કશોય ઉત્તર નહિ મળે, આવા પ્રતિક્રમણ અને પૂજાથી કશું કલ્યાણ થવાનું નથી. આથી કોઇ એમ ન સમજે કે અમે પૂજા કે પ્રતિક્રમણ વગેરેમાં માનતા નથી, પરંતુ અમારૂં કહેવું અને માનવું એવું છે કે પ્રતિક્રમણ ભલે કરો. પણ એ પ્રતિક્રમણની પાછળનો ઉદ્દેશ સમજો. 'પાપથી પાછા હઠવું' ત્હેનું નામ પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણ કરતાં જે કોઇ જીવને આખા દિવસ દરમ્યાન દુઃખ ઉત્પન્ન કર્યું હોય, અઢાર પાપસ્થાનક સેવ્યાં હોય, તો ત્હેની માફી માગવામાં આવે છે. જો આવી માફી ખરા દીલથી માગવામાં આવતી હોય તો જે સ્થિતિ આજે આપણી છે તે નહોત. પણ આ માફી ખરા દીલથી માગવામાં આવતી નથી. કેવળ માફી માગવાની એક રૂઢી પડી ગઇ છે. ખરી માફી તો ભૂલની જ હોય. એક વખત અણસમજથી કોઇપણ કાર્ય થયું હોય તો તે બદલ ક્ષમા માગવી એ પ્રાયશ્ચિત છે, અને એ પ્રાયશ્ચિત્ત તો ત્યારે જ ખરૂં કહેવાય કે જે ભૂલ માટે આપણે ક્ષમા માગીએ છીએ તે ભૂલ ફરીથી ન થવા પામે. નહિ તો પછી કુંભારના ઘડામાં કાંકરી મારી પછી કહેવું કે 'મિચ્છા મિ દુક્કડં' એનો કશો અર્થ નથી. આજે આપણાથી જે કુકર્મો થયા હોય તેની પ્રતિક્રમણદ્વારા શુદ્ધિ કરી બીજે દિવસે એ કુકર્મો આપણાથી ન થવાં જોઇએ. ત્હેનું નામ સાચું પ્રતિક્રમણ છે. બાકી પ્રતિક્રમણ કરતાં જીંદગી પૂરી થાય તો પણ કદિ કલ્યાણ થાય તેમ અમે માનતા નથી.

પૂજામાં પણ એમ જ છે, પૂજા કરવી એ એક જાતની રૂઢી પડી ગઈ છે. પણ પૂજા શા માટે અને કેવી રીતે કરવી જોઇએ એ બાબત થણા ઓછા માણસો જાણતા હશે. પૂજા એ આત્મશુદ્ધિ માટે કરવામાં આવે છે. જો પૂજાથી આત્મશુદ્ધિ ન થાય એ પૂજાનો કશો અર્થ નથી. પૂજા ત્રણ પ્રકારથી થાય છે. નામ સ્મરણ, દર્શન અને સ્પર્શન. આપણે પ્રભુનું નામ સ્મરણ કરીએ એ પણ પૂજા છે. કોઈ જુવાન છોકરો પરદેશ ચાલ્યો ગયો હોય અને બાર-બાર વરસ સુધી ત્હેનો કશો પત્તો ન હોય, તે છોકરાનું અસ્તિત્વ ત્હેના માબાપના સ્મૃતિપટમાંથી ભૂંસાઇ ગયું હોય અને પછી એ છોકરાનો કાગળ આવે અને નામ સાંભળીને જ ત્હેના માબાપના સ્મૃતિપટમાં છોકરાની પ્રતિકૃતિ ખડી થાય છે. ત્હેમ પ્રભુનું નામ સ્મરણ કરતાં જ આપણા હૃદયમાં પ્રભુની પ્રતિકૃતિ ખડી થવી જોઇએ. ત્યાર પછી એ કાગળ વાંચવામાં આવે છે, છોકરો લખે છે કે-'હું અમુક દિવસે, અમુક ટ્રેનમાં આપની તરફ આવું છું' એ દિવસની ત્હેના માબાપ આતુર હૃદયે રાહ જુવે છે. એ દિવસ આવે છે, તેઓ સ્ટેશને જઇ ગાડીની રાહ જુએ છે, છોકરો પણ મનમાં પોતાના માબાપને જોવા ગાડીની બાહાર ડોકીઉં કાઢી ઉભો છે. ગાડી સ્ટેશને આવે છે અને એક બીજાની દૃષ્ટિ મળે છે. તે વખતે જે આનંદ આવે છે તેનાથી અધિક આનંદ પ્રભુના દર્શન કરતાં આપણને થવો જોઇએ. ત્યાર પછી ગાડી ઉભી રહે છે, છોકરો ગાડીથી નીચે ઉતરી પોતાના માબાપને ભેટે છે તે વખતનો જે મીલન આનંદ છે તેથી અનેક ગણો આનંદ આપણે પ્રભુની પૂજા કરતાં થવો જોઇએ. તોજ એ પ્રભુપૂજા ફળવતી છે, બાકી 'લે દેવ ચોખા અને દેહ મારો છેડો' એમાં કશો લાભ નથી. આપણી દરેક ક્રિયાની પાછળ શુભ ઉદ્દેશ સમાયેલ છે, પરંતુ આજના વાતાવરણમાં આ શુભ ઉદ્દેશો તદ્દન ભૂલાઈ ગયા છે, કેવળ શુષ્ક ક્રિયા જ આપણે કરી રહ્યા છીએ. એ ખૂબ ખ્યાલમાં રહે કે શૂન્ય ચિત્તથી જે ક્રિયા કરવામાં આવે છે તે લાભને બદલે હાનિ વધારે કરે છે, એક છોકરો ગુન્હામાં આવ્યો હોય અને આપણે રોજ ત્હેને મારીએ તો એ છોકરો ધીટ્ટો બની જાય છે. ત્હેને કશો ભય રહેતો નથી, કારણ કે એ જાણે છે કે બહુ તો મને બે ચાર લપાટો પડશે પણ જો તેને સમજાવવામાં આવે. અને કોકજ દિવસ જો એકાદ તમાચ પડી હોય તો પછી ત્હેને વિચાર રહેશે અને તે સુધરવાનો પ્રયત્ન કરશે. તેમ રોજ પૂજા અને પ્રતિક્રમણ કરવાવાળા એમ સમજે છે કે આપણે ભલે તેટલાં પાપ કરીએ પણ પૂજા અને પ્રતિક્રમણ કરીશું એટલે એ તમામ પાપ ધોવાઇ જશે. આવી માન્યતાથી એ પાપકર્મ કરતાં જરાયે ડરતો નથી. અને જે પ્રમાણે રોજ કરતો આવ્યો છે તે પ્રમાણે કર્યા કરે છે. પહેલાં છોકરાની જેમ એ પણ ધીટ્ટો બની જાય છે, પરંતુ દર ચતુર્દશીને દિવસે સમજણપૂર્વક જો પ્રતિક્રમણ કરવામાં આવે તો ત્હેનો આત્મા જરૂર શુદ્ધ થશે. એટલે વરસના બધુંયેને પાસઠ દહાડા શૂન્યચિત્તથી પ્રતિક્રમણ કરનાર કરતાં એક સંવત્સરીને દિવસે શુદ્ધ અંતઃકરણથી સમજણપૂર્વક પ્રતિક્રમણ કરનાર લાખ દરજ્જે ઉંચો છે, સામાયિકમાં પણ એમ જ છે. બે ઘડી સામાયિક કરીને આપણા આત્માને સમતાભાવમાં રાખવો જોઇએ. પરંતુ એ બાબત આજે કયાં છે? આપણે સામાયિક કરીને બેઠા હોઇએ અને આપણા ઘરમાં કુતરૂં કે બિલાડું પેસી જાય તો સામાયિક હોવા છતાં પણ ત્હેને કાઢવાનો પ્રયત્ન કરીશું. આવું સામાયિક એ સામાયિક નથી. સામાયિક એટલે જગતના તમામ સંકલ્પોને બે ઘડી તિલાંજલી આપી આત્માને ઓળખવો એ છે. આજે કેટલા માણસો સામાયિક કરી આત્માને ઓળખતા હશે?

# સ્વીકાર અને સમાલોચના.

**પ્રાકૃતભાષાની ઉપયોગિતા**—લે. પં. લાલચંદ ભગવાનદાસ. પ્રકાશક—શ્રી જૈન ધર્મપ્રસારક સભા. ભાવનગર.

શ્રી જૈન ધર્મપ્રસારક સભા તરફથી ચાલતી સંસ્કૃત પાઠશાળા તથા પં. શ્રી ગંભીરવિજયજી સં. પ્રા. પાઠશાળાના ઇનામી મેળાવડા પ્રસંગે તા૦ ૧૦-૭-૩૨ રવિવારે પં. લાલચંદે ઉપરોક્ત વિષય ઉપર ભાષણ આપ્યું હતું. તેને પુસ્તક આકારે બહાર પાડવામાં આવ્યું છે.

પં. લાલચંદ જૈન સમાજમાં એક બાહોશ વિદ્વાન્ ગણાય છે. તેમણે અનેક પુરાતન ગ્રંથોનું સંશોધન કર્યું છે. પ્રાકૃત ભાષાનો તેમનો અભ્યાસ અપૂર્વ છે, તેમણે આ પુસ્તકમાં 'પ્રાકૃતભાષા' એ આર્યાવર્તની દરેક ભાષાનું મૂળ છે એમ સિદ્ધ કર્યું છે. અને તેમ કરી પ્રાકૃતભાષાની ઉપયોગિતા સિધ્ધ કરી છે. તીર્થંકર દેવોએ પ્રાકૃતભાષા કેમ પસંદ કરી? સૂત્ર–સિધ્ધાંતો પ્રાકૃતમાં કેમ રચાયાં? વગેરેનો ખુલાસો આ પુસ્તકમાંથી મળી રહે છે. અમે ઇચ્છીએ છીએ કે આધુનિક વિદ્વાનો પ્રાકૃત ભાષાની ઉપયોગિતા સમજી પં. લાલચંદનો પ્રયાસ સફળ બનાવશે.

**જય સ્વદેશી**—સાપ્તાહિક, તંત્રી–રા. ભીમજી હરજીવન સુશીલ. મુ. રાણપુર, વાર્ષિક લવાજમ રૂ. ૫-૦-૦ છુટક નકલ રૂ. ૦-૧-૦ સૌરાષ્ટ્ર સ્વદેશી સંઘનું મુખપત્ર.

રા. ભીમજીભાઈ સુશીલથી જૈન સમાજ ભાગ્યે જ અપરિચિત હશે? તેમણે દેશ સેવામાં પોતાનું જીવન અર્પણ કર્યું છે. અને સ્વદેશી ભાવનાને પોષવાનો પોતાનો કાર્યપ્રદેશ માન્યો છે. જય સ્વદેશીના તંત્રીસ્થાનેથી તેઓ સ્વદેશની અમૂલ્ય સેવા બજાવી રહ્યા છે. અમે ઇચ્છીએ છીએ કે સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતના ગામડે ગામડે જય સ્વદેશીનો ઘોષ પહોંચે અને સૌરાષ્ટ્ર અને ગુજરાત સ્વદેશીમય બને.

**સમયધર્મ**—તંત્રી–કેશવલાલ જગન્નાથ પંચોળી, ઠે. મહાવીર ચારિત્ર રત્નાશ્રમ. સોનગઢ (કાઠીઆવાડ) વાર્ષિક લવાજમ રૂ. ૨-૮-૦ છુટક નકલ રૂ. ૦-૧-૦

અમે આ પાક્ષિકની સફળતા ઇચ્છીએ છીએ.

**શ્રી સિધ્ધચક્ર**—તંત્રી–શ્રી પાનાચંદ રૂપચંદ, પ્રકાશક–શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, મુંબઇ. વાર્ષિક લવાજમ રૂ. ૨-૦-૦

શ્રી સિધ્ધચક્ર માટે સમાજમાં દરેકને પૂજ્ય બુદ્ધિ છે. પણ એ પૂજ્ય બુદ્ધિનો દુરૂપયોગ કરવા જ્યારે ઇરાદાપૂર્વક શ્રી સિદ્ધચક્રના મથાળે ફોટા મૂકાય એ એક માફ ન કરી શકાય તેવો ગુન્હો છે. અંદરનું સાહિત્ય પણ શ્રી સિદ્ધચક્રથી તદ્દન વેગળું જાય છે. ઉપર સિદ્ધચક્રનો ફોટો મૂકી તેનાં રૂડાં નામ નીચે અંતરની વરાળો કાઢવામાં આવે છે. આવા પત્રકારોથી સમાજ ચેતે!

**મણિમાલા વા વલ્લભાદર્શ**—રચયિતા–શ્રી ધીરજમલજી ભગવત. પ્રકાશક–શ્રી શુભચિંતક જૈન સમાજ. સાદરી (મારવાડ)

ઉપરોક્ત ટ્રેક્ટ અમને મળ્યું છે. શ્રી વિજય વલ્લભસૂરિના ભક્તોને માટે આ ટ્રેક્ટ ઉપયોગી છે.

---

સમજણપૂર્વક જે પૂજા, પ્રતિક્રમણ કે સામાયિક થાય તેજ સાચી પૂજા, પ્રતિક્રમણ અને સામાયિક છે, બાકી તો સમયની નિરર્થક બરબાદી સિવાય કશો લાભ નથી.

# જૈન જગત્.

**રાધનપુરી મહાજનને**—કટ્ટર કોમીવાદી મૌલાના શૌકતઅલી જેવાઓ પણ જ્યારે હિન્દમાં એકતા સ્થાપવાની જરૂર જુએ છે અને તદનુસાર અલાહબાદમાં ઐક્ય પરિષદ ભરાય છે. ત્યારે આપણું રાધનપુર હિન્દમાં કયું સ્થાન ભોગવે છે એ ભાગ્યે જ જણાવવાનું હોય? આ પ્રશ્નનો અતિ વિશાળ દૃષ્ટિએ વિચાર કરીએ તો આપણે બાર માસ પૂર્વે કરેલી ભૂલનું આપણને ભાન થયા વગર નહિ રહે, દશાભાઇઓને આપણી જ્ઞાતિમાં નહિ ભેળવવાથી આપણો જ સમાજ છિન્નભિન્ન થયો છે એમાં કોઇ ના કહી શકે એમ છે? જેવી રીતે હિન્દુ સમાજપર અસ્પૃશ્યતાનું કલંક હતું તેમ દશાભાઇઓને આપણામાં નહિ ભેળવીએ તો તે પણ આપણા રાધનપુરી મહાજન ઉપર કલંક સમાન છે. આ કલંક દૂર કરવાની પ્રત્યેક રાધનપુરી બંધુની ફરજ છે. ખાસ કરીને મહાજનના ગૃહસ્થો તથા નગરશેઠ પનાલાલ અરિમર્દને આ કાર્ય ઉપાડી લેવું જોઇએ. પ્રથમ આપણે અમુક ભાઇઓની સૂચનાની અવગણના કરી ગુન્હેગારી કાઢયા હતા તે ભૂલ સુધારવાનો અવસર નજીક આવ્યો છે. તો તે થયેલ ભૂલને સુધારવી તે આપણું પરમ ભૂષણ છે.

**જૈન દવાખાનાનો લાભ લીધો**—શ્રી મુંબઇ જૈન દવાખાનાનો અક્ટોબર માસમાં ૭૦૮ પુરૂષ દરદીઓ, ૫૨૦ સ્ત્રી દરદીઓ, ૫૧૩ બાળક દરદીઓ મળી કુલે ૧૭૪૧ દરદીઓએ લાભ લીધો હતો. દરરોજ દરદીની સરેરાસ હાજરી ૫૬ ની થઈ હતી.

**ઇન્દોરના નરરત્નમંદિરમાં વિજયધર્મસૂરિ**—ઇંદોરમાં હોલકર મહારાજા તરફથી એક વિશાળ 'નરરત્નમંદિર' બનાવવામાં આવ્યું છે. દુનિયાના મહાન્ પુરૂષોની તસ્બીરો સરકારની ખાસ પસંદગી અને મંજુરીથી મૂકવામાં આવે છે. મુનિરાજ વિદ્યાવિજયજીના ઉપદેશ અને 'નરરત્ન મંદિર'ના કયૂરેટર શ્રીયુત પંડિત ઓઝાજીના પ્રયત્નથી જગત્પૂજ્ય શ્રી વિજયધર્મસૂરિ મહારાજનું મોટું ઓઇલ પેઇન્ટીંગ ચિત્ર 'નરરત્ન મંદિર'માં સ્થાપન કરવામાં આવ્યું છે.

**બાબુ અમદાવાદમાં પકડાયો**—બાબુના સગાંવહાલાં તપાસ ચલાવી રહ્યા હતા. ક્યાં પત્તો મળતો નહોતો, પણ અચાનક સી. ડીવીઝન પોલિસને સદરહુ છોકરો ઝવેરીવાડ, વાઘણપોળમાં રહેતા પોપટલાલ કાળીદાસને ત્યાં હોવાની ખબર મળતાં તેને ત્યાંથી કબજે લીધો છે. અને બાબુએ પોલિસ સમક્ષ લંબાણ સ્ટેટમેન્ટ કર્યું છે એમ કહેવાય છે કે તરત જ મુંબઈ તાર કરી તેના સગાને બોલાવેલ અને તે અમદાવાદ ગયા અને તેમણે પોલિસમાં ઈ. પી. કોડ કલમ ૩૬૩, ૩૬૫ અને ૩૬૮ મુજબ અપહરણ વિગેરેની ફરીયાદ નોંધાવી છે. આ સંબંધી તપાસ સીટી ઇન્સ્પેક્ટર ખા. સા. કૈકોબાદ ચલાવી રહ્યા છે. આ સંબંધી હજુ વધુ ચોંકાવનારી વિગતો બહાર આવવા સંભવ છે.

**જૈન પ્રવચનનો બહિષ્કાર**—સાગરાનંદજી અને મુનિ રામવિજયજી વચ્ચે વધુ ચકમક ઝરવાને કારણે સાગરપક્ષવાળાઓએ "જૈન પ્રવચન" પત્રનો બહુધા બહિષ્કાર કર્યાથી 'પ્રવચન'ની ખપત ત્રીજા ભાગ જેટલી થઈ ગઇ છે.

# ભૂતપૂર્વ મુનિ જયવિજયજીની મુલાકાત.

'વીર.'

ભૂતપૂર્વ મુનિ જયવિજયજી ઉર્ફે પં. જયંતિલાલ માસ્તર જેઓ હાલમાં અજીમગંજ ધાર્મિક તેમજ ખાનગી શિક્ષણ સંસ્થાઓમાં જોડાઇ ગૃહસ્થ જીવનમાં પોતાનું જીવન વ્યતીત કરે છે. તેઓ સાથેની મુલાકાતમાં મ્હને કેટલાક પ્રશ્નોત્તર થયા હતા.

૧ તેઓ સાધુ કેમ અને ક્યારે થયા? તેવા મ્હારા સવાલના જવાબમાં તેઓશ્રીએ જણાવ્યું કે—"અંધશ્રધ્ધાથી મોહિત થયેલા શ્રાવકોની ધામધૂમ જોઇને તથા સન્માન જોઇને અને તેજ અરસામાં તેઓના પિતાજીના અવસાન થવાથી અંતરમાં થતા ક્ષણિક ખેદ, દુઃખગર્ભિત વૈરાગ્ય તથા સાધુઓને મળતા ભૌતિક સુખો (જેવા કે ખાવાપીવાના સારાં, વસ્ત્રો પણ મન માન્યા, વરઘોડાઓની ધામધૂમ અને સન્માન-કીર્તિ) અને સ્વર્ગાદિક સુખોની લાલચ ભરી ઉશ્કેરણીથી સંવત ૧૯૬૧ માં દીક્ષા લીધી.

૨ દીક્ષા લેતી વખતે આપનું શાસ્ત્રીય જ્ઞાન કેટલું તેમજ સંસારની અસારતા તથા દીક્ષાના સ્વરૂપની કેટલી સમજણ હતી? તેના જવાબમાં તેઓએ જણાવ્યું કે—શાસ્ત્રોનાં શબ્દો વાંચી ગોખીને મુખપાઠે કરવા ને અક્ષર બોધજ જ્ઞાન સમજીને તેમજ ગુરૂ ઉપર શ્રદ્ધા રાખવી તે દર્શન, બાહ્ય ક્રિયા કાંડો અને આડંબરો તે ચારિત્ર, અને પ્રથમ કહ્યું તેમ દુઃખ ગર્ભિત-ક્ષણિક વૈરાગ્ય તે જાણું ધર્મ સ્વરૂપની સમજણ આવી હતી અર્થાત્ અંતર વૈરાગ્ય તો સ્વપ્નમાં નહોતો.

૩ તમે ક્યા ગુરૂજી પાસે દીક્ષા લીધી તથા ગુરૂજીનું જીવન કેવું હતું? તે ત્રીજા પ્રશ્નના જવાબમાં—મેં પંન્યાસ શ્રી ધર્મવિજયજી મહારાજ પાસે દીક્ષા લીધી હતી. તેઓ એશારામી, સ્વાદિષ્ટ ભોજનો જમનારા, સુંદર કપડાં તેમજ [illegible]. અને સાધ્વીઓના પરિચયમાં આવતા, પણ મારી બાળવયની અણસમજણ અને અંધશ્રદ્ધા એટલી બધી હતી કે આપણામાં એક વાક્ય પ્રચલિત છે કે "દેવગુરૂની નિંદા કરે તે આતમો નરકે જાય" આ શબ્દો મારા અંતરમાં ભયંકર રીતે ભરાઇ રહ્યા હતા જેથી તેમની કોઇ અનુચિત ચેષ્ટાઓ કે લીલાઓ જોઇ નથી. ટુંકામાં તેમના ચારિત્ર દોષ વિષે વિશેષ સર્વજ્ઞ જાણે, બાકી તેઓ શિષ્યોને ફરજીઆત મહીનામાં દસ ઉપવાસ કરાવતા, માલીશ અને સેવાઓ કરાવતા.

૪ તમોને દીક્ષા આપી ત્યારે તમારા વડીલોની પરવાનગી મેળવી હતી કે? જેના જવાબમાં તેઓએ જણાવ્યું કે—આમાં ગુરૂજીનો પ્રપંચ હતો. કારણ કે મારી દીક્ષા કાર્તિક વદી ૯ના હતી ત્યારે ગુરૂજીએ કાર્તિક વદી ૩ ના મ્હારા વડીલબંધુને તથા માતાજીને દીક્ષાની પરવાનગી માટે પત્ર લખ્યો જે મારા ઘરના માણસોને મારા ગામ ભીમાસર (કચ્છ)માં ટપાલની સગવડ નહિ હોવાને કારણે કાર્તિક વદી ૯ ના મારી દીક્ષા લીધા બાદ ૩ દિવસે મળ્યો હતો. ગુરૂજીને મેં પૂછેલું ત્યારે ગુરૂજીએ મને કહેલું કે કાર્તિક શુદી ૧૦ નાજ પત્ર લખી નાખ્યો છે, પણ ગુરૂજી તદ્દન જૂઠું બોલ્યા હતા.

૫ વડીલોની સંમતિ વિના બાળકોને દીક્ષા આપવી એ શું શાસ્ત્ર સંમત છે? જવાબ—નહિ જ, જૈન શાસ્ત્રમાં 'આણાએ ધમ્મો' અર્થાત્ આજ્ઞા એજ ધર્મ છે. આ સૂત્રની મહત્તા એમ છે કે જેમ કોઇ પણ કામ ગુરૂની આજ્ઞા વિના શિષ્યે કરવું જોઇએ નહિ, તેમ કોઇ પણ કામ સાંસારિક કે ધાર્મિક હોય તે સંસારી ગૃહસ્થોએ વડીલોની અને ગંભીરકાર્યમાં સંઘ અને પંચની આજ્ઞા વિના ન કરવું એવું શાસ્ત્રમાં વિધાન છે. હાલમાં કેટલાક સાધુઓ વડીલોના ફરમાન વિના અપાતી દીક્ષાના ખોટા બ્હાના નીચે કેટલી પ્રપંચબાજી, સ્વાર્થબાજી વગેરે ખિલાવી શકે તે તેમના હૃદય જાણે. આ મ્હોટા શિષ્ય લોભ અને મોહ અટકાવવો જોઇએ.

૬ તમો ગુરૂજીથી શા માટે છૂટા પડ્યા? જવાબ ગુરૂના ત્રાસ તથા મારથી કંટાળી દીક્ષા બાદ ત્રણ જ વર્ષે છૂટો થયો.

૭ છૂટા થયા પછી તમારા જીવનને કેવી રીતે વ્યતીત કર્યું? જવાબ—બે વર્ષ તો જ્યાં ત્યાં રખડવામાં જ પૂરાં કર્યાં, બાદ વિદ્વાન થઇ પંન્યાસ પદવી મેળવવાની અને કીર્તિ મેળવવાની લાલસાએ કાશી ભણવા જવાની ઇચ્છા કરી પણ સાધન ન મળવાથી જીવન શુષ્કપણે જ પસાર થતું હતું, તેવામાં મ્હારા સદ્ભાગ્યે પરમયોગી મહાત્મા શુભમુનિજીના સમાગમથી જીવનનું નિશ્ચિતપણે પરિવર્તન થયું અર્થાત્ વૈરાગ્યથી રંગાયું.

૮ શુભમુનિજી મહારાજના સમાગમ તેમજ શ્રીમદ્ રાજચંદ્રજી જ્ઞાની પુરૂષોના મતોના શ્રવણ થવાં છતાં આપ જિતેંદ્રિય અને શુદ્ધત્યાગી કેમ રહી શક્યા નહિ? જવાબ—હું નિખાલસપણે જવાબ આપીશ કે દોષ કરવો એ પાપ છે. પણ દોષને ગોપવવો એ મહાપાપ છે. તેથી સત્યજ કહીશ કે શુભમુનિજીના સહવાસ પહેલા મારામાં જે તીવ્ર વિકારોની વાસનાઓ હતી તે તેમના સમાગમથી કંઇક શમી હતી, તે મહાત્માના બોધથી મારા પ્રબળ વિકારો તે વખતે ઉપશાંત થયા. હું જૈન ધર્મની અપૂર્વ મહત્તા, પરમાર્થની ભાવના, સન્માર્ગનું ચિંતન, સાચો વૈરાગ્ય તથા જીજ્ઞાસા આદિને સમજી શક્યો હતો. જો તે મહાત્મા વધારે જીવ્યા હોત અને તેઓશ્રીનો સહવાસ ચાલુ રહ્યો હોત તો મારા જીવનની

### કુસુમવિજય સંસારી બન્યો.

**કાર્તિક શુદિ ૧૧ ની રાત્રિના બાર વાગે રામવિજયજીના બહુ ત્રાસથી પાટણવાળા કાન્તિલાલ ભોગીલાલ જેને મુનિ રામવિજયજીએ અમદાવાદ દીક્ષા આપેલી અને તેનું નામ કુસુમવિજય રાખેલ-તે નાઠો, પણ વઢવાણશહેરના દરવાજા બંધ હોવાથી ગભરાયો અને પાછો ફરી ગામમાં કોઇને ત્યાં રહ્યો, સવારમાં નીકળી પાટણ જવા ગાડીમાં બેઠો, ત્યાં તો ઉપરા ઉપર તારો છૂટયા અને માણસો સાથે ગાડીમાં દાખલ થયાં. મેસાણેથી પાટણ ન જવા દેતાં રામભક્તો પોતાની સાથે અમદાવાદ તેડી લાવ્યા. અને મેજીસ્ટ્રેટ રૂબરૂ રજુ કરતાં તેની મા આવતા સુધી અનાથાશ્રમમાં રાખેલ છે. વિશેષ હકીકત આવતા અંકે—**

કોઈ અપૂર્વ દશા થઈ હોત. છતાં એટલું તો નિઃશંકતાથી કહી શકું છું કે જો તેમનો મને સહવાસ ન મળ્યો હોત તો હું એક ત્યાગી હોવા છતાં પણ મહાન દુરાચારી યા ઘાતકી થઈ જાત એ ચોક્કસ વાત છે. દીક્ષા પછી પંદર વર્ષ સુધી શારીરિક શુદ્ધિને સાચવી શકયો તેનું કારણ આ મહાત્માશ્રીનો જ સહવાસ છે.

૯ પણ આપને સાધુમાંથી સંસારી થવાનું ખાસ શું કારણ બન્યું ? જવાબ-શુભમુનિના દેહવિલય પછી એકાકી પણે વિચારવાથી શ્રાવક-શ્રાવિકાઓની અંધશ્રદ્ધા ભરી ભક્તિ અને સ્વાદિષ્ટ ખોરાક આદિ મળવાથી દબાએલી વાસનાઓ ફરી જોરમાં ચાલવા લાગી, કચ્છમાં એક સ્થળે ચોમાસું થતાં એક આદર્શ વિધવા સાથે સ્નેહ બંધ થયો છતાં તેમનો મ્હારા પ્રત્યે નિર્દોષ પ્રેમ હતો. પણ તે વખતે તેના સાથે દેહલગ્નથી બંધાઈ જાઉં તેટલું મારામાં હૃદયબળ નહોતું. ત્યારબાદ દેશના અને મહાત્માજીના અસહકારના આંદોલનમાં ૨-૩ વર્ષ જનતા કામ કર્યું, એક વર્ષ જેલજાત્રા ભોગવી, બાદ કચ્છી પ્રજા જાગૃતિ માટે કચ્છમાં ગયો. ત્યાં બીજી સ્ત્રી સાથે મોહિત થયો. મ્હારા પત્રો પ્રકટ થયા. મેં જાહેર પત્રોદ્વારા માફી માગી. બાદ હિમાલયના વિકટ સ્થાનોમાં અને આબુની ગુફાઓમાં જીવનને શાંત કરવા અર્થે ૩-૪ વર્ષો ગાળ્યાં. ટુંકામાં મનસા અને કર્મણા વિકાર શાંત કરવા અનેક ઉપાયો કર્યા છતાં મ્હારી પ્રથમની સ્નેહિકા આ બાઈને ન ભુલી શકવાથી તેમજ તેમના શ્વસુર તરફથી તેમને અસહ્ય ત્રાસ, આજીવિકા માટે દુઃખદાયક હાડમારી, આ જોઈને મને કષ્ટ, થતું સાધુ જીવનમાં રહી દોષિત ન જ થવું એવો સંકલ્પ હોવાથી, આદર્શ ગૃહસ્થ જીવનથી જ મ્હારૂં શ્રેય છે એમ સમજવાથી, ગતવર્ષમાં વિધવા હેવી આ બાઈની સંપૂર્ણ સંમતિથી હું લગ્નગ્રંથીથી જોડાઈ ગૃહસ્થ બન્યો. આજે અમો બન્ને આદર્શ અને ઉચ્ચજીવન જીવવા પ્રયત્ન કરી રહ્યા છીએ.

૧૦ હવે આપ શું કરવા ધારો છો ? રાષ્ટ્રીય સેવા અગર જૈનસમાજમાં રાષ્ટ્રીયતા દાખલ કરી સમાજ સેવા કરવા ધારો છો ? જવાબ-જૈનદર્શનના અદ્ભુત તત્વોની અપૂર્વ છાપ પડી છે. મ્હારૂં જીવન ઘડવામાં જૈનસમાજ તરફથી અનેક સહાયતા અને ઉપકારો થયા છે. તે સમાજની ઉન્નતિ માટે મ્હને રાત દિવસ ઝંખના રહ્યા કરે જ છે. આ પ્રશ્ન સેંકડો વખત વિચારતાં એજ નિશ્ચય થયો છે કે **રાષ્ટ્રીય પ્રગતિ વિના જૈનસમાજની કદાપિ ઉન્નતિ થવાની નથી.** તેથી વણિક બુદ્ધિનો સ્વાર્થ પ્રપંચ, કલેશ, ધર્માંધતા અને બાહ્યાડંબરથી પ્રાણહીન બનેલી આ સમાજમાં જો રાષ્ટ્રભાવના પ્રબળપણે જાગૃત થાય, નવયુવકો તૈયાર થાય તો જ સમાજની પ્રગતિ થઈ શકે. અહિં શિક્ષણ સંસ્થામાં કામ કરૂં છું છતાં જો કોઈ જૈનસંસ્થા રાષ્ટ્રીયતાને પોષવા સંપૂર્ણ ઉદારતા બતાવે તો ત્યાં સ્થાન મેળવવા દોડી જાઉં, આજીવિકા પુરતું મેળવી સમાજ ક્રાંતિ થાય તેવાં કાર્ય ઉપાડું, અન્યના સ્થાન કરતાં વધારે અનુકૂળ સ્થાન મળે એમ ઇચ્છું છું. અમો ઉભય હૃદયો સમાજ અને રાષ્ટ્ર સેવામાં પૂર્વોતીત થઈ જીવનને સફળ કરીએ એજ પ્રબળ ભાવના છે. પછી તો પ્રભુ ઇચ્છા બળવાન છે.

આ ઉપરના ઉત્તરો સાથે તેઓએ મને કેટલાયે વિજયજી અને ચંદ્રજીના ખુલ્લા નામ આપી કહી કહી કથાઓ કહી અને કેટલાકના તો પત્રો અને ફોટાઓ પોતા પાસે હોવાનું કહ્યું હતું અને તેઓ કોઈ યોગ્ય સમયે જો જરૂર જણાશે તો બહાર પણ પાડી શકશે તેમ જણાવ્યું હતું.

આ ઉપરથી જૈનસમાજ અને સંઘ પોતે, સાધુ, પંન્યાસ અને આચાર્યપદ કેટલા કીક છે તેનો ખ્યાલ કરે. અસ્તુ !

## સાધુતાના દિગ્દર્શન.

તા૦ ૫-૧૧-૧૯૩૨ ના રોજ કાર્ય પ્રસંગે મુંબાઈથી પાટણ જતાં અમદાવાદથી પાટણ ડબ્બામાં અમદાવાદના આર્ટિસ્ટ ભાઈ નેમચંદ ગોકળદાસ કે જેઓ પં. કુમુદવિજયજીના તેડાવ્યાથી ચાણસ્મા જતા હતા તેઓની સોબત થઈ. અને બને છે તેમ પરસ્પર વાતચીતમાં તે ભાઈએ ચાણસ્મા જવાના કાર્યનું કારણ બતાવતાં કહ્યું કે-હું આર્ટિસ્ટ છું અને પંન્યાસ કુમુદવિજયજીએ કેટલુંક કામ કરાવવા માટે મ્હને બોલાવ્યો છે. હું પાટણ પણ આવી ગયો છું, ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજનો ઓઇલ પેઇન્ટ ફોટો ચીતરવાનો હોવાથી શેઠ નગીનદાસ કરમચંદને ત્યાં આવ્યો હતો અને હજુ આચાર્ય વિજયદાનસૂરિજીનો ફોટો બનાવવાનો હોવાથી એકવાર પાટણ આવવાનું થશે.

આચાર્ય વિજયસિદ્ધિસૂરિની કૃપાથી હવે મને સાધુઓ તરફથી અવારનવાર કામ મળ્યે જ જાય છે. વિજયસિદ્ધિસૂરિની તથા વિજયમેઘસૂરિની અને મનહરવિજયજીની એમ ત્રણ ઓઇલપેઇન્ટ છબીઓ વિદ્યાશાળાના હોલમાં મૂકવા માટે તેઓશ્રીએ મારી પાસે ચીતરાવી અને તે છબીઓ વિદ્યાશાળાના હોલમાં બીજા સાધુઓએ જોવાથી બીજા સાધુઓ પણ પોતાને કામ હોય ત્યારે મ્હને જ બોલાવે છે. વિજયસિદ્ધિસૂરિએ મારી પાસે રૂ. ૫૦૦૦) લગભગનું કામ કરાવેલું છે, આચાર્ય વિજયલબ્ધિસૂરિએ પણ મારી પાસે કામ કરાવ્યું છે. મુનિ રામવિજયજીએ વિદ્યાશાળામાં મૂકવા માટે પોતાનો ઓઇલ પેઇન્ટ ફોટો મારી પાસે જ કરાવ્યો હતો. પરંતુ વિદ્યાશાળાના ટ્રસ્ટીઓએ ગમે તે કારણ હોય પણ તે ફોટો ત્યાં મૂકવા ન દીધો વગેરે.

આથી આ ભાઈને મેં પૂછ્યું કે-વિજયસિદ્ધિસૂરિએ અમદાવાદ જેવા અને અનુભવી આર્ટિસ્ટો હોવા છતાં તમને જ કેમ પસંદગી આપેલી. ત્યારે તે ભાઈએ કહ્યું કે મારી બીના વિજયસિદ્ધિસૂરિ સંસારીપણાના કાકા થાય છે. એટલે મારૂં કામ તેઓએ જોયેલું. અને સગપણનો સંબંધ તેમ જ બીજાઓના હિસાબે મારા ભાવ ઓછા એટલે મને કામ આપેલું અને તેમને લીધે બીજા સાધુઓ પાસેથી મળે. અને હું સાધુ પાસેથી ભાવ પણ ઓછા જ લઉં છું. મેં વીરશાસન પત્રમાં આજે ચાર પાંચ માસથી જાહેર ખબર પણ તે મુજબની આપી છે કે-સાધુઓ માટે ખાસ ઓછા ભાવે કામ કરી આપીશું.

આ હકીકત સાંભળી મારી તો બુદ્ધિ જ બહેર મારી ગઈ. આ મહાપુરૂષો (!) વીતરાગદશાની તો મોટી મોટી ડીંગો મારીને પોતે આ શું કરી રહ્યા છે તેનું ભાન તેઓને છે કે નહિ? એ સમજી શકાતું નથી.

અત્યાર સુધી મારી એ માન્યતા હતી કે આવડા જ ગુરૂભક્તિને અર્થે ઓઇલ પેઇન્ટો કરાવી ઉપાશ્રય જેવા સ્થળોએ મૂકતા હશે અને સાધુઓ તરફથી પણ તેનો જ બચાવ કરવામાં આવતો હતો, પરંતુ આજે જ આ ભાઈ પાસેથી અનાયાસે સત્ય સમજાયું છે.

# મી૦ શાહની ડાયરી- સામાજીક વિષયોની નોંધ.

સંગ્રાહકઃ—"ચોકસી."

(ગતાંકથી ચાલુ.)

...મી૦ મથાચંદ, શાહના જુના પિછાનવાળા હતા. વળી ગયા લગ્નમાં તેમની કંકોત્રી પણ આવી હતી. તેમનું ઘર રસ્તામાં આવવાથી (મી૦ શાહના) મનમાં થઇ આવ્યું કે લાવને જરા મુલાકાત કરી લઉં. એ ઇચ્છાથી જ્યાં ઉપરે પગ મુકે છે ત્યાં જે જોયું તેની નોંધ...બે ચાર માંગનારાઓ બુમ-રાણ કરી રહેલા, એક કાપડીઓ કહેઃ—ભાઇ! પૈસા નહોતા ત્યારે શા સારૂ કપડાં ખરીદ્યાં હતાં? ઘરમાં કહેવું'તું ને કે જાપાની સાડીઓ ન લેત. ધક્કા ખાઇને મારો દમ નીકળી ગયો! બીજો કહેઃ—મથાભાઇ! ખીસું જોઇને કામ કરવું હતું ને! ન્યાતભાઇઓને દૂધપાકને લાડુ જમાડયા ને વાહ વાહ તો ખૂબ બોલાવી તો પછી અમને શા સારૂ રઝળાવો છો? અમારૂં લ્હેણું તો ખરા પરસેવાનું છે! લાવોને થાળીઓ પાછી ખંડી-વાણું! કંઇ રસ્તો કાઢશો? ત્યાં તો અનાજના વેપારી ટોકરસી ભભૂકી ઉઠયાઃ—આવા નાગાઇના જવાબ દેતાં શરમ નથી લાગતી? કોણે તમને ઉંચા બાંધ્યા હતા કે સોનાવટી ઉડાવી. હજુ મારા જેવા સારો જેવો જીવ છતાં શીરાને સ્થાને લાડુ ઉડાવતાં કેટલોય વિચાર કરે છે. અરે! ટીપમાં માંડ બેથી પગલું ભરૂં છું. તમારા જેવાને એનો તો વિવેક ન મળે, 'શીશીને હટાક' જેવું! પગ જોઇને પાથરણું તાણ્યું હતે તો આવો સમય આવતે? ટોકરશી શાહની વાતો સાંભળી ઘરમાંથી મથા ભાઇની વહુ બ્હાર આવ્યાં ને ધુંઆ પુંઆ થતાં કહેવા લાગ્યાં:—ભાઇ! તમારા જેવાના અહાનાથી તો મારા ધણીએ ગજા ઉપરાંતનું વેતર્યું! આજે ડહાપણુ ડોળો છો પણ તેમનો વિચાર નહોતો જ્યાં સીસોટી કરાવી તો તમે જ કેની? એમાંજ આ બધી મ્હોકાણ વળી ગઇને! આ લોકોને પતાવ્યા સિવાય તમને રાતો સવાકો પણ આપવાનો નથી! હું તો દંગજ થઇ ગયો! મથાભાઇની સાથે આંખનો મેળાપ કરી તુરત વિદાય લીધી. એ પણ શરમિંદા પડી ગયા, અત્યારથી તો એ હતી કે એમના જેવા શ્રેણુએટે ફુલણજીની ફુલામણ જેવું કર્યું હતું!

...મોસાળું તો હજુ વધાવ્યું પણ નહોતું. ત્યાં તો પૈસા સારૂ ધડામાર શરૂ થઇ. છોકરા ન જપે એ તો સમજાય, પણ બૈરાંઓ શરમ મર્યાદાને નેવે મુકી જે ચેષ્ટા કરી રહ્યાં હતાં એ નિહાળી પેટનું પાણી પણ હાલી ઉઠ્યું. પાછળ ગાવામાં પૂરાં પંદર પણ ન્હોતા ત્યાં અત્યારે સેંકડો ફુટી નિકળ્યા હતાં! ઉતાવળ પણ કેટલી કે આપનાર તો મુંઝાઇ જાય. એના નામના પોકારો પડે. કેમ જાણે બધા જ હકદાર ન હોય? તેમ બેફાટ બુમો પાડે માત્ર બે પૈસા જેવી નજીવી વસ્તુ મારેનું આ પ્રદર્શન શું જૈન સમાજની કુલીનતાની કિંમત અંકાવતું નથી?

...પાણીમાં ને વાસી ખોરાકમાં જીવત્વ માનનાર જૈનોનો જમણવાર જોઇ હૃદયમાં જબરૂ મંથન થતું. જ્યાં એટલી સુક્ષ્મતાની વાતો સમજાવાનો દાવો કરાતો હોય ત્યાં વગર વિચાર્યે પાણી ઢોળવામાં આવે અને એઠવાડનો કોઇપણ જાતનો સુમાર ન રહે! અરે! એક રીતે કહીયે તો જીવહિં-સાના સીધા નહિ તો આડકતરા નિમિત્તભૂત થવાય એ શું કહેવાય? જમણોમાં આંખો મીચીને વ્યય કરનારા જરાપણ જમનારની સગવડતા અર્થે ચિંતા નથી કરતા અને ખોરાક કરતાં પણ જેની અગત્ય વિશેષ છે એવા જળની શુદ્ધિ સારૂ તો ખાસ પ્રબંધ જેવું જ ન મળે. ગોળાના પાણીમાં સૌ કોઇ ગમે તેવું વાસણ બોળે, કચરો પણ પડ્યો હોય, કોઇએ હાથ પણ ધોયા હોય! અને પીવાનું પણ એજ! ક્યાં તો પીરસનારની આવડતમાં ખામી; ક્યાં તો પીરસવાના સાધનોની ઊણપ, અગર તો જમનારની જમણ માટેની મર્યાદાહીન લાલસા કે રૂઢિ, એ ત્રણમાંના ગમે તે કારણથી કહો, કિંવા ત્રણેના યોગથી કહો. જે એંઠ ઉદ્ભવે છે અને જે ગંદકીના સર્જન થાય છે એ અતિ-શોચનીય છે! જીવદયાના ઇજારદારોને આવું આચરણ જરા પણ છાજતું નથી! બેસવાની સગવડને જમવાની પદ્ધતિ એવી

## સાણંદથી નાસેલા રામવિજયના બે શિષ્યો.

**સાણંદમાં ચાતુર્માસ રહેલા રામવિજયના શિષ્યો પૈકી બે શિષ્યો બુધવારની રાત્રે ઉપાશ્ર-યમાંથી છાનામાના પગે ચાલી સાધુ વેષ છોડી પલાયન થયા હતા, આ કૃત્યને જૈન તત્વજ્ઞાન અને ધર્મનું ઘાતક માનવામાં આવે છે. આ બાબત જૈનોના દીલ બહુ જ દુઃખાયાં છે, અને ભારે ખળભળાટ થઇ રહ્યો છે.**

---

સાધુઓ પોતાના એપ્રીલ પેઇન્ટ ફોટાઓ પાછળ શ્રાવકોના હજારો રૂપીઆ ખર્ચાવીને કઇ સિદ્ધિની આશા રાખે છે તે સમજી શકાતું નથી. શ્રાવકો તો સંસારી હોઇ તેઓમાંનો મોટો ભાગ પોતાની નામના અને કીર્તિમાં જ જીવનની સાર્થકતા માની જીવનનો મોટો ભાગ તે પાછળ ખર્ચી નાખે છે, તેમ આ જાતના ફોટાઓ કરાવીને પોતાના રાગી ક્ષેત્રો હોય ત્યાં મુકાવવામાં પણ પોતાની નામના અને કીર્તિનો જ ઉદ્દેશ નથી એમ કોણ કહી શકે તેમ છે? જ્યાં આ સ્થિતિ હોય ત્યાં સાચી સાધુતા ક્યાંથી સંભવી શકે? સગીર અને અસમ્મત દીક્ષા આપવામાં અમારો ઉદ્દેશ તે તે ભવ્યાત્માઓનો ઉધ્ધાર કરી તેઓને વીતરાગતા તરફ લઇ જવાનો છે એમ કહેનાર પોતાની નામના અને કીર્તિ માટે જ આ બધું કરી રહ્યા છે એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી. અને જ્યાં નામના અને કીર્તિના જ મોહ હોય ત્યાં સાચી સાધુતા સંભવે ખરી? એનો જવાબ આ મહાપુરૂષો (!) આપશે કે?

લી૦

સાચા સાધુઓનો ચરણ કિંકર,

**કેશવલાલ મંગળચંદ શાહ.**

માટુંગા.

સુંદર હોય કે જેથી ઉત્સવશાળાનો હેતુ પૂર્ણ રીતે સચવાય, સુચ-ક્તા જળવાયને બીજા ધડો લઇ શકે.

...આ ચકલે તે વાજાવાળાની ટુકડીઓ, ત્રાંસા ઢબાક-નારની ટોળીઓ અને બાઇસ્કલવાળાની એક લાંબી હાર જમા થયેલી. ચોતરફ એવો તો પ્રકાશ રેંકાયલો કે ઘડીભર મોઢવાનું મન થઇ જાય. આમે મોડું તો થયું જ હતું એટલે અહીંનો થોડો અનુભવ લઇને જ ઇન્દુને ત્યાં જવાનો નિર્ધાર કર્યો. વરરાજા સારૂ બધાજ માંડવાના શણગારેલા ઘોડાઓ પણ અહિંજ ચોખતા, આજે વણિક જ્ઞાતિમાં સારી સંખ્યામાં ઘોડીઓ સાંભ-ળેલી એટલે આ બેઠકોએ આપસમાં સંપી જઇ સારો હાથ મારવાનો નિશ્ચય કર્યો હતો. જેનાં વસ્ત્ર પર જરા સરખી પણ ધૂળ નહોતી એવા વણિક જ્ઞાતિના યુવકોને પ્રૌઢોના આગમન શરૂ થયાં. કોઈ આજને કાજે તો કોઈ વળી વાજુ લેવા, વાજા-

## સાધુની મોટરમાં મુસાફરી.

અમારા ખાસ ખબરપત્રી તરફથી.

**મુનિ કુસુમવિજય ઉર્ફે કાંતિલાલના બાપ (જે સાધુ થયેલ છે અને રામવિજયના શિષ્ય છે તે) તા૦ ૧૦-૧૧-૩૨ ના રોજ સાણંદથી મોટર-કારમાં પોતાના છોકરાના વાલીપણાનો હકક માજીસ્ટ્રેટ પાસે સાબીત કરવા માટે અમદાવાદ આવ્યા છે. વધુ બીના હવે પછી—**

વાળાના પંદરને વીશના ભાવ સાંભળતાં જ આ મહારાજો મંડા થઇ જતા, ને ત્રાંસાનો દર આઠ આના જાણીને વિચારમાં પડતા, વાજા માત્ર ગણુથી ચાર હતા એટલે વિમર્શ-પરામર્શમાં ઝાઝો સમય આપવો પાલવે તેમ પણ નહોતું, કેટલીક વાર તો ગાઢ મિત્રોમાં પણ વાજું પોતાના કબામાં લઇ જવાની હરિફાઈ ચાલતી, અને કોઇ વેળા તો વાજાવાળાની દાઢીમાં હાથ ઘાલવા પડતા ! આવીજ સ્થિતિ વરરાજાના ઘોડા માટે થાટે થતી. હા ભારથી તો ઓજુ કોઇ ઉચ્ચારતું જ નહિ. લગ્ને આડંબરી વણિકોદ્વારા આજે તેમને સારો તડાકો પડવાની ચોકસ ખાતરી હતી જ.

પટેલ જેવી મોટી જ્ઞાતિ વાજાનો પ્રતિબંધ કરી શકે, બીજી વણિક જ્ઞાતિઓમાં વરરાજો ખાદીના પોષાકમાં ને પગે ચાલતા પરણવા જઇ શકે. ઘણાએ ખર્ચા ઉપર સમયોપયોગી કાપ મૂકી શકે. પણ આ આરક સમાજ-એના પ્રશંસાશીલ ગૃહસ્થોને ગળે હજી એ વાત ક્યાંથી ઉતરે ? એમાં કુલીનતાનો હાઉ અને શ્રીમંતાઇનો ભૂત નડતો હતો ! આડંબર વિના એમનો આનંદ સુકાઈ જતો હતો ! એમને મન લગ્ન એટલે મિઠાશ જમણને વરઘોડાનો આડંબર ! વિધિનો સર્વ અધિકાર દ્વિજને ભળાવેલો એટલે જૈન લગ્ન વિધિની વાત કોણ સાંભળે ? પીરસણુ આપવાના વ્યવસાયમાં જેના હાંટીઆ લોથપોથ થયા હોય એવી નારીઓને પણ વિધિમાં શો સ્વાદ રહે ? વર-કન્યાને ગોર તથા નાનું શું મિત્રમંડળ અને એમાં જ ગૃહસ્થાશ્રમના મંડાણ મુકપણે મંડાય. સમજુતીનો પ્રશ્ન ન જ હોય ! વહેલે ઘરમાં ઘાંસા કુસ્તી કરતાં હોય અથવા તો લગ્ન પછી માંગ-નારના રંગબેરંગી ( ! ) વચનો સાંભળવાનાં હોય, ત્યાં લગ્ન વેળા વાજું તો વાગવું જ જાણો ને થોડો પણ ભભકાટ નેપો-લિયનના અશ્વ જેવો જ હોય !

...ઇન્દુના લગ્ન નિરખી સારા દિવસનું ઉકળેલું હૃદય તૃપ્તિ પામ્યું. વહેવ પણ સારા જાણકાર એટલે વિધાનની પ્રત્યેક બાબત સુંદર ખ્યાલ આજે જ સાંભળવાનો મળ્યો. ગોરના કહ્યા મુજબ શીટે શીટો બેસનારા વર-કન્યાના પાણિગ્રહણ તો કેટલાય જોઇ નાખેલા, પણ અહિં તો ઉભય સુશિક્ષિત-શબ્દ ભાવાર્થને હેતુ સમજ્યા વગર કંકુમાં હાથ સરખો પણ ન બોળે ! વળી વરને અર્પણ કરવાની પ્રતિજ્ઞા વેળાનું ઇંદુનું ટુંકું છતાં મુદ્દાસરનું વિવેચન સૌ કોઇનું ધ્યાન ખેંચ્યું, લાજમાં જેનું અર્ધુ ઉપરાંત મ્હોં છુપાવ્યું હોય એવી કન્યાને બદલે જરા કપાળ ઢાંકી જેના મ્હેરા ઉપર સ્મિત લાલ કરી રહ્યું છે એવી કુસુમને જોતાં જ મન પ્રમોદ પામતું, તેણીએ જ્યારે મંજુલ સ્વરે પ્રતિજ્ઞા સ્વીકાર પતિભક્તિ દર્શક એક સુંદર ગીત ગાઇ સંભળાવ્યું ત્યારે સર્વત્ર આનંદના પોકારો થઈ રહ્યા !

—ચાલુ.


## ટુંક મુદતમાં બહાર પડશે.

### મુંબઈ પજુસણ વ્યાખ્યાનમાળા.

કિંમત રૂ. ૦-૬-૦ પીશનકલ ઉપર ખરીદ કરનારને રૂ. ૦-૪-૦

### તમે જાણો છો ?

**આપણા સમાજમાં ધાર્મિક અને સામાજીક પ્રશ્નોપર અનેક ઘા થઇ રહ્યા છે. એટલે જનતા વિચાર વમળમાં ગુંચવાઇ રહી છે. તેવા પ્રસંગે જનતાની ખરા રસ્તે દોરવણી કરવાના હેતુથી ગત પજુસણમાં મુંબઈમાં પંડિતવર્ય શ્રી સુખલાલજી, પંડિત દરબારીલાલજી, પંડિત નાથુરામ પ્રેમી, ડૉ૦ પ્રાણજીવનદાસ મહેતા, શ્રી મોહનલાલ ભગવાનદાસ સોલીસીટર, શ્રી ઉમેદચંદ બરોડીઆ મોહનલાલ દલી-ચંદ દેસાઈ વગેરે વિદ્વાનો અને પંડિતોએ "ગુરૂપદ અને શિષ્યપદની લાયકાત શી શી ? શાસ્ત્ર અને શસ્ત્ર વચ્ચે શો ફેર છે ? ત્યાગી કેવા હોવા જોઈએ ? ધર્મ અને સમાજ, અધ્યાત્મ, સર્વ ધર્મના મૂળ સિધ્ધાંતો, ધર્મનો ભ્રમ, ધર્મ અને વ્હેમો, વિ૦ વિષયો પર સ્વતંત્રપણે નિડરતાથી દાખલા દલીલો સાથે અભ્યાસ કરવા યોગ્ય ભાષણો આપેલાં તે વાંચવા મળશે. આથી તમે ગ્રાહક ન થયા હો તો આજે જ તમારૂં નામ નોંધાવો.**

ક્રાઉન સોળ પેજી પોણાબસોથી બસો પાનાના **પુસ્તકની ઓછી કિંમત રાખવાનો એજ હેતુ છે કે દરેક જણ લાભ લઇ શકે, તેમ કોઇ પણ ગૃહસ્થ છૂટથી લ્હાણી કરી શકે.**

**પંડિત દરબારીલાલજી અને પંડિત નાથુરામજીના ભાષણો નાગરી લીપીમાં ને હિન્દી ભાષામાં આપ-વામાં આવ્યાં છે, તેમ તેનો ટુંક સાર ગુજરાતીમાં આપવામાં આવ્યો છે.**

૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩. } લખો:— મંત્રી, મુંબઈ જૈન યુવક સંઘ

# જૈન મંદિરોમાં શ્રાવકો દ્વારા-પૂજાતાં શિવલિંગો.

## શ્રાવકોએ હવે સાવધાન રહેવાની અગત્ય.

મુનિરાજશ્રી જયન્તવિજયજી મહારાજ

– ગતાંકથી ચાલુ –

જો કે આગળના સમયમાં ના૦ સિરોહી દરબાર પાસે જૈનોનું ચલણ વધારે હતું. જૈનો દિવાન અને એવી મોટી મોટી જગ્યા ઉપર અમલદાર હતા. નામદાર દરબારની જૈનો ઉપર રહેમનજર વધારે હતી તેમ જૈનો પણ દરબાર ઉપર શુભ નિષ્ઠા રાખવાવાળા હતા, નામદાર સિરોહી દરબાર શ્રીમાન મહારાવશિવસિંહજીએ લગભગ સો વર્ષથી પીંડવાડા ગામની રોકડ આવકમાંથી બાર આની ભાગ અને જમીનની ઉપજમાંથી આઠ આની ભાગ તથા તે સિવાય બીજા પણ અરટો (કુવાવાળાં ખેતરો) શ્રી બામણવાડાજીના મંદિરને ભેટ કર્યાં છે, જેની વાર્ષિક આવક લગભગ રૂપીયા બે હજારની હજુ પણ શ્રી બામણવાડાજીના મંદિરને મળ્યા કરે છે. આમ પરસ્પર પ્રેમના જમાનામાં ના. દરબાર, ઠાકોરો અને અન્ય મુત્સદ્દીવર્ગની દાક્ષિણ્યતાથી મારવાડના કેટલાક શ્રાવકોની "સઘળા દેવ સાચા" એવી માન્યતાથી, પૂજારીઓના હાથથી કે બીજા ગમે તે હાથથી શ્રી બામણવાડાજીના કંપાઉન્ડમાં જ એક બાજુમાં ખાસ મોટું જિનાલય વિદ્યમાન હોવા છતાં શ્રી મહાવીરસ્વામીના મંદિરમાં શિવલિંગો સ્થાપન કરેલાં છે અને તેને આજ સુધી એમને એમ ચલાવી લેવામાં આવ્યું છે. પરંતુ હવે જમાનો બદલાયો છે. પહેલાંની સ્થિતિ હવે રહી નથી. કયા વેળાએ કેવી આફત આવશે તે સમજી શકાતું નથી. માટે આવા અવસરે સિરોહીના શ્રી સંઘે સંગઠન કેળવવાની અને યુક્તિ તથા શાંતિપૂર્વક રાજ્યની મદદ કે સમ્મતિ મેળવીને તે બાબતનો શીઘ્ર બંદોબસ્ત કરવાની ખાસ અગત્ય છે. જો તેમ કરવામાં નહિ આવે તો પાછળથી તમારે-સકલ જૈન સંઘને અથવા તમારી ભવિષ્યની સંતતિને કેટલું સહન કરવું પડશે? કેટલું ધર્માભિમાન ખમવું પડશે અને કેટલું ગુમાવવું પડશે? તે સંબંધી હું અત્યારે કાંઈ કહેવું ઉચિત ધારતો નથી.

મારવાડમાં અને તેમાં પણ ગોડવાડ અને સિરોહી પ્રાંતમાં કેટલાક શ્રાવકો હજુ પણ એવા જોવામાં આવે છે કે જે "બધા દેવ સાચા" ની માન્યતા રાખવાવાળા હોય છે, અથવા પોતે ખાસ જૈન હોવા છતાં અન્ય દર્શનીઓના દેવો ઉપર શ્રદ્ધા રાખનારા અને તેમનાં મંદિરો બંધાવનારા હોય છે, તે નીચેના કેટલાક દાખલાથી પુરવાર થઈ શકે છે.

(૧) સિરોહીમાં શ્રી આદીશ્વર ભગવાનનું એક મોટું અને પ્રાચીન મંદિર આવેલું છે. જેને લોકો આંબલીવાળું મંદિર કહે છે. તેમાં પ્રવેશ કરતાં ભમતીની દેરીઓની પાસે જ જમણા હાથ તરફ એક આરસની ખાસ દેરીની અંદર શિવલિંગ, પાર્વતીજી અને પોઠિયો વિગેરે હિન્દુ ધર્મનાં દેવ-દેવીઓની મૂર્તિઓ આ મંદિર બંધાવનાર અથવા તેમના વારસદાર શ્રાવકે સ્થાપન કરેલ છે.

(૨) સિરોહીથી અણાદરા તરફ જતાં વચ્ચે સિરોડી નામનું ગામ આવે છે ત્યાં ગામ બહાર શ્રીબામણવાડાજી નામનું એક જૈન મંદિર શ્રાવકોએ બંધાવેલું છે. તેની અંદરની ભમતીમાં જમણા હાથ તરફ એક ખુણામાં એક શ્રાવકે થોડાં જ વર્ષો પહેલાં એક દેરી કરાવીને તેમાં શિવલિંગો અને પોઠીઓ વિગેરે સ્થાપન કરેલ છે.

(૩) એરણપુર સ્ટેશનથી પાંચ માઈલ દૂર શિવગંજ ગામ છે. ત્યાં ગામની બહાર એક શ્રાવકે પોતાના બગીચામાં જોડાજોડ ત્રણ દેરીઓ કરાવી છે. તેમાં વચ્ચેની દેરીમાં તીર્થંકર ભગવાનની મૂર્તિઓ, એક બાજુની દેરીમાં શિવલિંગ અને પોઠીઓ તથા બીજી બાજુની દેરીમાં પોતાના ગુરૂ કોઈ હિન્દુ સાધુ (બાવા)ની મૂર્તિ સ્થાપન કરેલી છે.

(૪) મોજતગામની અંદર એક ઓસવાળ શ્રાવકે એક કંપાઉન્ડમાં જોડાજોડ બે દેરીઓ કરાવીને એકમાં શ્રી તીર્થંકરદેવની મૂર્તિઓ તથા બીજી દેરીમાં શિવલિંગ વિગેરે સ્થાપન કરેલ છે.

(૫) મારવાડના કેટલાક શ્રાવકો પોતાની દુકાનમાં બે, એક કે અરધી આની મહાદેવજીનો, પોઠીયાનો, પાર્વતીજીનો, અંબાજીનો, ચામુંડાદેવીનો, ખેતલાજીનો, શ્રીકૃષ્ણ ભગવાનનો અને એવા અનેક દેવ-દેવીઓના નામે ભાગ રાખે છે. પછી તેની આવકમાંથી તે તે દેવ-દેવીઓનાં મંદિરો કે દેરીઓ બંધાવે છે, જીર્ણોદ્ધાર-મરામત કરાવે છે અથવા હિન્દુ તીર્થોમાં જઈને અનેક રીતે તે દ્રવ્ય ખરચે છે. જિનેશ્વરદેવ કે માણિભદ્ર, ચક્રેશ્વરી દેવી વિગેરે જૈન દેવ-દેવીઓનો ભાગ રાખનાર તો કોઈ વિરલો સોમાં એકાદ જ હશે. જેવા કે પાંડીવવાળા શા. હજારીમલજીએ પોતાની દુકાનમાં શ્રી બામણવાડાજીનો ભાગ રાખેલો છે, અને તેની આવકની મોટી મોટી રકમો વખતો વખત તેઓશ્રી બામણવાડાજીના શ્રી મહાવીરસ્વામીના મંદિરમાં ખરચે છે.

(૬) સિરોહી પ્રાંતના લગભગ ઘણાંખરાં મંદિરોમાં મૂળ ગભારામાં કે ગૂઢ મંડપમાં, ચોકીમાં કે ગોખલામાં, છેવટે દીવાલમાં ખુલ્લે બારે કોઈ પણ જગ્યાએ, પાષાણની, ચુનાની કે ધાતુની ગણપતિની મૂર્તિ તો પ્રાયઃ હોય જ. આ મૂર્તિઓ ઘણેભાગે યતિઓના ઉપાશ્રય, મહાત્મા (કુલગુરૂ)ની પોશાળ કે શ્રાવકોના ઘરેથી આવેલી હોય છે. પહેલાં તેઓ આવી મૂર્તિઓ પોતાના ઉપયોગ માટે કરાવે છે અને પોતાના મકાનમાં રાખે છે. પાછળથી તે તે મકાનોનો નાશ થતાં, તેના પૂજનારાઓનો અભાવ થતાં કે તેઓ સાચવવાને અસમર્થ થતાં તેવી મૂર્તિઓ જૈન મંદિરોમાં મૂકી જાય છે. અને જૈન સંઘ, પંચ કે આગેવાનો તેને માટે બંદોબસ્ત કરતા નહિ હોવાથી જ આવી મૂર્તિઓ જૈન મંદિરમાં ઘણી દૃષ્ટિગોચર થાય છે. —ચાલુ.

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3 and Published by ·hirlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh, at 26-30, Dhanji Street Bombay 3

લગ્ન સંસ્થા.

Reg. No. B. 2917
*Tele. Add.* 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

છુટક નકલ ૧ આનો
વાર્ષિક રૂા. ૨-૮-૦

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર.
તંત્રીઃ-ચન્દ્રકાન્ત વી. સુતરીયા.

વર્ષ ૨ જું, અંક ૪ થો.
શનીવાર તા. ૧૯-૧૧-૧૯૩૨.

## યુવાનને હાકલ !

**યુવાન ! તું જાણે છે ?**

જગતના ધર્મોમાં જેનું ઉચ્ચ સ્થાન છે, જેણે જગતને અહિંસાનો મહામંત્ર સુણાવ્યો છે તે પિતા મહાવીરના શાસનની શું સ્થિતિ છે ? તેને ભૂતાવળ વળગી છે. તેને ભયંકર રોગ લાગ્યો છે, છતાં તારા યુવાનલોહીમાં કેમ ઉકળાટ નથી થતો ? સમાજ તરફનું ઋણ યાદ નથી આવતું ? કે પછી અંધશ્રધ્ધાના રાહુએ ઘેર્યો છે ? કે નિરાશાવાદમાં ઝુલે છે ? કે પીળાં કપડાંધારીઓ ઉપર મહેલાત ચણી રહ્યો છે ?

પીળાં કપડાંધારીઓ જ ઉન્નતિ કરશે એ અભિલાષા રાખવા પહેલાં તેમની સ્થિતિનો ખ્યાલ કર ! તેમાં જેઓ કલેશથી દૂર ભાગનારા છે, આત્મખપી છે, તેઓ પણ પાખંડીઓથી ગભરાતા ફરે છે એટલે પીળાં કપડાંમાં છુપાયેલ પાખંડીઓ તાંડવનૃત્ય કરી સમાજને કોરી રહ્યા છે—પ્રભુના શાસનનું લીલામ કરી રહ્યા છે. તે તારાથી અજાણ્યું છે ? છતાં જનતાને ભ્રમણામાં નાખી સતા થવા અનેક ગુલબાનો ઉડાવવામાં આવે છે, તેવા કોઇ ગુલબાનનું ભૂત તો નથી વળગ્યુંને ? જો વળગ્યું હોય તો સાનમાં સમજી લે !

એક વર્ષ ઉપર પીળા કપડા ધારણ કરનાર રામવિજયના શિષ્ય ભરતવિજય ચોમાસાના નિયમને ઠોકરે મારી, રાત લઇ મોટરદ્વારા સાણંદથી કોચરબ ઉતરે છે. અને લોકને ઠગવા પગપાળા કોચરબથી અમદાવાદ આવે છે; વકીલ કરે છે, અરજી ઉપર સ્ટેમ્પ લગાડી વકીલ સાથે કોર્ટમાં હાજર થઇ દીકરાનો કબજો લેવા અરજ કરે છે. આ બધું પીળાં કપડાંના લેબાસમાં જ ! જેનો ગુરૂ શાસ્ત્ર પ્રમાણે ચાલવાની વાતો કરે, તેનો એક વર્ષની દીક્ષા પર્યાયવાળો શિષ્ય ચારિત્રને ઝાંખપ લગાડનારૂં કૃત્ય કરવાની હિમ્મત કરે, એ શું ગુરૂના હુકમ સિવાય કરે ? ત્યારે એ ઉપદેશ 'પરોપદેશે પાંડિત્યં' કે 'પોથીમાંના રીંગણા' જેવો ખરો ને ?

આ તો જગજાહેર થયેલી વાત છે, બાકી પીળા કપડાધારીઓ કોઇ કુદરતની વિરૂધ્ધ પાપાચાર સેવનારા પડયા છે. કોઇ બાળશિષ્યોને ફટકાવનારા પડયા છે. કોઇ પાપના પોટલાં બાંધી મુલતાનથી રાત લઈ નાઠેલા પડયા છે, કોઈ ધાડપાડુઓ પેઠે બાળકોને નસાડવાના ધંધા લઈ બેઠેલા પડયા છે. આવા પેટભરા, સ્વાર્થી, ચારિત્રહીણ પૂરોહિત પાખંડીઓ પીળાં કપડાંને લજવી શાસનના નાવને ડૂબાડી રહ્યા છે. ત્યાં તું તેમના ઉપર સમાજોન્નતિનો આધાર રાખી બેસી રહે તો ભીંત ભૂલે છે એમ કહેવું શું ખોટું છે ?

યુવાન ! ઉઠ !

એ બધી આકાશકુસુમવત્ આશાઓ છોડી દઇ ઉઠ ! ઉભો થા ! અને સમાજની ઉન્નતિ માટે કટિબધ્ધ થઇ કામે લાગી જા ! અને સમજી લે કે શાસનની ઉન્નતિ આડે જે ભૂતાવળ ભડકા સળગાવશે તે ભડકામાં જ તે ભૂતાવળને ખાખ થવું પડશે !

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મનુષ્ય તરી જાય છે.

( આચારાંગ સૂત્ર)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૧૯-૧૧-૩૨.


## લગ્ન સંસ્થા.

જગતના વ્યવહારોમાં આપણે એક બીજાના સહકાર વગર રહેવું અશક્ય છે, તેમાંયે સ્ત્રીઓનો સહકાર જરૂરી છે, સ્ત્રી વગરનો પુરૂષ એ સંપૂર્ણ પુરૂષ બની શકતો નથી. આપણા દરેક વ્યવહારમાં સ્ત્રીઓનું સ્થાન ઉચ્ચતમ છે, તેમ સ્ત્રી જગતમાં પુરૂષનું સ્થાન પણ એટલું જ ઉચ્ચતમ છે. સ્ત્રી વગર પુરૂષ રહી શકતો નથી અને પુરૂષ વગર સ્ત્રી રહી શકતી નથી. કુદરતનો એ અટલ નિયમ છે. અને એટલા ખાતર જ સમાજમાં કોઇ પણ જાતની અંધાધુંધી કે વ્યભિચાર ન પેસી જાય તે માટે લગ્ન સંસ્થાની આવશ્યકતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જો કે આધુનિક લગ્ન સંસ્થામાં જરૂર સડો પેઠેલો છે, પણ એ સડાને દૂર કરીએ તો જરૂર આપણે આપણા ગૃહસ્થ જીવનને સ્વર્ગીય જીવન બનાવી શકીએ. દંપતીજીવનના મધુરા લ્હાવા લઇ શકીએ, પણ એ દિવસ ક્યાં ?

પ્રભુ આદિનાથ અને યુગલિયાના જમાનામાં તો કુદરતી રીતે જોડું ઉત્પન્ન થતું અને તે ધણી-ધણીઆણી તરીકે રહી પોતાનું આદર્શ જીવન જીવતાં હતાં, ત્યાર પછી યુગલિક પ્રથાનો લોપ થયો. કંઇ અંધાધુંધી અથવા સબળાઓ નિર્બળને હેરાન ન કરે તે માટે સમાજ તરફથી પ્રબંધ કરવામાં આવ્યો. અને કુલિન યુવાનોને યુવતીઓ ઉપર પોતાના લગ્નની જવાબદારી નાંખવામાં આવી હતી. આપણે એવાં અનેક રાજ્યો માટે ઇતિહાસમાં સાંભળ્યું છે કે-અમુક દેશની રાજકુંવરી માટે સ્વયંવરમંડપ રચાયો હતો. આગળ સ્વયંવરની પ્રથાથી જ એ લોકોના જીવન ઉચ્ચ પ્રકારનાં હતાં. માનવદેહને સાર્થક બનાવતા હતા. આપણા કથા સાહિત્યમાં પણ એવા ઘણા દાખલાઓ મળશે કે જેમાં લગ્ન સંબંધી કન્યાની ઇચ્છાને છેવટનો ચૂકાદો મનાયો છે. સ્ત્રી એ નિરૂત્સાહ માનવમાં પ્રેરણા આપનાર ચેતનનો ફુવારો છે. તેનાથી નૂતન ઉત્સાહ અને અગાધ પુરૂષાર્થ ફોરવવાની મહત્વાકાંક્ષાઓ જન્મે છે. સ્નેહલગ્નથી બંધાયેલ દંપતિથી જ સુદૃઢ અને મહાન્ સંતતિ ઉત્પન્ન થઇ શકશે. કુમારપાળ, વસ્તુપાળ, તેજપાળ, વિમળ, ઉદયન અને એવાં બીજાં અનેક મહાપુરૂષો આવા સ્નેહલગ્નથી બંધ થયેલ દંપતિથી જ ઉત્પન્ન થયેલ છે. જ્યાં સુધી સાંસારિક જીવન સંબંધી વર-કન્યાને કેળવણી ન મળે ત્યાં સુધી હેના લગ્ન બીન આવશ્યક મનાવાં જોઇએ. તેઓ પોતાના પગ ઉપર ખડા ન રહી શકતા હોય તો એ આદર્શમય જીવન કઇ રીતે પસાર કરી શકે ? વર અને કન્યાની ઉંમરમાં આઠ નવ વરસનો ફરક રહેવો જોઇએ: એટલે કે પુરૂષ પચીશ વર્ષનો હોય તો કન્યાની ઉંમર સોળ વર્ષની જોઇએ. આવાં જોડાંઓ જ સંગત ગણાય. સમાજમાં જો આ બાબત માટે ધ્યાન આપવામાં આવે તો ખરેખર આપણી લગ્ન સંસ્થા આદર્શમય નિવડે, સમાજનો ઉધ્ધાર થાય. કુરૂઢિઓ નાશ પામે અને કોઇ અનેરો આનંદ અને ઉત્સાહ ઉભરાઇ આવે. પણ એ બાબતની કોને પડી છે ?

આજે તો કન્યાની ઇચ્છા હોય કે ન હોય, વરની ઇચ્છા હોય કે ન હોય, પરંતુ માબાપની ઇચ્છાને આધિન થવું પડે છે. કેટલેક સ્થળે તો વરવિક્રય અને કન્યાવિક્રય પણ થઇ રહ્યા છે. આવાં લગ્નને લગ્ન કહેવું એ ખરેખર લગ્ન સંસ્થાને વખોડવા બરાબર છે. કારણ કે લગ્ન સંસ્થા એટલે પ્રભુતામાં પગલાં માંડવાં. આજે કેટલા પ્રભુતામાં પગલાં માંડે છે ? કેટલા દંપતીજીવનનાં અનેરા લ્હાવા લે છે ? કેટલા સંસારનો સાચો આનંદ મેળવે છે ? કેટલા ગૃહસ્થ જીવનને સુદૃઢ અને સુખદ બનાવે છે ? જવાબમાં કશો ઉત્તર નહિ આપી શકાય. કારણ કે આજનું આપણું ગૃહસ્થ જીવન સળગે છે. હેનું કારણ કેવળ કોઇ બેસાડેલ શરીર સંબંધ છે. જોહુકમીથી થયેલાં લગ્નનાં માઠાં પરિણામ આજે સમાજને ભોગવવાં પડે છે. સમાજનો નેવું ટકા ભાગ આજે લગ્ન સંસ્થાના બાહુ નીચે પોતાના ગૃહસ્થ જીવનને બરબાદ કરી રહ્યો છે. કજોડાં, બાળ અને વૃદ્ધ લગ્નોથી સમસ્ત સમાજ આજે બદનામી રહ્યો છે.

અરે ! જેની સાથે પોતાની જીવનનૌકા જોડી દેવાની છે, જેને પોતાના હૃદયમંદિરમાં આરાધ્ય દેવ કે દેવી તરીકે સ્વીકારવાના છે. જેની જોડે સંસારના મધુરા લ્હાવા લેવાના છે અને જેનાથી સંસારને સ્વર્ગમય બનાવવાની મહત્વશાલિની ભાવના જાગૃત કરવાની છે, તેવા વરને કન્યા સંબંધી કે કન્યાને વર સંબંધી જરાયે માહિતી મેળવવાનો, ઓળખવાનો કે વાતચિત કરવાનો પ્રસંગ ન મળે એ લગ્નને લગ્ન જ કેમ કહી શકાય ? એ અમે સમજી શકતા નથી. આવાં લગ્નને તો લગ્ન કહેવા કરતાં સમાજ ચિતરની ચકીમાં પીસાતાં અને માબાપના સ્વાર્થનો ભોગ બનેલ યુવાન યુવતિનો વ્યભિચાર કહેવો વધારે સંગત લાગે છે. ખરી લગ્ન સંસ્થા તો એજ કહેવાય કે જે લગ્ન વરકન્યાની ઇચ્છાથી થતાં હોય, એક બીજા પરિચયમાં હોય, આપસમાં ઓળખતાં થાય, અને સમજી લે કે આપણું દંપતીજીવન સુખમય નિવડશે, તોજ એક બીજા લગ્નગ્રંથીથી જોડાય. આધુનિક પ્રચલિત લગ્ન સંસ્થાથી આપણી દશ લાખની વસ્તીમાં લગભગ દોઢ લાખ તો વિધવા છે. અને હેમાંયે દશ હજાર તો બાળવિધવાઓ છે. આમ વિધવાની ફોજ જે સંસ્થાથી વધતી હોય હેને આદર્શસંસ્થા કઇ રીતે કહેવાય ? ખાસ કરીને કજોડાં લગ્ન, બાળ લગ્ન અને વૃદ્ધ લગ્નને લગ્ન સંસ્થાથી બાતલ કરવાં જોઇએ. અને જોહુકમીથી લગ્ન ન કરતાં વરકન્યાની સંપૂર્ણ સંમતિ લઇને પછીજ જો લગ્ન કરવામાં આવતાં હોય તો તે લગ્ન આદર્શમય નિવડે. લગ્નમાં બીજા પણ અનેક કુરિવાજો ઘુસી ગયેલ છે કે જે સભ્ય જગતમાં જરાયે શોભાસ્પદ નથી. આ બાબત માટે '**શાહુની ડાયરી**' કે જે અમારા ગતાંકમાં પ્રગટ થઇ ગયેલ છે તેમાં ખૂબ કહેવામાં આવ્યું છે. બીજું લગ્નાદિ પ્રસંગોમાં જે બખાલુ ખર્ચો કરવામાં આવે છે તે તદ્દન અનિચ્છનીય છે. જેટલો બાહ્ય આડંબર કરવામાં

(3)



આવે છે તેટલો જ તે સંસ્થા ઉપર બોજ વધે છે. લગ્ન તો જેમ બને તેમ સાદાઈથી જ કરવાં જોઈએ. સાદાઈનો આદર્શ તો આપણા જીવનના પ્રત્યેક અંગોમાં આવવો જ જોઈએ, કુલિનતા અને શ્રીમંતાઈના ખપ્પરમાં કપડાં-લત્તા તેમજ જમણવાર, ઢોલ-તાસાં અને તેવા બીજા નિરર્થક કાર્યોમાં હજારોનો વ્યય થાય તે સામાજીક દ્રવ્યની નિરર્થક બરબાદી છે. જ્યારે દેશના કરોડો માણસો ભૂખે મરતા હોય, લાખો સ્વધર્મીબંધુઓ નોકરી અને ધંધાને અભાવે રોટી અને કપડાં માટે રખડતા હોય, ત્યારે આવા બીન ઉપયોગી ખર્ચો કરીએ એ આપણા આત્માનો દ્રોહ કરવા બરાબર છે.

# પ્રાસંગિક નોંધ.

## એક ખુલાસો:-

તા૦ ૧૧-૧૧-૩૨ ના 'વીરશાસન'માં અને તા૦ ૧૨-૧૧-૩૨ ના 'મુંબઈ સમાચાર'ના અંકમાં મગનકુમાર જૈન ઉર્ફે મહેન્દ્રવિજયજી તરફથી એક ખુલાસો જાહેર પાડવામાં આવ્યો છે. તેમાં અમારા ઉપર તથા યુવક સંઘ ઉપર તદ્દન જુઠા આક્ષેપો મુકવામાં આવ્યા છે. તે સંબંધી ખુલાસો કરવો ઉચિત સમજીએ છીએ. તે ભાઈ લખે છે કે "આ સંબંધમાં ચંદ્રકાન્તની સાથે મારે વાતચીત થઈ હતી તેથી વિપરીત સ્વરૂપમાં આલેખવામાં આવેલ છે" આ બીના તદ્દન જુઠી છે. અમે મગનકુમારને ઓળખતા જ નથી. તેમ કદી હેમને મળ્યા હોઈએ તેમ અમારી જાણમાં નથી. તો પછી અમારી જોડે વાતચીતનો પ્રસંગ ક્યાંથી જ હોય? પરંતુ વાત એમ બની છે કે મહેન્દ્રવિજયજી સંસારી બની મગનકુમાર થયો એટલે હેના ગુરૂદેવો પ્રત્યે વેર વાળવા માટે અમારી (પ્રબુદ્ધ જૈન) ઉપર એક પત્ર લખવામાં આવ્યો છે, જે અમારી પાસે મોજુદ છે. હેમાં એવું લખવામાં આવ્યું છે કે-જે અમે અક્ષરે અક્ષર જાહેર પાડયો નથી. આવા લેભાગુઓ તરફથી જ્યારે કાંઈ પણ સંસ્થા વિરૂદ્ધ છપાય છે. ત્યારે શાસનપ્રેમી(!)નો દાવો કરતા કેટલાક ભદ્રંભદ્રો આવાઓને શોધતા જ ફરે છે; અને આજીવિકાના સાધન વિહોણા આવા અજ્ઞાન ઓઘમીરોને પોતાની શરણાંની જાળમાં ફસાવી હેને મોઢેથી યુવક સંઘ સામે અને હેની કાર્યવાહી સામે બોલાવે છે. પેટને માટે પોતાની જાતને ગીરો મુકતા આવા મગનકુમારો તેઓના હથીઆર બની પોતાના અભેદ્ય પત્રને પણ ભુલી જઈ વદ્દા તદ્દા બકે છે. બાકી સાધુઓની કાર્યવાહી હવે જનતાથી અજાણી નથી. આગળ ચાલતાં તે લખે છે કે "યુવક સંઘના કાર્યવાહકો ચન્દ્રકાન્ત અને કરસન વનમાળી જેવાની વાગુંજાળમાં હું ભોળો હોઈ ફસાયો, કે જેઓ આવાજ ધંધા કરે છે. અને જેમની સાથે અમારો સમુદાય સંબંધ રાખતો હતો" આ બીના પણ તદ્દન જુઠી છે. યુવક સંઘે કે અમે કોઈ દિવસ કોઈની દીક્ષા છોડાવવાનો પ્રયત્ન કર્યો નથી, કરસન વનમાળી કોઈ યુવક સંઘનો કાર્યકર્તા નથી. તેમજ તેની જોડે અમારે કે યુવક સંઘને કશો સંબંધ નથી. તે સિવાય હેના સમુદાય જોડે પણ યુવક સંઘને કે અમારે કોઈ પણ જાતનો સંબંધ નથી. આ બધું જુઠ ઉભું કરવામાં આવ્યું છે. મગનકુમારને બીલકુલ લખતાં આવડતું નથી. ખુલાસામાં પણ ગોટી ફીસોસોરી ખાંડી છે. હેના આવેલ પત્ર ઉપરથી અમે નિઃશંક કહી શકીએ છીએ કે આ ખુલાસો મગનકુમારનો નથી. અને હોય તો પણ અમારે હેની સાથે કશી નિસ્બત નથી. આશ્ચર્ય તો એ થાય છે કે આવાઓ અમારૂં નામ શા માટે સંડોવે છે. શું "પ્રબુદ્ધ જૈન"ના નિડર લેખો હેમને ભારે પડે છે? જનતાને પણ જણાવી દેવું જરૂરી સમજીએ છીએ કે આવા શાસનપ્રેમીઓના કારસ્થાનોમાં કશું વજુદ નથી.

## પીળાં કપડાંના પાપ.

વીરના શાસનમાં જે સાધુસંસ્થા પવિત્ર અને જગતની પ્રજાને ઉંચ કોટિની લાગતી હતી તે જ સાધુ સંસ્થામાંથી અમુક વર્ગને બાદ કરતાં બાકીનાં વર્ગની પીળાં કપડાંને લજવનારી વર્તણુંકથી આખી સાધુ સંસ્થા વગોવાઈ રહી છે. અને મોવડીઓના મૌનથી શાસ્ત્રોને ઉંધા મુકી સરકસની પેઠે ખેલખાખ વર્તી છડેચોક શાસનનું લીલામ કરી રહી છે.

અત્યાર સુધી તો સગીરોને નસાડી, સંતાડી, મુંડી નાખવાની જ આંખમીંચામણી રમાતી, પરંતુ હવે તો તેમના પાપે અગર કર્મના દોષે કોઈ દીક્ષિત વેશ છોડીને નાશી છુટે તો અનેક પ્રકારના ઝગમગયો-ધમાધમીઓ કરતાં ન ફાવે તો ચારિત્રની પરવા કર્યા સિવાય કોર્ટના આસરા લઈ કબજો લેવાની બેવકુફી આદરાય છે. છતાં જેઓ આગમ પંચાંગીને માને છે તેવાઓ પાસે દર્ભા રામવિજય ખોળાધરી માગે છે અને જ્યારે એનો પરિવાર આગમ ઉપર પગ મુકી ચાલે છે ત્યારે ચલાવી લે છે.

સાધુ ફોજમાં પેટનો ખાડો પુરવા બેકારોની જ્યારથી ભરતી કરવા માંડી ત્યારથી આ પેટભરા પીળાં કપડાં ધારીઓમાં જેઓ કાવાદાવામાં બધી વાતે પુરા હોય તેવા નગુરા ગુરૂને વહાલા થઈ પડે છે. એટલે પૂછવું જ શું? જ્યાં રામવિજયો અને સાગરાનંદો તેમના તેવા ખેવકુફોના કાનમાં એવું તો ઝેરી વિષ રેડે છે કે-વિજયધર્મસૂરિ સાધુ નહોતા, અધર્મી હતા. આચાર્ય બુદ્ધિસાગરનું ચોથું વ્રત ખંડિત હતું. આવી તેમની માનસ સ્થિતિમાં બાળબુદ્ધિની પેઠે સદ્દગત આચાર્યો માટે ખોટી વાતો ઉભી કરી, સમાજના શરીરમાં પીલા ભોંકી, એક બીજાને લડાવી, ભક્તોનાં ટોળાં ઉભાં કરી, જૈન સમાજને છિન્નભિન્ન કરવાનાં પાપ આ પાખંડીઓ સિવાય બીજા કોણ કરે?

જૈન સમાજના મોવડીઓ! હવે તમારી હસુપસુસ્થિતિને સ્થિર કરી આ ભાન ભુલેલાઓને પ્રભુનું શાસન કેવું છે? સાધુતા શું છે? તે સમજાવો. સાથે જેવી રીતે શાન્તિલાલના કેસને ઘરનો મણિને ભાઈ હિંમતલાલ શુકલ વકીલે સેવાવૃત્તિથી, તેમ અમદાવાદના જૈન યુવાનોએ ફરજવૃત્તિથી જે મદદ કરી છે તેવી મદદ કરવા ઉભા રહો. અને બાળહરણ કરનારા, પીળાં કપડામાં રહી ચારિત્રને ભ્રષ્ટ કરનારા પતિતોને ચેતાવી દ્યો કે-**પતિતો, પેટભરાઓ, કલેશોત્પાદકો, બાળહરણ કરનારાઓ તમારી લીલાઓ સંકેલી લ્યો, ને પ્રભુએ દોરી આપેલા ચીલે ચાલો. નહિ તો તમારા કર્મે વગર ભાડાની ઓરડીમાં કે આંદામાનના ટાપુમાં હવા ફેર(!) જવું પડશે!**

## સાણંદમાં કુડ કલંક.

સાણંદમાં કારતક સુદિ ૧૧ ના રોજ પ્રતિક્રમણમાં એક શ્રાદ્ધ શ્રી બુદ્ધિસાગર કૃત સ્તવન બોલતાં સાધુએ અટકાવેલ અને તેના સમર્થનમાં કહ્યું કે-બુદ્ધિસાગરનું ચોથું વ્રત ખંડિત

# જૈન ધર્મના દીક્ષા-ખપ્પરમાં

## એક વધુ બલિદાનની તૈયારીઓ

### ચૌદ વર્ષની કુમારિકા-બ્હેન તારા જૈનધર્મના દીક્ષા-ખપ્પરનો ભોગ બને તે પહેલાં જુવાનોએ જાગવાની જરૂર છે:

## ચૌદ વર્ષની કુમારિકાને સાધ્વી બનાવશે?

નાદાન અને કાચી ઉમ્મરના છોકરા-છોકરીઓને દીક્ષાની ફકની પહેરાવી ચેલા-ચેલી બનાવવાની પ્રવૃત્તિ જૈનધર્મમાં આજે જોરશોરથી ચાલી રહી છે. એ પ્રવૃત્તિના આગેવાન તરીકે નામચીન બનેલા રામવિજયજીએ પોતાની સામે પ્રબળ વિરોધ છતાં આજસુધીમાં અનેક ચેલા-ચેલીઓનો સંઘ ઉભો કર્યો છે ને હજી પણ એમની એ વિનાશક યોજનાઓ ચાલુ જ છે. જૈન ધર્મનો શિક્ષિત સમાજ તો એ મુનિની આ પ્રકારની ધાર્મિક ગુંડાશાહી સામે ખુલ્લો રોષ જાહેર કરે છે તેમ છતાં ચેતવાને અંધશ્રદ્ધાળુ પેટાં-ભકતોની મદદ વડે ધર્મના એ કહેવાતા મુનિ પોતાનું ગાડું આગળ ચલાવી રહ્યા છે.

પરંતુ એકલા રામવિજયની પ્રવૃત્તિઓ જાણે અધુરી હોય તેમ અમદાવાદમાં એના અનુયાયિ એક સાધ્વીએ ચૌદ વર્ષની કુમારી બાળાને પોતાના શિકાર તરીકે પસંદ કરી છે. અત્રેની ઝવેરી વાડ, આંબલી પોળના અપાસરાની ચંપકશ્રી નામની એ સાધ્વીની ઉંમર લગભગ પાંત્રીસેક વર્ષની હશે. એનું મૂળ નામ બાઇ ચંપા. લગભગ બે વર્ષ ઉપર પોતે વિધવા બનતાં પુણ્યશ્રી ગુરૂ પાસે એણે દીક્ષા લઈ સાધ્વી તરીકે જીવન શરૂ કર્યું ને આજે પોતાના સાધ્વી જીવનની શરૂઆતમાં શિકારની પહેલી ગોળી માત્ર ચૌદ વર્ષની અજ્ઞાન બાળા પર તાકી!

### સાધ્વીજીના પંજામાં

સાધ્વી ચંપકશ્રીના પંજામાં બ્હેન તારા કેવી રીતે સપડાઇ એની વિગત પણ જરા જાણવા જેવી છે. મૂળ તો શાહી મંગળદાસ હરીલાલની પુત્રી બાઇ ચંપા પ્રસ્તુત બ્હેન તારાની માશી થાય; ને તેથીજ પોતાની માશી પરના વિશ્વાસને લઇ તારા તેની વારંવાર મુલાકાત લેતી, મુલાકાતો દરમ્યાન તેની માશી તેના પર પોતાના જીવનની છાપ પાડતી ને તેને પણ પોતાના જેવી બનવા અત્યારથી જ શીખામણ દેતી. આ રીતે આ જૈન સાધ્વીએ પોતાના પર મૂકેલ વિશ્વાસનો ગેર લાભ લઈ છોકરીનું મગજ ચકડોળે ચડાવ્યું ને આખરે કારતક વદ ત્રીજના દિવસે બ્હેન તારાને દીક્ષા આપી સાધ્વી બનાવવા નક્કી કર્યું.

છતાં બહારથી માત્ર નજીવા દેખાતા કારણ પાછળ માશીના મનોરથોનો પાર નથી. ખરી વાત એ છે કે પોતાની ખાધેલ પીધેલ કાયાની સુશ્રુષા કરવા માશીને એકાદ ચેલીની જરૂર છે ને એવી જગ્યા પોતાની ભાણેજ પૂરે એવી આશાથી જ સાધ્વી ચંપકશ્રીએ પોતાની જાળમાં આ નિર્દોષ પંખી સપડાવ્યું છે.

### એક નિર્દોષ બાળા

સાધ્વી ચંપકશ્રીની ભાણેજને જૈનધર્મના અગ્નિકુંડની આહૂતિ બનેલી બ્હેન તારાની ઉંમર માત્ર ચૌદ વર્ષની છે. ગુજરાતી ૭ ચોપડી સુધી તેણે શિક્ષણ મેળવ્યું છે, તેના પિતા અમૃતલાલ હેમચંદ મહેતા હાલ મનસુખભાઇની સ્કુલમાં માસ્તર તરીકે કામ કરતા હોઇ દરિયાપુર કડીયાવાડમાં રહે છે. ટુંકા પગારમાં એમને ચાર પાંચ સંતતિનું પોષણ કરવાનું છે ને તારાની માતા તો હાલ સુવાવડના છેલ્લા દિવસો ગુજારે છે. આ સંજોગોમાં ચૌદ વર્ષની નિર્દોષ બાળા પર એની માશીએ નાંખેલ ભૂરકી એના કુટુંબ માટે એક દુઃખદાયક ઘટના બને એ તદ્દન સ્વાભાવિક નથી શું? વધુ નોંધવા લાયક તો એ છે કે બ્હેન તારાનો વિવાહ પણ થઇ ગએલ હોઈ લગ્ન બાકી છે

### "માથું મુંડીને છોકરી લઇશ!"

તારાએ તેની માતા મેનાને પોતાનો સાધ્વી બનવાનો ઇરાદો જણાવ્યો ત્યારે એણે કહ્યું કે 'હમણાં નહિ. બે મહિના પછી ત્હારે જે કરવું હોય તે કરજે!' પરંતુ માશીના ઉપદેશ પાછળ મુગ્ધ બનેલી નિર્દોષ બાળાએ પોતાની જક કાયમ રાખીને એની માશીએ તો વહેલી તકે પોતાનો શિકાર સર કરવા તદ્દન નજીકનું મૂહુર્ત કારતક વદ ત્રીજનું નક્કી કર્યું.

આ તમામ પ્રવૃત્તિઓની ખબર તારાની ફોઇ બ્હેન ગજીબ્હેન ચકુભાઇ કુલચંદની વિધવા જે હાલ રીચીરોડ પાડાપોળમાં રહે છે તેને મળતાં કારતક સુદ ૧૨ ને રોજ તેણે તારાને પોતાને ત્યાં મળવાને બહાને બોલાવી ને તારા પોતાને ત્યાં આવતાં તેને ઘેર પાછી જવા નહિ દેતાં પોતાને ત્યાં જ રહેવા ફરજ પાડી. તારાના માતા પિતા તો કંઈ કરી શકવા અશક્ત હતાં તેથી જ તારાને દીક્ષા નહિ લેવાનું સમજાવવા તેની ફોઇએ આ પગલું લીધું.

---

હતું. આથી ઉપાશ્રયમાં મોટો ઉહાપોહ થયો. છતાં આશ્ચર્યના જુવાનો આ ફ્રેરની ગોળી ગળી જઈ ટાઢા થઈ ગયા લાગે છે નહિ તો જેઓ બાળબ્રહ્મચારી હતા. જેના ચારિત્ર માટે કોઇ પણ દિવસ એક શબ્દ બહાર આવ્યો નથી. તેવા ચારિત્રશાળી આચાર્યશ્રીની હૈયાતિ પછી આજકાલના કલુષિત લેખકો ઇચ્છાનુસાર ખોટાં કલંકો લગાડે છતાં સમાજ વધુ નહિ પણ ચારી સરખી મંગાવવાની હિંમત ન દેખાડે એ શું ઓછી શરમની વાત છે?

પરંતુ, આમ થતાં પેલી સાધ્વી ચંપકશ્રીનો મિજાજ કાબુમાં ન રહ્યો. પોતે લગભગ પચાવેલ શિકારને તેની ફોઇ રક્ષણ આપે એ વાત તેને રૂચી નહિ તેથી બીજે દિવસે એટલે કારતક શુદ ૧૩ ને શુક્રવારે પોતે જ બહેન મણીને ઘેર પહોંચીને કહ્યું કે: 'તારાને મારી સાથે મોકલો.'

તારાની ફોઇએ સાધ્વીજીનો બોલ મજુર કર્યો નહિ ને તારાને જવા પણ ન દીધી. એટલે તો જૈનધર્મના થાંભલા જેવી પોતાને ગણતી સાધ્વીએ અણછાજતો બોલ ઉચ્ચાર્યો ને એટલે સુધી પણ ધમકી આપી કે 'તમારૂં માથું ફોડીને પણ છોકરીને લઇશ !'

**હવે શું ?**

સાધ્વીજીએ પોતાનાં મિજાજનું પ્રદર્શન તો બરાબર કર્યું. કેમકે, ધર્મના ને બહેન તારાના કલ્યાણ માટે જ એ તો બધું કરે છે ને ? એમણે તો પોતાના શિકારનો કબજો મેળવવા તમામ પ્રયત્નો કરવાની ધમકી આપી છે ને વૈરાગ્યના વેગમાં પાગલ બનેલા સાધ્વીજી એમ ન કરે તો બીજું કરે પણ શું ? જ્યાં, જૈન ધર્મના પ્રાણવાન જુવાનોએ હવે બહેન તારાનો કોઇ પણ ભોગે બચાવ કરવો રહે. કારતક વદ ત્રીજનું મુહુર્ત નકામું નિવડે તેથી કંઇ ખાસ ફાયદો નથી, ખરી વાત તો એ છે કે બહેન તારાના મગજમાં એની સાધ્વી માશીએ જે ભૂંસુ ભર્યું હોય તે વહેલી તકે દૂર કરવું જોઇએ. સાધ્વી ચંપકશ્રી પોતાના સ્વાર્થને ખાતર જ પોતાની ભાણેજનું જીવન ધૂળ કરવા તત્પર બન્યા છે, પરંતુ તે પોતાની પ્રવૃત્તિ ન અટકાવે તો જૈનધર્મને તેના સાચા સ્વરૂપમાં સમજતા આગેવાનો અને સંસ્કારી ભાઇ બહેનોએ આ વાતને ઉપાડી લઇ જીવનના ઉંબરે પગ મૂકતી નિર્દોષ કુમારિકાનું બરબાદ થતું ભવિષ્ય સુધારવા આ ક્ષણે જ તૈયારી કરવી જોઇએ.

(મનરંજન, તા૦ ૧૩-૧૧-૩૨)

**નોટ**—અમારા ખબરપત્રી તરફથી ખબર મળ્યા છે કે, કારતક વદી ૩ ના રોજ બેન તારાને દીક્ષા આપવાની હતી. પણ ખૂબ ઉહાપોહ ને ખળભળ થવાથી આપી નથી. હાલ તુરત તો બંધ રહેલ છે. તંત્રી.

## શું તમે ગ્રાહક નથી ?

## ન હો તો આજે જ બનો !

શિષ્ટ સમાજમાં બહોળો ફેલાવો પામેલું, સમાજના અનેકવિધ સળગતા પ્રશ્નોનું નિડરતાથી ઉકેલ કરતું, જૈનોમાં જાગૃતિ લાવતું, સમાજ, ધર્મ અને રાષ્ટ્રની શુદ્ધ સેવા બજાવતું, સેવાર્થે પ્રગટ થતું નૂતન યુગનું અગ્રગણ્ય સાપ્તાહિક—

### " પ્રબુદ્ધ જૈન "

દરેકે દરેક જૈનોના ઘરમાં હોવું જ જોઇએ, પ્રબુદ્ધ જૈન વિનાનું ઘર તે આભૂષણ વિનાના શરીર જેવું છે, પ્રબુદ્ધ જૈનના વાંચન સિવાય એક પણ જૈન વંચિત ન રહેવો જોઇએ માટે આજે જ ગ્રાહક તરીકે નામ નોંધાવો, વાર્ષિક લવાજમ ફક્ત રૂ. ૨-૮-૦

છુટક નકલ એક આનો

લખોઃ—વ્યવસ્થાપક

"પ્રબુદ્ધ જૈન"

[ પંચમહાવ્રત ઉચ્ચર્યાં છતાં સાધુઓ ગુંડાશાહી ચલાવવામાં કેવો ભાગ ભજવે છે તેનો નમુનો. તંત્રી ]

# કોનો વાંક ?

અમારા બોટાદના સદ્‌ભાગ્યે આચાર્યશ્રી વિજયનેમિસૂરીજીનું ચાતુર્માસ અત્રે થયું દરમ્યાન કમનસીબે તા૦ ૩-૧૧-૩૨ ની પોલ પત્રિકામાં તેમના એક શિષ્યનું ઉધ્ધત મન થવાના અને આત્મઘાતની પ્રવૃત્તિ કરવાના ખબર પ્રકટ થયા. આ ખબર વાંચી સમુદાય કચવાયો હશે તેમને સંતોષવા પાસે બેસનારાઓએ કાન ભંભેરવાથી કે ગમે તેવા સંજોગોમાં હું તા૦ ૮-૧૧-૩૨ ના રોજ ગુરૂવંદન અર્થે ગયો ત્યારે પોલ પત્રિકામાં લખનાર તુંજ છે તેમ કહી સાધુ સમુદાયે મારા ઉપર ગાળોની ઝડી વરસાવવી શરૂ કરી અને આચાર્ય નંદનસૂરિએ તો જોરથી લાતનો પ્રહાર પણ કરી દીધો. આચાર્યના જવાબદાર સ્થાને રહેલા શ્રી નંદનસૂરિએ મર્યાદા મૂકી ત્યાં યુવક સાધુઓના પાટુ મારવાની ભજની ક્યાં કરૂં ? મારે એટલું તો કબુલ કરવું જોઇએ કે, આચાર્યશ્રી વિજયનેમિસૂરિએ તેમને વાર્યા અને શાંતિ પાથરવાનો પ્રયત્ન કર્યો પણ તેઓએ માન્યું નહિ. આ મહાન્ પુરૂષની હાજરીમાં શિષ્યો મર્યાદા મૂકે તો પછી તેમની ગેરહાજરીમાં તેમના નામની હુંફથી કેવું વિપરિત પરિણામ આવે તે તેઓ સમજી શકયા હશે, હું મહાવીરના વેષને દુભવવા માગતો નથી; પરંતુ એટલો તો નિર્ણય થવો જોઇએ કે પોલ પત્રિકામાં લખાવનાર કોણ છે ? તેનો લખનાર હું નથી એવું એવું મેં પ્રતિજ્ઞાપૂર્વક વારંવાર કહ્યું છતાં તે ઉપર ધ્યાન આપવામાં આવ્યું નહિ અને હું ગાળો ખાતો અને માર ખાતો બેસી રહીને ફરી ફરી એ જ વિનંતિ કર્યાં કરતો, પણ ક્રોધ શાંત થવાને બદલે ઉગ્ર સ્વરૂપ લેવા લાગ્યો. એટલે ફોજદાર સાહેબ તથા ગામના હાજર રહેલા ભાઇઓએ હાલ ખસી જવાની મને સલાહ આપવાથી મારે નિરૂપાયે ત્યાંથી અધુરી દાદે ખસી જવું પડ્યું છે; પરંતુ આ રીતે મારી ઉપરના આક્ષેપનું નિવારણ ન થઇ શક્યું માટે આ જાહેર વિનંતિ કરવી પડે છે.

પોલ પત્રિકામાં છપાયેલી બીનાની સત્યતા માટે હું આ પ્રસંગે ચર્ચા કરવા ઇચ્છતો નથી, કેમકે મને સત્ય વાત મોઢેથી કહી દેવાની ટેવ છે અને ખોટા નામે લખવાની પ્રતિજ્ઞા છે તે વાત મહારાજ સાહેબ જાણે છે, છતાં કોઇના ઉશ્કેરવાથી દોરવાઇ જવું તે ત્યાગીઓને શોભતું નથી; માટે મારી આ અરજ ધ્યાનમાં લઇ પોલ પત્રિકામાં લખાવનાર કોણ છે તેની ખાત્રી ભરી તપાસ કરવા અને મને ચએલ કલંકનો ગેરઇન્સાફ દૂર કરવા અથવા જો મહારાજશ્રીથી ઉતાવળું સાહસ થયું હોય તો તે ભૂલ અંતઃકરણથી સુધારી લઇ ચારિત્ર નિર્મળ કરવા નમ્ર વિનંતિ છે અને મારી કોઇ જાતની કસુર કે ભૂલ સાબિત કરે તો શ્રી સંઘ કહે તે પ્રમાણે વર્તવા તૈયાર છું.

શા૦ લાડકચંદ પાનાચંદ-બોટાદવાળાની સહી દા. પોતાના

**બદનક્ષીની ફરીયાદ**—અમદાવાદના શેઠ લલ્લુભાઇ મનોરભાઇવાળા શ્રી શકરાભાઇ "વીરશાસન" પત્ર સામે બદનક્ષીના આરોપની ફરીઆદ માંડનાર છે.

# કુસુમવિજયના કેસની રોમાંચક કથા!

રામભકતોની દોડાદોડ!!—સાધુતાનું છડેચોક લીલામ !!!

## સી ટી મેજીસ્ટ્રેટની કડક ટીકા અને ચુકાદો.

સગીરોને નસાડી-ભગાડી મુંડી નાખવાનો ધંધો લઈ બેઠેલાઓએ બે વર્ષ ઉપર એક બાળકને ઝાંપડાની પોળમાં મુંડી નાંખી કુસુમવિજય નામ આપેલું. તેઓ ગત ચોમાસામાં તેમના ગુરૂ રામવિજય સાથે વડવાણમાં ચોમાસું હતા. પરંતુ કંઈ કડવા અનુભવો થતાં પીળાં કપડાંથી નાશી છૂટવા કારતક શુદિ ૧૧ ના દિવસે ઓઘા સિવાય પીળા કપડામાં રાત લઈ નાઠા. વાત વાયરો થઈ જાય તેમ ખબર પડતાં રામભકતો અને બીજાઓ કુતુહળતાથી પાછળ લાગ્યા. ખેંચતાણ થઈ. આખરે પોલિસચોકી સુધી વાત પહોંચી ને સીટી ઈન્સ્પેક્ટર માધવસંગજી પાસે કુસુમવિજયે સ્ટેટમેન્ટ કરી ત્રણ-ચાર માણસો સાથે ગાડી પકડી, અને સાથે ચાર પાંચ રામભકતો પણ ચડી બેઠા, ને સંજોગવશાત્ અમદાવાદ ઉતર્યા.

રામવિજયના પાંજરામાંથી એક પંખેરૂં કંટાળીને—થાકીને સ્વેચ્છાએ નાશી છૂટે તે તેને કેમ પાલવે? એટલે તેનો ઈશારો થતાં જ અમદાવાદ તાર છૂટ્યા ને ગીરધર પરસોતમની આગેવાની નીચે રામભકતોની એક ટુકડી અમદાવાદ સ્ટેશને હાજર થઈ હતી. ગાડીમાંથી ઉતરતાં કુસુમવિજયને સોંપી દેવાની માગણી કરી જ્યાં કાઠીઆવાડીભાઈઓ એમ થોડા જ સોંપી દે તેમ હતા. એટલે ઝઘડો જામ્યો, ને પોલિસ વચમાં પડી. અને પોલિસે સીટી મેજીસ્ટ્રેટ પીરભાઈની કોર્ટમાં છોકરાને રજુ કર્યો.

બારને ટકોરે કોર્ટ બેસતાં જ કુસુમવિજયના બાપ જેઓ હાલ સાધુ છે, તેઓ તરફથી તેમના વકીલે કબજો લેવા જણાવ્યું. જ્યાં છેવટે મેજીસ્ટ્રેટે તેની મા ન આવે ત્યાં સુધી તેને રા. બ. મહીપતરામ રૂપરામ અનાથાશ્રમમાં રાખવા હુકમ કર્યો.

કાંતિલાલ (કુસુમવિજય) ની માતા બાઈ મણીએ તેનો કબજો લેવા પોતાના વકીલ મી૦ હિંમતલાલ શુકલ મારફતે અરજી આપી. તેની સામે કાંતિલાલના પિતા ભોગીલાલ, જેઓ હાલ સાધુના વેશમાં છે અને ભરતવિજયના નામથી ઓળખાય છે, તેમ આબુંદમાં ચોમાસું છે. તેઓ એક સાધુ સાથે આબુંથી રાતના માઉં એક ચાલી, તેડવા આવેલ મોટર મારફતે ચોમાસાના નિયમને ઉંચો મુકી રાત્રિના વખતે મોટર નં. ×૮૭૯૨ દ્વારા કોલ્વરડા ઉતર્યા અને ડાયરથી પગે વિહાર કરી અમદાવાદ આવી પોતાના વકીલ પાંડુરાવ સાથે કોર્ટમાં હાજર થઈ છોકરાનો કબજો લેવા સ્ટેમ્પ લગાડી અરજી કરી. વાહ! સાધુતા!!

બન્ને અરજીઓ ઉપર વાદવિવાદ થયા બાદ મળવાની પરવાનગી ઉપરથી કોર્ટે હુકમ કર્યો કે-હું કોઈ પણ પક્ષને મળવા રજા નથી આપતો અને શહેર કોટડા પોલિસ સ્ટેશને લખું છું કે કોઈ પણ પક્ષના માણસને અનાથાશ્રમમાં છોકરાને મળવા ન દે.

### ચુકાદો.

તા૦ ૧૨ ને શનિવારે કુસુમવિજયના કેસનો ચુકાદો હોવાથી રામભકતો અને સગીર દીક્ષાના વિરોધીઓ એમ બંને પક્ષના જૈનો કોર્ટમાં મોટી સંખ્યામાં હાજર થયા હતા. તેમ પોલિસ પાર્ટી પણ સારી સંખ્યામાં નજરે પડતી હતી અને કોર્ટના કંપાઉન્ડની બહાર મોટરોની લાઈન લાગી રહી હતી. એટલે વાતાવરણ સનસનાટીભર્યું લાગતું હતું,

બરાબર બાર વાગે કોર્ટ બેસતાં મેજીસ્ટ્રેટે ચુકાદો આપવાનું બે વાગે જાહેર કર્યું હતું. બે વાગતા બન્ને પક્ષના માણસો કોર્ટમાં ધસી આવવાથી પોલીસ સબ-ઇન્સપેકટર મી૦ બાબુરાવે કોર્ટની પરવાનગીથી ફાલતુ માણસોને કોર્ટ બહાર કાઢ્યા હતા.

લગભગ સવા બે વાગે મેજીસ્ટ્રેટે લંબાણથી ચુકાદો આપતાં જણાવ્યું કે-છોકરાએ ૧૯૩૦ ના જાન્યુઆરી મહિનામાં દીક્ષા લીધી હતી અને તે વખતે તેની માએ સિવિલ કોર્ટમાં દાવો નોંધાવ્યો હતો, પણ તે વખતે તેનો પિતા હાજર ન હોવાથી તેનો દાવો રદ ગયો હતો.

આગળ ચાલતાં મેજીસ્ટ્રેટે જણાવ્યું હતું કે અમદાવાદના સ્ટેશન પર છોકરો આવ્યો ત્યારે દીક્ષા પાર્ટીએ તેનું વલણ ફેરવવા માટે એમ કહેલું કે તેના બાપનો તાર આવ્યો છે, પણ એ તાર મારી સમક્ષ રજુ કરવામાં આવ્યો નથી અને દીક્ષા છોડયા પછી બાપને છોકરા સાથે સંબંધ રહેતો નથી તેમજ છોકરાને તે આપસરામાં રાખી શકે નહિ.

### જંજાળ છોડયા છતાં-

મને નવાઈ તો એ લાગે છે કે છોકરાના અગાઉના બાપે સંસારની જંજાળ છોડયા છતાં શા માટે તે છોકરાનો કબજો લેવામાં આટલો બધો રસ લે છે? અને દીક્ષાપાર્ટી આ બિચારા છોકરાને શા માટે તેના બાપ પાસે મોકલવાનો પ્રયત્ન કરે છે. અને શા માટે કોર્ટમાં વકીલાતનામું મુકવામાં આવ્યું છે, ને સ્ટેમ્પના પૈસા ભરાવવામાં આવ્યા છે. દીક્ષાનું સત્ય સમજવું ઘણું ભારે છે, અગત્યની તે એવું છે કે તેનાથી બીજી દુનિયામાં જવાય છે. આગળ ચાલતાં તેમણે જણાવ્યું હતું કે મને કહેતાં ઘણી દીલગીરી થાય છે કે દીક્ષા પાર્ટીના એક આગેવાન અનાથાશ્રમમાં ગયા હતા ને છોકરાને કહ્યું હતું કે તારે જો બન્ને પક્ષને ખુશ રાખવા હોય તો તું તારા બાપ પાસે જા.

### કાયદાની દ્રષ્ટિએ.

મેજીસ્ટ્રેટે છેવટે જણાવ્યું હતું કે કાયદાની દ્રષ્ટિએ આ કેસ મારા જ્યુરીડીક્ષનમાં નથી. અને તેથી હું છોકરાને તેની મા અગર તો તેના બાપને સોંપવાનો સ્પષ્ટ હુકમ કરી શકતો નથી. છોકરાને તેની ઇચ્છાનુસાર જ્યાં જવું હોય ત્યાં કોઇપણ

કમ્પાઉન્ડ કે અડચણ સિવાય જઈ શકે છે. પોલિસ માત્ર જાહેર શાંતિનો ભંગ ન થાય તે જોશે.

### ખાલી કરાવેલું કમ્પાઉન્ડ.

મેજીસ્ટ્રેટ મુકાદમ વાંચી રહ્યા કે તરત જ કોર્ટમાં ડેપ્યુટી સુપ્રી. મી. જા. નાદીરશા, સીટી ક્રાઈમ ઇન્સપેક્ટર ખા. બા. કેકોબાદ અને સી. ડીવીઝનના પોલીસ સબ ઇન્સપેક્ટર મી૦ બાબુરાવ શાહ, એ. ડીવીઝનના પોલીસ સબ ઇન્સપેક્ટર મી૦ કાઝી પોલિસો સાથે હાજર થયા હતા અને બને પક્ષના માણસોને કોર્ટના કમ્પાઉન્ડમાંથી બહાર કાઢવામાં આવ્યાં હતાં

## જાહેર—ચેતવણી.

હું બાઈ માણેક ગોપાળજી તે હીરાચંદ લીલાધર ઝવેરીની વિધવા, રહેવાશી જામનગરની, આ ઉપરથી સર્વને જાહેર ચેતવણી આપું છું કે—

મારો પુત્ર લક્ષ્મીચંદ, ઉમર વર્ષ ૧૪ ના આશરાની, અંગ્રેજી ત્રીજા ધોરણનો અભ્યાસ કરી ચોથા ધોરણમાં ગયો, ત્યાં હાલમાં સાગરાનંદસૂરિજીના શિષ્યો કે ભક્તોના ભમાવ્યાથી તેનામાં દીક્ષા લેવા જેટલો વૈરાગ્ય આવ્યો છે એમ મનાવવા કેટલાક બહાર પડ્યા છે, એમ મુનિ રામવિજયજી ઉપરના તેમના લખેલા પત્રો પરથી અને બીજી રીતે માનવા મને કારણ મળેલ છે.

મને દહેશત રહે છે કે મારા પુત્રને ભોળવી—ભમાવી ફોસલાવી તેમની ન્હાની ઉમર અને અપરિપકવ બુદ્ધિનો લાભ લઈ દીક્ષાને માટે તેમને મારા કબજા હવાલામાંથી ખસેડવામાં આવશે, અગર તો ચોરી છુપીથી તેને નસાડવામાં આવશે, જેથી સર્વ સાધુ મુનિમહારાજો તેમજ ગ્રહસ્થોને આથી હું જાહેર ચેતવણી આપું છું કે—

કોઈપણ સાધુ કે આચાર્યે, કોઈપણ સંઘ કે ગચ્છે, કે કોઈપણ ગ્રહસ્થે મારા પુત્ર લક્ષ્મીચંદ હીરાચંદને દીક્ષા આપવી કે અપાવવી નહિ. તેમજ દીક્ષાના કોઈ કાર્યને માટે તેમને ભમાડવો કે ભમાવવો નહિ, તેમજ તેવા કાર્યમાં ભાગ લેવો નહિ.

આ જાહેર ચેતવણી છતાં તેવું કાર્ય કોઈ કરશે તો તેમના સામે કાયદેસર તમામ પગલાંઓ લેવામાં આવશે.

તા. ૬-૧૧-૩૨

લી. માણેકબાઈ ગોપાળજીની સહી

જામનગર

છોકરોને જ્યાં જવું હોય ત્યાં જવાનું હોવાથી બન્ને પક્ષના માણસો સજ્જ થયા હતા. કોર્ટમાં તેની માતા બાઈ સકરીએ તેની સાથે વાત કરી હતી. છોકરાએ તેની માતાને જણાવ્યું હતું કે હું આવતી કાલે પાટણ આવીશ. પોલિસે આ દરમ્યાન કોર્ટના ઝાંપા આગળ ઉભી રહેલી મોટરોને દૂર કરી હતી અને કમ્પાઉન્ડની ચારે બાજુ પોલિસ પહેરો મુકી દીધો હતો, તેમ જ કોઈ પણ પક્ષકારને દાખલ કરવામાં આવતો ન હતો. જ્યાં બહાર તો મેદની જામેલી જ હતી અને ભારે સનસનાટી પ્રસરી રહી હતી.

### દીક્ષા લેવાની સ્પષ્ટ ના.

મામલો ભયંકર સ્વરૂપ પકડે તેવો ભય લાગવાથી પોલિસે છોકરાને કમ્પાઉન્ડમાં રાખ્યો હતો. આ દરમ્યાન તેના ભૂતપૂર્વનો પિતા અને હાલના મુનિ ભરતવિજયજી તેની પાસે ગયા હતા. અને છોકરાને પુછતાં છોકરાએ દીક્ષા લેવાની સ્પષ્ટ ના પાડી હતી. મુનિ ભરતવિજયે જણાવ્યું હતું કે હું તેનો પૂર્વાશ્રમનો પિતા છું અને હાલનો એ મારો ગુરૂભાઈ છે. તેણે રાજીખુશીથી દીક્ષા છોડી નથી, એમ હું સમજું છું, માટે હું તેને પુછવા આવ્યો છું. પણ છોકરાએ ના પાડવાથી તેમને કમ્પાઉન્ડ બહાર કઢાવ્યા હતા.

### મારે પાટણ જવું છે, રક્ષણ આપો.

આમ લગભગ કલાક સુધી બન્ને પક્ષના માણસો છોકરાનો કબજો લેવા માટે બહાર ઉભા રહ્યા હતા અને પોલિસ પણ શાંતિનો ભંગ ન થાય તે માટે સખ્ત બંદોબસ્ત રાખી રહી હતી, લગભગ સાડાત્રણ વાગે સકરચંદ છોકરાએ સીટી મેજીસ્ટ્રેટ સમક્ષ હાજર થઈને લેખીત અરજી આપી હતી. આ અરજીમાં જણાવ્યું હતું કે હું મારી મા સાથે પાટણ જવા માંગુ છું અને મને કોઈ જાતની હરકત ન થાય તેવો બંદોબસ્ત કરવા મહેરબાની કરશો. સીટી મેજીસ્ટ્રેટે આ અરજી પરથી પોલિસને હુકમ કર્યો હતો કે તેને હરકત ન થાય ને શાંતિનો ભંગ ન થાય તે રીતે પાટણ મોકલવો. આ હુકમ તરત જ ત્યાં હાજર રહેલા સીટી ક્રાઈમ ઇન્સપેક્ટર ખા. સા. કેકોબાદને આપવામાં આવ્યો હતો. અને હુકમ મળતાં જ પોલિસે છોકરાનો કબજો લીધો હતો.

### પોલિસ પહેરા નીચે પાટણ ભણી.

સકરચંદ કાન્તિલાલને અને તેની માને તરત જ પોલિસ થાનમાં બેસાડવામાં આવ્યા હતા અને ગાયકવાડની હવેલીએ લઈ જવામાં આવ્યા હતા. જ્યાંથી તરત જ મોટર મારફતે તેને પાટણ લઈ જવાનું નક્કી કરવામાં આવ્યુ હતું. એક મોટરમાં ચાર પોલિસના માણસો સાથે સકરચંદ છોકરાને તેની મા સાથે મોટરદ્વારા રવાના કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત તેની સાથે બીજા કેટલાક જૈનો પણ ગયા હતા.

---

**સોસાયટીની કફોડી પડી**—અમદાવાદની દીક્ષા ફેક્ટરીથી નામચીન થયેલ, રૂઢીચુસ્ત (Orthodox) પક્ષના પ્રાણરૂપ ગણાતી સોસાયટી (સોસાયટી) નિષ્પ્રાણ—મરણાંત દશા કેમ અનુભવી રહી છે? એ પ્રશ્ન ખાસ આકર્ષક અને ચર્ચાસ્પદ થઈ પડ્યો છે.

## યુવકસંઘના સભ્યોને સૂચના.

કેટલાક સભ્યો પાસે સં. ૧૯૮૭ ની સાલના મેમ્બર ફીના લવાજમો તેમજ સં. ૧૯૮૮ ની સાલના લવાજમો બાકી છે, તે હજી સુધી આવ્યા નથી. તેમને સૂચના કરવાની કે સભ્યોએ પોતાના લવાજમો સંઘની ઓફિસમાં ભરી જઈ છાપેલ પહોંચ લઈ જવી. અગર અમારો માણસ આવે તેને આપી તેની પાસેથી પહોંચ લેવી.

મંત્રીઓ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

# જૈન જગત્.

**રાજકોટીની સાધ્વીની પ્રપંચજાળ**–જલાલપુરમાં ચોમાસું રહેલી અને જગમશહૂર થયેલી સાધ્વી જયશ્રી આદિની ટોળીએ ત્યાંની ચાર શ્રાવિકાને ભરમાવી-ફોસલાવી તેમના ધણી અને સગાંવ્હાલાંથી છાની રીતે નસાડવાની તૈયારી કરાવેલ. પરંતુ તેમના ધણી અને સગાં વ્હાલાંઓને જાણ થતાં તે બાઇઓને સખ્ત દેખરેખ નીચે પુરા બંદોબસ્તથી રાખવામાં આવેલ છે એવું સંભળાય છે. અને તે સાધ્વીની પ્રપંચજાળમાં ફસાતી શ્રાવિકાઓ બચી ગઇ છે.

**રાતોરાત પલાયન**–રાજકોટીના વલ્લભવિજયજી તથા રતનવિજયજી નામના બે સાધુઓ (!) બરવાળાના કોઇ એક છોકરાને લઇ સાણંદથી તા૦ ૯-૧૧-૩૨ ની રાતોરાત નાઠા છે. ચોમાસામાં અને રાતોરાત આમ વિહાર કરવાથી સાણંદની જૈન જનતામાં ખૂબ ખળભળાટ મચી રહેલ છે. અને કયા શાસ્ત્રના આધારે આવી રીતે સ્વચ્છંદતાનો આશ્રય લેવામાં આવેલ છે તે સંબંધી જનતામાં ઉહાપોહ થઇ રહેલ છે. ઉજમણીયા પચાવે?

**રાજકોટના જૈનો સાવધાન!**–રાજકોટના પરામાં રહેલ સાગરગચ્છની શરમ કઢાવાળો રમણિકસાગર નામનો નામધારી સાધુ ત્યાંના રૂઢીચુસ્ત શ્રાવકોને દોરા-ધાગા, દીકરા આપવાના મંત્ર-જંત્ર અને કામણ-ટુમણના બ્હાનાથી વશ કરી શહેરના દહેરાસરના ઉપાશ્રયમાં પગપેસારો કરી અડ્ડો જમાવવાની કોશિષ કરી રહેલ છે. જૈનો! સાવધાન! આવા જાદુગારીથી ચેતજો!

**શિવગંજમાં બોર્ડિંગ**–શિવગંજનિવાસી શેઠ તખ્તમલજી, શેઠ દેવીચંદજી પાલડીવાળા, ફોજમલજી, પુનમચંદજી અને શિવદાનમલજી આદિ આગેવાનો શાંતમૂર્તિ શાંતિવિજયજીના દર્શનાર્થે આવેલા તેમને મહારાજશ્રીએ ઉપદેશ આપવાથી શિવગંજમાં બોર્ડિંગ ને સ્કૂલ સ્થાપવાનો નિશ્ચય કરી પોતપોતાની તરફથી સારી રકમ આપવાની ઉદારતા દર્શાવી અને સ્થાપનની તીથિ નિશ્ચય કરી મંગલિક હેતુએ ગોળ ધાણા વેંચી શ્રીફળની પ્રભાવના કરી હતી.

**તેર વર્ષની બાળાની કુરબાની**–અંગારી (મારવાડ)ના રહીશ મુળચંદ જેતાજી સાથે. ગુંદલા (મારવાડ)ના રહીશ શુભાજચંદ ચેલાજીએ પોતાની ૧૩ વર્ષની કન્યાનું લગ્ન કરવાનું કર્યું છે, જ્યારે વરની ઉમ્મર માત્ર ૫૦ વર્ષની છે. જ્ઞાતિએ પોરવાડ જૈન છે, આ પ્રદેશમાં પોરવાડ જ્ઞાતિમાં કન્યાવિક્રય પુર જોશમાં ચાલી રહેલ છે. જાણે કન્યા એટલે બજારનું કરીયાણું કે અનાજ ન હોય? તેવી રીતે કન્યાના વેચાણની સારી રકમ લઇ બુઢ્ઢા સાથે લગ્ન કરાવી વિધવા સમાજમાં વધારો કરે છે. તેવી જ રીતે આ બુઢ્ઢા વરરાજા પોતાની વૃધ્ધાવસ્થાએ તેર વર્ષની કુમળી બાળિકાને ચોરીમાં જ રંડાપો આપી ભવ બગાડવા તૈયાર થયા છે. તે લગ્ન અટકાવવા રાજ્યાધિકારીઓ ઉપર અરજી કરવામાં આવી છે. રાજ્ય બુઢ્ઢા સાથે થતું લગ્ન અટકાવી નિર્દોષ બાળિકાની અંતર આશિષ મેળવશે.

**સાર્વજનિક લાયબ્રેરીનું પુનર્જીવન**–પેથાપુરમાં કેશવલાલ ગીરધરલાલ સાર્વજનિક લાયબ્રેરીનો લાભ જનતાને ઘણા વર્ષો થયાં બીલકુલ મળતો ન હતો. તે નવા પ્રમુખ તરીકે રમણિકલાલ રતિલાલ મહેતા B. A. ની નિમણુંક થતાં લાયબ્રેરીને ગામમાં રાખવામાં આવેલ. તેથી તે ફરી સજીવન થઇ છે અને લોકો તેનો સારા પ્રમાણમાં લાભ લઇ શકે છે.

**પેથાપુર સેવા મંડળની પ્રવૃત્તિ**–પેથાપુરમાં પ્રજાહિતાર્થે સેવા મંડળની થોડા સમય પહેલા સ્થાપના થયેલ છે. પરંતુ તેમાં કેટલાક સંભાવિત-પ્રતિષ્ઠિત ગૃહસ્થ વર્ગને ઇરાદાપૂર્વક અલગ રાખવામાં આવેલ છે. તો તે મંડળના કાર્યવાહકો આવો ભેદભાવ દૂર કરી ગામની પ્રજાનો પૂર્ણ સહકાર મેળવી નિઃસ્વાર્થભાવે સેવા કરી મંડળને એક આદર્શ મંડળ બનાવશે.

**જૈન કોળી ભાઇઓ યાત્રાર્થે**–ઝોટા ઉદેપુરના કેટલાક કોળી ભાઇઓ જેમણે ઘેલાં કેટલાંક વર્ષો થયાં જૈન ધર્મનો સ્વીકાર કર્યો છે, તેઓ પૈકી થોડા ભાઇઓ અમદાવાદ યાત્રાર્થે આવ્યા છે અને ત્યાંથી તેઓ તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની યાત્રાર્થે જનાર છે.

**હરિજનોનું જૈન બંધુને ત્યાં ભજન**–અમદાવાદમાં શ્રી કેશવલાલ મલુકચંદ શાહને ત્યાં તા૦ ૩-૧૧-૩૨ ના રોજ રાત્રે હરિજનોના ભજન થયા હતા, જે પ્રસંગે હરિજનોને હાથે પ્રસાદ વ્હેંચવામાં આવ્યો હતો. જૈનો! આ બંધુનો દાખલો લઇ હરિજનોને અપનાવશો કે?

**સનાતની માજી દિવાન**–રાધનપુર સ્ટેટના સનાતની માજી દિવાન શ્રીયુત્ ચંદુભાઇ મુંબઇથી પ્રકાશ પામતી "સનાતન ધર્મ પત્રિકા"ની ચારે કેવી રીતે ધાય છે તે ખાતે રમુજી છે. ગત નૂતન વર્ષના સુપ્રભાતે અભિનંદન આપવા આગગણ્ય શહેરીઓ તેમના માજી ઉંચા હોદ્દાને માન આપી મુલાકાતે ગયા હતા. તે દરમ્યાન આ ભાઇઓને ગોળ ગોળ સમજાવી કહ્યું કે–"ભાઇ! આ પત્રિકાના તમો ગ્રાહક થાવ" શરૂઆતમાં તો તે ભાઇઓએ 'નં'કારમાં જવાબ વાળ્યો. પરંતુ તેમના અતિ આગ્રહની શરમમાં તેઓ ખેંચાઇ ગયા. અને ઘણાઓને ગળે આ લાકડું વળગાડયું; આથી કદાચ માજી દિવાન એમ માનતા હશે કે આહિની પ્રજા ધર્મચુસ્ત થઇ કહેવાતા સનાતનીઓના બાહ્યાડંબરમાં મોહાઇ જશે. પરંતુ તેમને ક્યાં ખબર છે કે જે રાધનપુરની જનતા પ્રગતિને માર્ગે કૂચ કરી રહી છે તેનો અવરોધ કરતાં તેમનો કમ્મરવાળો વળી જશે.

---

## ગ્રાહકોને સૂચના.

સ્થાનિક તેમજ બહારગામના ગ્રાહકોને સૂચના કરવામાં આવે છે કે દરેક ગ્રાહકોએ ગઇ સાલના લવાજમો જેમની પાસે બાકી છે તેમણે મનીઓર્ડરથી મોકલી આપવા, અને સાથે ચાલુ વર્ષનું લવાજમ પણ મોકલી આપવું. જેમનું લવાજમ આવતા અંક સુધીમાં નહિ આવે તેમને ગઇ સાલ અને ચાલુ સાલના લવાજમનું વી. પી. કરવામાં આવશે.

જેમને ગ્રાહક તરીકે રહેવા ઇચ્છા ન હોય તેમણે અમને પોસ્ટ કાર્ડદ્વારા ખબર આપવી, જેથી નાહકના પોસ્ટ ખર્ચમાં ઉતરવું ન પડે.

વ્યવસ્થાપક,

"પ્રબુદ્ધ જૈન"

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3. and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.

જ્ઞાતિ અને ધોળ

Reg. No. B. 2917
*Tele. Add.* 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| છુટક નકલ ૧ આનો | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વર્ષ ૨ જું, અંક ૫ મો. |
| વાર્ષિક રૂા. ૨-૮-૦ | તંત્રી:-ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | શનીવાર તા. ૨૬-૧૧-૧૯૩૨. |

## એક પ્રશ્ન.

"ધનુ દેસાઇ"

કોકીલા ટહુકતી હતી, એનાં મીઠાં મીઠાં મધુરાં ગાન 'ટહુ ટહુ'ના ધ્વનિ સારાયે વન્ય પ્રદેશમાં મધુરતા સીંચન કરતાં અગમ્ય ભાવો પ્રદર્શિત કરતાં હતાં, અને એ નવ પલ્લવિત વૃક્ષો વિહંગોના મધુરાં મંજુલ કલ્લોલોમાં આનંદ મગ્ન થતાં વિણામુગ્ધ સર્પશા ડોલી રહ્યાં હતાં, એના ડોલનમાં અજબ માધુર્ય હતું એના હાલનમાં અનેરાં ગુહ્યાર્થ ગુંથાયેલા હતા અને એ પેલો છે સહસ્ત્રરશ્મિ નૈસર્ગિકના પ્રાકૃતિક સૌંદર્યમાં વિલીન થતો ઉંડોને ઉંડો નીચે ઉતરી રહ્યો હતો.

લીલી લીલી કુંજો-હરીઆળા ક્ષેત્ર પર બેઠો બેઠો એ માનવી કો' ગહન વિચારવમળમાં ગોથાં ખાતો અગમ્ય સ્થાને ભ્રમણ કરી રહ્યો હતો, એકાએક તે ઉઠયો, પાસેના લત્તામંડપમાં જઇ કુદરતી સૌંદર્યને નિરક્ષવા લાગ્યો, તેના સૌંદર્ય પિપાસુ નયનોને કાંઈ શાંતિ વળી, તેનું મુખારવિંદ સ્મિતથી ચમકયું. તે નિરખતો નિરખતો લતામંડપના ઉપરના ભાગે ખીલેલી એક સુંદર વેલ સમીપે આવી રહ્યો, ત્હેના સૌંદર્યપર માનવી ઘેલો બન્યો. એ વિકસેલ સુંદર વેલને નિરખી રહ્યો.

એકાએક ત્હેના પરવાળાશા ઓષ્ઠો ખીલ્યા, અંદરથી મધુરો ધ્વની નિકળ્યો, અય વેલ ! કો' કૃર માનવી અહિં આવી આ તારી સુંદર સુકોમળ દેહલતાને કચરી નાખે તો ?

"તો શું વળી ? આ હૃદય આનંદભીનું બને"

કેમ ? શું તારા હૃદયમાં જરાયે કષ્ટ ન થાય ? "શાને થાય ? મ્હારી આ દેહલતા છૂંદવામાં પણ ત્હેનાં હૃદયમાં આનંદ સ્ત્રોત તો ઝરશે ને ! એટલી ઉપયોગિતા આ મારા અંગની ખરીને ? કોઇના ક્ષણિક આનંદને ખાતર પણ સર્વસ્વની આહૂતિ દેવી એનું નામજ ખરો આનંદ.

માનવી પ્રત્યુત્તર સાંભળતાંજ સ્તબ્ધ બન્યો, પુનઃ તે વિચારવમળમાં સરી પડયો, ધીમે પગલે પાછો ફર્યો વળી અટકયો, મુખ વ્યોમ પ્રતિ ફેરવ્યું, એક ઉદ્‌ગાર કાઢયો "અહા ! તે પણ ચૈતન્ય ! પારકાને આહૂતિ આપવાની શુધ્ધ ભાવના ! અડગ ધગશ ! જ્યારે એકજ વસ્તુ પણ પારકાને બલિદાન આપવાની મહત્વાકાંક્ષા ધરાવે છે, ત્યારે આ જગતના માનવી પોતાના સ્વાર્થમાં અહોનિશ રચીપચી રહે છે ! કેવું આશ્ચર્ય ? એક જડ બીજું ચૈતન્ય ! એકનો સ્વાર્થ બીજાનો પરમાર્થ !"

માનવી નિશ્વાસ નાંખી જમીન પર ઢળી પડયો, નિશાદેવીએ પોતાનું સામ્રાજ્ય સર્વત્ર ફેલાવી દીધું. ઉષાના રંગ બેરંગી સ્વસ્તિકોને બદલે આભમાં રૂપેરી તારલીઆઓ નાચવા લાગ્યા, સાથે સાથે જડવસ્તુની પરમાર્થવૃત્તિ પણ શું મનુષ્યોમાં નાચશે કે ?

સૃષ્ટિના ઓ માનવીઓ ! આપશો કે પ્રત્યુત્તર આ પ્રશ્નનો ?

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

( આચારાંગ સૂત્ર)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૨૬-૧૧-૩૨.


## જ્ઞાતિ અને વોળ.

(૧)

જ્ઞાતિ બંધારણના ઇતિહાસ તરફ દ્રષ્ટિ ફેંકીશું તો આપણી સમાજમાં જ્ઞાતિબંધારણને સ્થાન જ નહોતું. જૈનધર્મ પાળનારનું સામાજીક બંધારણ જ વિશાળ છે. એટલે જૈનધર્મ પાળનાર ( જેઓ પ્રભુના શાસનમાં છે ) દરેકની સાથે બેટી વ્યવહાર અને રોટી વ્યવહાર થતો હતો. એમ ભૂતકાળ તરફ દ્રષ્ટિ કરતાં સમજાય છે. પાછળથી જેમ જેમ નવા ગચ્છો અને નવા ભેદો શરૂ થતા ગયા તેમ તેમ ઓશિયા, શ્રીમાળ ( ભિનમાળ ) ગોડવાડ ઉપરથી ઓશવાળ, શ્રીમાળીને પોરવાડની જ્ઞાતિઓ બંધાણી, એમાંથી દશા અને પાંચા વિભાગ પડયા, દિવસે દિવસે એટલી હદ સુધી સંકુચિતતા દાખલ થઇ કે મહાસાગરમાંથી મહાનદીમાં, નદીમાંથી તળાવમાં અને તળાવમાંથી છેવટે એક ન્હાના ખાબોચીઆમાં દેડકા દેડકીના વ્યવહાર ઉપર આવ્યા, જ્યારથી વિશાળતાની જગ્યાએ સંકુચિતતાએ પગપેસારો કર્યો ત્યારથી દિવસે દિવસે સમાજની અવનતિ શરૂ થઇ, તે એટલી હદે પહોંચી કે સતરમી સદીમાં ચાળીશ લાખની હતી તે ઘટીને વીશમી સદીમાં દશ લાખ ઉપર આવી પહોંચી અને જે રીતે ઘટાડો ચાલુ રહ્યો છે તે જ રીતે ચાલુ રહે તો થોડા જ વર્ષમાં પૃથ્વીના પડ ઉપરથી નામ ભૂંસાઇ જવાની ધાસ્તી રહે. વેવલાંઓ કહે છે—' પડતો કાળ છે ' આવું કહેનાર સમજે કે બીજી કોમોની ઉન્નતિ અને આપણી જ શાથી પડતી ? ઉડાઉ શબ્દોથી મન મનાવી હાથ જોડીને બેસી રહેવા કરતાં સમાજની પડતીના મૂળ કારણો તપાસીએ અને તેના ઉપાયો યોજીએ તો જરૂર ઉન્નતિ થાય ! એટલે હાલના જ્ઞાતિ બંધારણોથી જૈન સમાજને કેટલું સહન કરવું પડયું છે, કેટલી અધોગતિ થઇ છે તેનો પહેલો વિચાર કરીએ.

હાલના જ્ઞાતિ બંધારણોની સંકુચિત સ્થિતિના લીધે ઓશવાળ પોરવાડમાં, પોરવાડ શ્રીમાળીને એટલે એક જ્ઞાતિવાળો બીજી જ્ઞાતિને કન્યા નહિ દે. એટલું જ નહિ પણ એક શહેરવાળો પોતાની જ જ્ઞાતિના બીજા શહેરવાળાને નહિ દે, એટલે પરિણામે એક જ્ઞાતિમાં કન્યાની છત હોય અને બીજે સ્થળે અછતની ખત હોય તો પરિણામ એ આવે કે અરસપરસ બેટી વ્યવહારની બંધીથી બન્નેની પાયમાલી થયે જ છૂટકો ! તેના દાખલા તરીકે દરેક જ્ઞાતિના ચાલુ સૈકાની સંખ્યાનો હિસાબ કાઢશો તો સહેજે સમજાશે કે સો વર્ષ ઉપર જે સંખ્યા હતી તેમાં આજે મોટું ગાબડું પડયું છે.

સંઘમાં જ દેવાના બંધારણથી કન્યા કેળવણીને મજબૂત ફટકો પડયો છે. પોતાની જ્ઞાતિમાં કે ઘોળમાં કેળવાયેલા મૂરતિયાના અભાવે કન્યાનો પિતા નાતબહારના ડરથી પોતાની દીકરીને ઉંચી કેળવણી ન આપતાં નાતમાં જ જે મળે તેને વરાવી દે, પરંતુ સમગ્ર જૈનોમાં જ દેવાનો રિવાજ હોય તો કેળવણીના હિમાયતી વાલીઓ જેટલો રસ પુત્રને કેળવવામાં લે તેટલો જ પુત્રીને કેળવણી આપવામાં લે. નવાઇ જેવી વાત તો એ છે કે પુત્રને માટે કન્યાને બહારથી લાવવામાં આવે તો છૂટ, પરંતુ દીકરીને બહાર દેવામાં આવે તો નાતનો મહા ગુન્હો ગણાય.

જ્ઞાતિ બંધારણોમાં પણ, પહેરામણી, વેવિશાળ, લગ્નની આપ લે ના કાયદા, દીકરી બહાર ન દેવાના કડક કાયદા, બહારથી લાવનાર માટે બેજરનો કાયદો, જમણવારો કેમ કરવા, ક્યારે કરવા, કેવી ને કેટલી આપ લે કરવી તેના કાયદા, મુસાળાં, વરોઠી, ટીલી, વરઘોડાની આપ લે વગેરે કાયદા એ જ્ઞાતિ બંધારણ. આવા બંધારણો, સાથે જ્ઞાતિજનોની મનોદશાનો વિચાર કરશું.

પચાસથી સાઠ વર્ષના બુઢ્ઢાઓ બાર બાર ભાળા સાથે લગ્ન કરી તેનો ભવ બગાડી શકે. લગ્નમાં લ્હાવા લેવાના બ્હાના નીચે તેના કહેવાતા વાલીઓ ઢીંગલા ઢીંગલી જેવા બાળકો પરણાવીને જ્ઞાનની પરબોના પાન કરતાં અટકાવે. આબરૂના ઓઠા નીચે પારણામાં સુતાં દુધમલ દીકરા-દીકરીનાં વેવિશાળ કરી ઘુઘરૂ પેઠે ઘુઘે કે-મામાં છોકરાં પારણામાં ઉતરે છે. ધણીનો બે ચાર માસ પણ જેણે પહેલો સેવ્યો નથી. અરે ! જેણે પતિને નિરાંતે નિરખ્યો પણ નથી. તેવી બાળ વિધવાઓને લગ્નની પરવાનગી આપતાં નાતની આબરૂ લુંટાતી દેખાય. ત્યારે બીજી બાજુ ત્રણ-ચાર વાર વરરાજા બની ત્રણ ચાર બાળકનો પિતા થયો હોય, જેમાં એક બે બાળક તો ઘર સંસાર પણ માંડી ચૂકયાં હોય તેવા પિતાઓ તૃપ્તિ નહિ થવાથી ચોથી-પાંચમીવાર વરરાજા બની શકે છે. લોકો તેના લગ્નમાં મ્હાલી શકે છે. એક બાળ વિધવા લગ્ન કરવાની હિમ્મત કરે તો તેને હડધૂત કરવામાં આવે છે. અને તેનો બહિષ્કાર સુદ્ધાં થાય છે. વિધવા એટલે અપશુકનીયાળ, વિધવા એટલે બિનઉપયોગી પ્રાણી, સ્ત્રી એટલે પગની મોજડી. પુરૂષનો કાયમી વિયોગ એ સ્ત્રીનો જીવન પલટો. સ્ત્રીનો કાયમી વિયોગી એટલે બીના જ જુગાડે વેવિશાળ, પુત્ર પ્રાપ્તિ એટલે આનંદ, પુત્રી પ્રાપ્તિ એટલે શોક, આ છે માનસિક સ્થિતિ !

જ્ઞાતિવહીવટની પ્રથામાં જે સ્થળે જ્ઞાતિ ભેગી થવાની હોય તેવારે કામકાજની માહિતી સિવાય સ્થળ ને વખત માટે ટેલીઓ-ગોર-પંડયો જે હોય તે ઘર ઘર ફરી આવે. વખતસર નાતિલા ભેગા થવા માંડે, ભેગા થયે બે કલાક પસાર થઇ જાય. મોટો ભાગ આવી ગયો હોય, પરંતુ શેઠ, પટેલ કે અમુક માણસો ન આવ્યા હોય ત્યાં સુધી આવેલામાં કોઇ ઝોલું હોય ! કોઇ ગામ ગપાટા મારતા હોય ! જ્યારે શેઠ-પટેલ પધારે એટલે જ નાત ભેગી થયેલી ગણાય. કામ શરૂ થાય. શેઠ-પટેલ પધાર્યા બાદ ભાનની સનસનાટી ફેલાય. કોઇ મ્હોં ઉઘાડે જ નહિ. આખરે અગાઉથી કરેલ ગોઠવણ પ્રમાણે કલાક બે કલાકે એકાદ જણ વાત ઉપાડે અને વાતચિત શરૂ થાય. બંધારણના

અભાવે શેઠ-પટેલોએ જે નક્કી કર્યું હોય તે પ્રમાણે નક્કી કરવાના પેતરા ગોઠવાય. કોઇને સત્યવક્તા તરીકે વાત કરવાની ટેવજ નહિ એટલે જેને હાવ-ભાવ કે મુત્સદ્દીગીરી કહે છે તે પ્રમાણે વાતો થાય. આખરે નિર્ણય થાય, બહુમતિ-લઘુમતિનું ધોરણ જ નહિ, એટલે ઘણા ભાગે શેઠ-પટેલની ધારણા નક્કી થાય. જ્યાં કોઇ અભિનંદન વિરોધ કરે તો તેને સમજાવી લેવાય. બાકીનાની પરવા ઘણી ઓછી. આ સિવાય શેઠ-પટેલને ચાર ચોવટીઆઓએ કોઇને પીંખી નાખવાનું નક્કી કરી રાખ્યું હોય ત્યારે નાત ભેગી કરી જુદું જ કાર્ય આદરી કુસંપતુસીમાં લોકને ભરવી નાખી કામ મુલતવી રાખવા જેવો ઢોંગ કરી અથવા બીજું કામ કરીને વિખરાઈ જવાની શરૂઆત થાય. કોઇ આડા થાય. કોઈ બીડીઓ ફુંકે ને મોટો ભાગ વિખરાઈ જાય. પછી મોડેથી સાથી રાખેલાઓને એકઠા કરી જેને પીંખી નાખવો હોય અગર જે કાર્ય કરવું હોય તે કરીને વિખરાઇ જાય. સવારમાં ઉઠતાં જ નાતિના નિર્ણયો સાંભળી. અકળાય, જ્યાં એ નિર્ણયો નાતને માથે ઠોકાય.

નાતનું બંધારણ, માનસ અને વહીવટ કરવાની પદ્ધતિ જોતાં કોઇ એમ કહેશે કે નાત ગંગાનો પ્રવાહ છે! જેઓની સત્તા સરી જતી હશે. જેઓને લાંબો વિચાર કરવાની બુદ્ધિ બુઠી થઇ હશે તેવા ઠસમે અને વાણીએ કહેવાના. કહે છે કે-'નાત ગંગાનો પ્રવાહ છે. તેને તોડે તેનું ઘર તૂટે.' આવા શાપ દેનારા એટલું જ સમજે કે ગંગા પતિત પાવન (પરોપકારી) છે તેથી એને ગંગાનું વિશેષણ લગાડ્યું. હાલની નાતો ગંગાનો પ્રવાહ છે? તે પતિતોને પાવન કરનારી છે? કે પતિત કરનારી છે? રક્ષક છે કે ભક્ષક છે? એ ગંગાનો પ્રવાહ કહેનારા તેની હાલની સ્થિતિમાં જ રાચનારા જોઇને નહિ જતાં પોતાની જ જ્ઞાતિના હિસાબ કાઢે કે વીસમી સદીની શરૂઆતમાં કેટલી વસ્તી? હાલ કેટલી વસ્તી? વસ્તી ઘટવાનું કારણ શું? કેળવણીમાં કેટલા આગળ વધ્યા? વગેરે જ્ઞાતિ ઉન્નતિના પ્રશ્નોનો-વિચાર કરશે તો દરેકમાં ઉધાર બાજુ જ દેખાશે. જમે તો મીંડું (૦) જ જણાશે. આ સ્થિતિમાં સમાજની ઉન્નતિ નથી. પણ અવનતિ છે. એટલે કેવું બંધારણ હોય તો ઉન્નતિ થાય તેનો વિચાર આવતા અંકે—

# પ્રાસંગિક નોંધ.

## કેશરીયાજી.

જૈન સમાજના કેશરીયાજી તીર્થમાં સેવાનિમિત્તે પેટ ભરવાની દાનતે રહેતા પંડ્યાઓથી સમાજ માહિતગાર છે? તે પંડ્યાઓ જૈનોની નજમાઇ જોઇને 'નબળાની બહુને જોર કરે' એ રીતે ત્રણ વિભાગમાં વહેંચાઇને પંડ્યાઓ જે લુંટ ચલાવી રહ્યા છે, તે હુંડથી જૈન સમાજ અજાણ હોય તો જાણીતી થાય.

પહેલો વિભાગ-ભંડારમાંથી એકત્ર થતા પૈસામાંથી ૩૫ ટકા ઉઠાવે છે.

બીજો વિભાગ-અમુક બોલીમાં ભાગો લે છે.

ત્રીજો વિભાગ-ભંડાર, બોલી ને યાત્રિકો પાસેથી ભાગો લે છે.

આ સંયોગોમાં મૂળ ગભારાના ભંડારમાંથી ૩૫ ટકા-ઉઠાવે, રંગમંડપના ભંડારમાંથી ચાંદી સિવાય તમામ હલકા સિક્કા ઉઠાવે, આરતી વખત થાળીમાં રૂપીયા કરતાં ઓછી રકમ એકત્ર થાય તે ઉઠાવે.

આ પ્રમાણે ભક્તિ નિમિત્તે સીધી કે આડકતરી રીતે પંડ્યા પોષણ થાય છે. જ્યાં આટલા લાભથી ન ધરાતાં ઉદેપુર રાજ્યના હેલ્લા ફેંસલાના આધારે પૂજા, પ્રક્ષાલને બોલીની આવક માગે છે. એટલે કેશરીયાજી તીર્થ પંડ્યાઓના નિભાવ માટે આવક સ્થાન બને છે. જ્યાં આપણે ચોરીએ છીએ. શું જનારાએ જવા જ્યાં પંડ્યાઓના ઘરમાં જાશે તેવામાં એક પાઇ પણ ન વાપરીયે તો જનારાના ફળમાં ઉણપ રહેશે? દેવ રૂઠશે? એ તો નિરંજન નિરાકાર છે. એને મારૂં તારૂં કશુંયે નથી, સૌ સરખા છે, તો પછી યાત્રાએ જનાર તેવા ખાતાઓમાં ન ભરવાનો નિરધાર કરે તો શું ખોટું છે?

પંડ્યાઓ કેશરીયાજીના ધણી નથી, પણ સેવક છે. જ્યાં ધણીયાપું કરવાની તેમની મનોદશાનો એક નમુનો બહાર આવ્યો છે. તેઓ ઉદેપુરના ન્યાય મંદિરે પોતાની અરજી નોંધાવતાં જણાવે છે કે 'હિન્દુઓના પ્રાચિન પુસ્તક શ્રી ભાગવતમાં ઋષભદેવજીને આઠમા અવતાર તરીકે માનવામાં આવ્યા છે અને કેશરીયાજીમાં જે ઋષભદેવ છે તે તેજ પ્રતિમા છે. માટે આ તીર્થ જૈનોનું નહિ પરંતુ અમારૂં છે એટલે આ સ્થાન જૈનોનું જ નહિ પરંતુ વૈષ્ણવનું છે.

કેશરીયાજી તીર્થ જૈનોનું છે, તેની અનેક સાબિતીઓ છે. જ્યાં પેટ માટે રહેતા પંડ્યાઓની મનોદશાથી જૈન સમાજ જાગે. અને તીર્થ ઉપર વેરાતા વાદળ વિખેરવા મૌન તોડી ગામેગામના સંઘ નિરધાર કરી કેશરીયાજીની યાત્રાએ જનારને સુચવી દે કે,

ભંડારમાં કે બોલી બોલીને એક પાઈ પણ ન વાપરશો.

પંડ્યાઓ સાથે પૂરેપૂરો બહિષ્કાર કરો.

અમને ખાત્રી છે કે કેશરીયાજીમાં પંડ્યાઓ જે લુટ ચલાવી ધણી થવાના મોરચા બાંધવાની બેવકુફાઈ આદરી રહ્યા છે તેના ઔષધ તરીકે દરેક સંઘ જરૂર એટલું કરશે.

## પાટણીઓને.

એ મુંબઇના પાટણમાં-જૈનપુરીમાં હાલના સંજોગોમાં જે સંગઠન જોવામાં આવે છે તે પ્રશંસનીય છે. તેમાંયે પુરૂષવર્ગ કરતાં સ્ત્રી વર્ગમાં સમાજ ઉન્નતિની તમન્ના વધારે લાગી હોય તેમ જણાય છે. જ્યાં આગળ ધપવામાં દીક્ષાના પ્રશ્ન સિવાય કોને ડેર લાગે છે.

સંઘ બંધારણનો કાચો ખરડો કેટલાક વખતથી કમીટીએ તૈયાર કરીને સોંપ્યો છે, જ્યાં કયા સંજોગોના લીધે હજુ સંઘની મીટિંગમાં નથી મૂકાતો? સંઘ તો બંધારણ ઇચ્છે છે! ત્યારે બીજા કામના બોજા અંગે કે પ્રમાદના અંગે આળસ થાય છે? એ બંધારણ ઉન્નતિનો પાયો છે. તમારામાં સંગઠન, હિમ્મત ને કામ કરવાની ધગશ છે, સંજોગો અનુકુળ છે, તમે જે ધારો તે સુધારા કરી શકો તેમ છો, એટલે સમાજ ઉપયોગી સુધારા કરીને જરૂર બીજાને આદર્શરૂપ બનશો.

## સમાજ પરિસ્થિતિ.

આખી સમાજને રૂઢીના બંધનો કોરી રહ્યાં છે, તે આખી સમાજ સમજે છે, જ્યાં રૂઢીથી ટેવાયેલા એ રાહ બદલતાં અચકાય છે, અને જેઓ સુધારા કરવાની વાતો કરે છે તેઓ

# સ્વચ્છ રહેણી કહેણી.

આપણા અનેક સામાજીક પ્રશ્નો માંહેથી સૌથી અગત્યનો પ્રશ્ન તે જનતાની તંદુરસ્તી અને સ્વચ્છ રહેણી કહેણીનો છે. જીવન તો સૌ કોઈ જીવી જીવીને વ્યતીત કરે છે પણ જીવન જીવવામાં અને વિતાવી કાઢવામાં ઘણો તફાવત રહેલો છે. જે મનુષ્ય અસ્વચ્છ જીવન ગાળી, તેની આસપાસના વાતાવરણને પણ તેવું અસ્વચ્છ બનાવે છે તેને નાગરિકતા (Citizenship) ના હક્કોનું અને તેની ફરજોનું ભાન નથી તેમ જરૂર કહી શકાય.

આ વિષય પ્રત્યે આપણી પ્રજામાં અત્યંત ઉદાસીનતા છે; એ એક શોચનીય વાત છે. આપણા શિક્ષિતોમાંથી 'જાહેર તંદુરસ્તી' પરના સરકારી પ્રકાશનો ભાગ્યે જ ગણ્યા ગાંઠ્યા જ વાંચતા હશે. હિન્દનું જન્મ અને મરણ પ્રમાણ, વર્ષ દરમ્યાન ફાટી નીકળેલ રોગો અને તે ઉપર લેવાયેલા ઉપાયો, ચિકિત્સા માટેના સાધનો અને આ સર્વની કોઈ પ્રગતિમાન દેશની પરિસ્થિતિ સાથેની સરખામણી, આવી અનેક માહિતીઓ વાંચક તે માંહેથી મેળવી શકે છે. આપણે મોજશોખો અને જમણવારો પાછળ જે ધન વ્યય કરીએ છીએ તે શુદ્ધ અને સ્વચ્છ જીવન ગાળવા સારૂના પ્રયાસો પાછળ ખર્ચીએ તો તે અનેક રીતે લાભકારી નીવડશે. **મુંબઈના જૈન સમાજમાં આ દિશા પ્રતિ જૈન સેનેટરી એસોસીએશન, સાહિત્ય પ્રચાર અને "જાદુઈ ફાનસ" દ્વારા યથાશક્તિ પ્રયાસ કરી રહેલ પરંતુ તે સંસ્થાના પ્રયત્નોને વધારે જાહેરાતની જરૂર છે તેમ જ ધનવાનો અને કુશળ ડૉકટરો તરફથી ઉત્તેજનની પણ તેટલી જ જરૂર છે.** પ્રત્યેક આંગણે સાધારણ માંદગી અને અનેકવિધ વ્યાધિઓએ અડ્ડો જમાવ્યો હોય છે. અને જેટલા 'પેટન્ટ' દવાઓ અને દવાના મિશ્રણો પાછળ જે ડાંક ખર્ચે છે તેનાથી ૧ ૧૦ ભાગ સ્વચ્છ રહેવા પાછળ ખર્ચતા હોય તો તેમની ઘણી પીડાઓ ટળે.

યુરોપના એક પાટનગરમાં જાહેર રસ્તા પર થુંકવાની મનાઈ છે, જ્યારે આપણા અજ્ઞાન ભાઈઓ અનેકવિધ ગંદકીઓથી જાહેર કે ખાનગી અવરજવરના રસ્તાઓને વિભૂષિત (!) કરતાં જરાપણ ક્ષોભિત થતા નથી. સામાન્ય પરદેશીઓ આપણી કિંમત રહેણી કહેણી પરથી આંકે છે અને આ આંકણી પરથી આપણે કેટલા પછાત છીએ યા તો પ્રગતિમાન છીએ તેનું માપ નીકળે છે. દેશને જેટલા રાજ્યવિદ્યાવિશારદોની જરૂર છે તેટલી જ સમાજ સુધારકોની જરૂર છે તેમ કહેવામાં કશું ખોટું નથી. મુંબઈના માળાઓ નરકાવાસનું પ્રતિબિંબ પૂરૂં પાડે છે. ચોક, શહેર કે આંગણું ગંદકીથી ભરપૂર હોય છે. અંધારાના ઇજારદાર શહેરોને ખૂણાઓ કે કોઈકે એવાં કે શીતળમાં હાથ લગાડતાં તે વ્યક્તિને કશો પણ ખ્યાલ હોતો નથી. કમભાગ્ય એ છે કે આવા દુર્ગંધ મારતા લત્તાઓમાં જ્યારે કોઈ શિક્ષિત જન વસે છે ત્યારે તે પણ સારો દાખલો બેસાડવાને બદલે ઉપરોક્ત વ્યક્તિઓ માંહેનો એક થઈ જાય છે. આરોગ્યના સામાન્ય સિદ્ધાંતોનું આવું ઘોર અજ્ઞાનપણું એ દેશનું કમભાગ્ય છે.

આવા વાતાવરણમાં ઉછરેલ દેશ સંતાનો અનેક પીડાઓથી સીધાયેલ જીવન વ્યતીત કરે છે. હેરફેરની સારી જગ્યાના અભાવે અને ખાવાની અનેક કુટેવોને લઈ તેમના શરીરો કાંતો વાંસ જેવા સૂક લાકડી કે કાંતો પીપ જેવા સ્થૂલ હોય છે. સ્વરક્ષણની તેમને ઓછી જ ચિંતા હોય છે તેમનું રક્ષણ નગર રક્ષક (Police force) પર અવલંબિત હોય છે. આવા કલુષિત વાતાવરણમાં જે માનસ ઘડાયું હોય તે માનસને વિચાર કરવાની બારીઓ પૂર્ણ ઉઘાડી હોય કે કેમ તે શંકા છે. અને આવાં અનેક માનસો દેશને ઘડે છે યા પ્રજાનું ચારિત્ર બાંધે છે. આપણે કેટલી દુઃખદાયક અને ઉકળાટ ઉપજાવનારી સ્થિતિમાં છીએ તેનો કંઈક ખ્યાલ ઉપરોક્ત લખાણ પરથી વાંચકને જરૂર આવશે.

કેટલેક અંશે આ સર્વનું કારણ ગરીબાઈ છે, પરંતુ આપણી બેદરકારી અને આળસથી આપણે આપણા જીવનનું ધોરણ વિશેષ નીચું બનાવીએ છીએ. જેટલી દરકાર માળાના માલિકો અને સુધરાઈ ખાતાએ રાખવાની છે તે કરતાં વિશેષ સંભાળ નાગરિકોએ રાખવી જોઈએ એટલે કે તેમનો સહકાર વિશેષ ઉપયોગી છે.

આ પ્રાથમિક કાર્ય કર્યા બાદ આપણે વ્યાયામશાળાઓ અને તેવા અનેકવિધ સાધનોથી પ્રજાદેહ સુદૃઢ બનાવીશું.

—નાનાલાલ દોશી.

---

જ હકીના કેટલા તાબેદાર છે તેના ફેંસલો અમારી પાસે આવી પડ્યા છે, તેમાં સૌથી મહત્વનો ફેંસલો પાલણપુરનો છે. યોગ્ય સુધારા અંગે વિચાર કરવા ત્યાંના મહાજને દોઢેક વર્ષ ઉપર એક સુધારા કમીટિ નીમેલી, જ્યાં હજુ સુધી કમીટિ કશું કરી શકી નથી. તેમ ગયા વર્ષમાં યુવાનોએ કમીટિને બળવાન કરવા મહેનત કરી પણ જૂના પટેલોની રૂઢી ચુસ્તતાને લીધે પરિણામ શૂન્ય (૦) માં જ આવ્યું, યુવાને પીડાવ્યા વગર ઝીણા દીક્ષાના વરઘોડા કે લગ્નોના પરિણામો સંતોષકારક નથી આવતાં. પરંતુ સંતોષકારક પરિણામ માટે એક બીજાની સંમતિથી યોગ્ય ઉમરે લગ્ન થાય. તો ટુંકી મુદતમાં અનેક સગપણ તૂટવાં તે ન તૂટે, બે વર્ષ તૂટવાનું સંભળાય છે તે ન સંભળાય. ચાર પાંચ જણ એક પત્નિ ઉપર બીજી પત્નિઓ કરવાના કોડ સેવી રહ્યા છે તે ન બને. આ બધું દેખાય છે, સંભળાય છે, જ્યાં ખાવાની કે મોકાણની બાબતમાં પાંચ છ સગપણો એવાં થયાં છે કે બાઈ હશે સોળ વર્ષના તો ભાઈ હશે ત્રીશ વર્ષની, અને આવાં કજોડાંનો રોગ એટલે સુધી વધ્યો છે કે થોડા દિવસો પર થયેલ સગપણમાં પણ એ સ્થિતિ છે.

આ સ્થિતિમાં સગપણો કરવાના પરિણામ સમજે છે; જ્યાં નમાલા ખાવાની ઘેલછા તેનું અહિત કરે છે તે નથી સમજાતું? પાલણપુર તો શું પણ જૈન સમાજમાં ઘણે ઠેકાણે આ સ્થિતિ ચાલતી હશે, પણ પાલણપુર 'ઉગાયેલું' (!) છે, અને કહેવાય છે કે ત્યાંનાં જૈનોનું માનસ સ્વતંત્ર(!) છે. એટલા પૂરતો ત્યાંનો દાખલો લઈએ છીએ. પુત્ર કે પુત્રીને પરણાવવાની ઉતાવળ કરતાં તે સમજે તેટલું ભણાવો, તેમાં જ તમારૂં, સમાજનું અને દેશનું હિત છે.

---

**દેવું ચૂકવાય તો દીક્ષા લઉં**—દેવું આપીને દીક્ષા અપાવનાર એક શેઠે પોતાનું દેવું ચૂકવાય તો દીક્ષાની અભિલાષા ધરાવનાર ઝીંઝુવાડાવાસી એક યુવકનું દેવું આપવા માટે નન્નો ભણ્યો છે. ઘર બાળીને તીર્થ કોણ કરે?

# આચાર્યશ્રી બુદ્ધિસાગર ઉપર મૂકેલા આળ સામે જૈનોનો વિરોધ.

### સાણંદ

સં. ૧૯૮૯ ના કાર્તિક સુદી ૧૩ ને શુક્રવારના રોજ જૈનોની જાહેર સભા શેઠ કેશવલાલ ચતુરભાઈના પ્રમુખપણા નીચે મળી હતી, જેમાં નીચે પ્રમાણે ઠરાવો કરવામાં આવ્યા હતા.

**ઠરાવ ૧.**

જૈનોની તેમજ જૈન ધર્મની ઉન્નતિ માટે સદ્ગત આચાર્ય શ્રી બુદ્ધિસાગર સૂરીશ્વરજીએ શારીરિક તથા માનસિક ભોગ આપી અથાગ પરિશ્રમ વેઠી જૈનો ઉપર મહાન ઉપકાર કર્યો છે તે માટે જૈન કોમ તેઓશ્રીની સંપૂર્ણ ઋણી છે. અને સાણંદના જૈનોની આ જાહેર સભા સદ્ગત આચાર્યશ્રીના પ્રયાસ માટે ખાસ આભારની લાગણી સાથે પૂજ્ય ભાવ દર્શાવે છે.

**ઠરાવ ૨.**

સં. ૧૯૮૯ ના કાર્તિક સુદી ૧૧ ને મંગળવારની રાત્રે પ્રતિક્રમણની ક્રિયા પૂર્ણ થયા બાદ સદ્ગત આચાર્ય શ્રીબુદ્ધિસાગરજી મહારાજશ્રીએ "સાણંદમાં ઘોળ કરવા સંબંધી ઉપદેશ કર્યાથી ચતુર્થવ્રત ખંડન થએલું છે માટે તેમને અમે સાધુ તરીકે માનતા નથી" એવી અણછાજતી ટીકા ધર્મવિજયજી મહારાજે કરીને સાધુને ન છાજે તેવો ગંભીર આક્ષેપ સદ્ગત આચાર્યશ્રીની સામે કરી જૈનોની લાગણીને સખ્ત આઘાત પહોંચાડ્યો છે ને બદલ તેમની સામે સાણંદના જૈનોની આ સભા સખ્ત અણગમો પ્રદર્શિત કરે છે, ને સદરહુ શબ્દો પાછા ખેંચી લેવા ધર્મવિજયજી મહારાજને જાહેર ચેલેંજ કરે છે ને જો આ ચેલેંજ પ્રમાણે તેઓ અમુક દિવસની અંદર પોતાના શબ્દો પાછા ન ખેંચી લે તો શબ્દોની પ્રણાલિકા આગળ વધારવામાં તેઓ કારણભૂત થાય તેમાં કયા પ્રકારનું સાધુત્વ સમાએલું છે તેને માટે ખાસ વિચાર કરવા જૈનોને ફરજ પડશે.

---

### ગોધાવી.

અત્રેના જૈનોની જાહેર સભા સંવત ૧૯૮૯ ના કાર્તક સુદ ૧૫ ને રવિવારના રોજે સાંજના આઠ વાગતાં દેરાસરના ચોકમાં મળી હતી.

સદરહુ સભાનું પ્રમુખસ્થાન રા. રા. કેશવલાલ રોડભાઈએ લીધું હતું.

ઠરાવ ૧—બાળ બ્રહ્મચારી યોગનિષ્ઠ પરમ પૂજ્ય આચાર્ય શ્રી બુદ્ધિસાગર સૂરીશ્વરે અત્રે ધર્મનો શુભ પ્રવર્તાવેલો હોવાથી તેમજ તેઓશ્રીના ગુરૂ પ્રપિતામહ પુણ્યસ્મરણ શ્રી. નેમસાગરજી તથા શ્રી. રવિસાગરજી મહારાજશ્રી આ ગામના તેમજ અન્ય સ્થળોના જૈનો ઉપર તેમ જ વિશેષતઃ તેઓશ્રીએ પ્રખ્યાત વિશાળ જૈન સાહિત્યથી સમસ્ત જૈનોની અને જૈન ધર્મની ઉન્નતિ માટે સતત પ્રયત્ન અને પરંપરાગત ઉપકાર કરેલો હોવાથી તેમના પુણ્ય સ્મરણ વડે તેઓશ્રીનો આભાર માની ગોધાવીના જૈનોની આ સભા તેઓશ્રી પ્રત્યે પૂજ્યભાવ પ્રદર્શિત કરે છે.

ઠરાવ ૨—બ્રહ્મનિષ્ઠ, અધ્યાત્મયોગી પરમપવિત્ર આચાર્ય મહારાજશ્રી બુદ્ધિસાગરજી સૂરીશ્વરના સંબંધમાં શ્રી ધર્મવિજયજી મહારાજના ઉચ્ચારેલા આક્ષેપ સૂચક શબ્દોથી તેઓશ્રીના ભાવિક જૈનોની સાણંદમાં ભિન્ન થએલી લાગણી

---

## મુનિશ્રી ધર્મવિજયજીને જાહેર ચેલેન્જ.

પેથાપુર તારીખ ૧૭-૧૧-૧૯૩૨

કાર્તક શુદ ૧૧ ની રાતના પ્રતિક્રમણની ક્રિયા વખતે શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરીશ્વરનું બનાવેલું સ્તવન બોલવામાં આવેલું અને ત્યારબાદ આપશ્રી બીજું સ્તવન બોલ્યા અને જ્યારે તેમ કરવાનું પૂછતાં આપના તરફથી એ ઉત્તર આપવામાં આવ્યો કે—

"બુદ્ધિસાગરજીએ વેવિશાળ (ઘોળ) સંબંધીના કામમાં ઉપદેશ આપેલો છે. સાધુઓ મન વચન કાયાથી ચતુર્થ વ્રત ઉચ્ચરે છે. તો તે ભાંગવાથી તેમનું ચતુર્થવ્રત ખંડન થએલું છે, જેથી અમો સાધુ તરીકે માનતા નથી અને અમોએ તેમનો નિષેધ કરેલો છે."

ખરેખર ધર્મવિજયજી મહારાજ આ બાબતમાં તો આપની ભાવના સત્ય વસ્તુસ્થિતિને છુપાવી અસત્ય ફેલાવવાની હોવી જોઈએ, આપે પંચમહાવ્રત ધારણ કરેલું છે. સાધુનો પવિત્ર પોશાક ધારણ કર્યો છે. છતાં પણ તમારી બુદ્ધિનો ઉપયોગ ન કરી શકો તો જનતા સહેજે સમજી શકે કે જૈન આગમના ગુરૂ થવાનો દાવો કરી જૈન શાસનનું શું ઉકાળવાના હતા?

આજે સૂરીઓ જૈન આગમના ઠેરે ઠેર સદ્ગત આચાર્યશ્રીનો ઉપદેશ આપી રહેલો છે, એમની વિદ્વતા, ચારિત્ર-તેમજ સાધુના આચારે ગુજરાત અને હિંદુસ્તાનમાં આદર્શમય [illegible] ગયું છે, એમનાં બનાવેલાં ૧૦૮ પુસ્તકોમાં પોતાના સત્ય વિચારોની ફેલાવટોમાં નાખી આજ આખુંયે ગુજરાત ગાંડુ થઈ ગયું છે. જૈન ધર્મ અને શાસનને ઉન્નતિના શિખરે લઈ જવાનાં મનુષ્ય રત્નમાં ખેલનાર નવયુગના સરજનહાર શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરીશ્વરજી આપ આગળ ઢોંગ ને જનતા કબુલ કેવી રીતે કરી શકે?

એ મહાત્મા યોગીએ ધર્મની તેમજ સમાજની મહાન સેવા બજાવી છે, તેઓશ્રીએ અધ્યાત્મજ્ઞાનથી અદ્ભુત શક્તિઓ ફેલાવી જાણી હતી, આવી રીતે જે મહર્ષિએ જીવન ઉજાળી બતાવ્યું છે, અને તેમનાં ભક્ત સુજનો આજે ઘેર ઘેર ગરમ આંસુ સારે છે. ત્યારે એક આપના જેવા મુનિ દ્વેષ અને સ્વાર્થી દોરાઈ અણછાજતી ટીકા કરે ત્યારે આખી જૈન સમાજ તેમજ જૈનેતરને આપણા માટે દુઃખ જ થાય.

આપે તો આ બાબતમાં પૂરો વિચાર કરવો જોઈતો હતો. મહર્ષિને આપ ન ઓળખી શક્યા એ આપણા

વિષેના, સાણંદના સાગરગચ્છના પત્રથી જાણમાં આવતાં તેઓશ્રીના ગુણી અને ઉપકૃત અનેક જૈન સમુદાયની લાગણી અતિ ખિન્ન થવાથી વસ્તુતઃ આક્ષેપ માટે અત્રેના જૈનોની આ સભા પોતાની અત્યંત દીલગીરી અને સખ્ત અણગમો જાહેર કરે છે.

ઠરાવ ૩–પરમ પૂજ્ય સદ્‌ગુરૂવર્ય આચાર્ય શ્રી બુદ્ધિસાગર સૂરીશ્વર બાળ બ્રહ્મચારી, નિઃસંગ, પરમપવિત્ર, ચારિત્ર અને જ્ઞાન પ્રભાવક હોઇ તેમનું બ્રહ્મચર્ય અખંડ અને અભંગ હતું. તેથી તેમના ઉત્તમ સાધુત્વ અને પવિત્ર ચારિત્ર વિરૂદ્ધ જણાય તેવો જે કાંઇ આક્ષેપ થયો હોય તે ગેરસમજનું પરિણામ હોઇ તે માટે આ સભા પોતાની અત્યંત દીલગીરી જણાવે છે.

બાદ પ્રમુખ રા. રા. કેશવલાલ ચેલતરામે જણાવ્યું કે ઉપરોક્ત ઠરાવને યોગ્ય જાહેરાત આપવી.

કમભાગ્ય સિવાય બીજું શું હોઇ શકે? આજે સમસ્ત જૈન જનતા તેમના કાળધર્મ પછી આંસુ સારી સંભારે છે, ત્યારે એજ અફસોસ થાય છે કે તમારા જેવા પવિત્ર પોષાક ધારણ કર્યા બાદ પણ આવા સાધુતાને ન છાજે તેવા શબ્દો વાપરો ત્યારે કયો જૈન બચ્ચો તમારા માટે માનની લાગણી ધરાવે?

આજે સમસ્ત જૈન પ્રજા સમજી ચૂકી હશે કે આપે સત્ય વસ્તુ છુપાવી પોતાના દ્વેષ અને સ્વાર્થના અંગે અસત્ય વસ્તુ પ્રગટ કરેલી છે, પરંતુ હવેથી એ અધ્યાત્મ યોગીને ઓળખી તેમના આદર્શમયી જીવનચરિત્રને પગલે ચાલી તમારા આત્માનું કલ્યાણ કરો અને વાપરેલા શબ્દોનો પશ્ચાતાપ કરી જાહેર કરી દો કે–**મારી અજ્ઞાનતાના પરિણામે શબ્દો વપરાયા હતા.** બસ એ પ્રમાણે થવાથી આપ અત્યારે જે દરજ્જે છો તે દરજ્જો બરોબર સાચવી જાણશો. એમ સમજી શકાય.

**ભુધાલાલ મંછારામ**
ઓ૦-સેક્રેટરી
શ્રી બુદ્ધિસાગર સૂરિ સેવા સમાજ.

# મુનિશ્રી ધર્મવિજયજી મહારાજ.

મુ. **સાણંદ.**

સાણંદના જૈનોની જાહેર સભાના પ્રમુખ મહેતા કેશવલાલ ચતુરભાઇની ૧૦૦૮ વંદણા સ્વીકારશો.

જાહેર સભામાં થયેલા ઠરાવની નકલ આપની ઉપર મોકલેલી તેના પ્રત્યુત્તરમાં આપના તરફથી કારતક સુદી ૧૫ નો લખેલો પત્ર મળ્યો છે. તે સંબંધમાં જણાવવાનું કે જાહેર સભામાં હસમુખભાઇએ કરેલા નિવેદન ઉપરથી એમ સ્પષ્ટ જણાય છે કે–પ્રતિક્રમણ વખતે આપની પાસેથી આદેશ મેળવી હસમુખભાઇ શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીનું બનાવેલું નેમિનાથ ભગવાનનું સ્તવન બોલ્યા હતા. પ્રતિક્રમણ પૂર્ણ થયા બાદ હસમુખભાઇએ આપને તે વિષે જ બીજું સ્તવન બોલવાનું શું કારણ છે તે સંબંધી જ ખુલાસો પૂછેલો હતો. તેના બદલે સત્ય હકીકત છુપાવી બચાવની ખાતર જૈન જનતાને ઉંધા પાટા બંધાવવા માટે આપ આપના પત્રમાં જણાવો છો કે–"મહેતા હસમુખભાઇ ગોવિંદજીએ મને શ્રીમદ્ બુદ્ધિસાગરજી સંબંધી મારી માન્યતા વિષે પુછવામાં આવ્યું" આપની સાથે આ સંબંધમાં થએલી સવિસ્તર વાતચીત નીચે મુજબ છે.

હસમુખભાઇએ પુછેલ સવાલ–આપને બીજું સ્તવન બોલવાની શી જરૂર જણાઇ?

ધર્મવિજયજી મહારાજે આપેલો જવાબ–બુદ્ધિસાગરજીનું બનાવેલું માટે.

સવાલ–બુદ્ધિસાગરજીનું બનાવેલું સ્તવન બોલવામાં કાંઇ દોષ હશે ખરો?

જવાબ–બુદ્ધિસાગરજીએ, પાંચ મહાવ્રત ઉચરેલા કે નહિ!

સવાલ–દીક્ષા લે એ પાંચ મહાવ્રત તો ઉચરેજ—

જવાબ–તમારા ગામના કેટલાક માણસોના કહેવાથી મેં સાંભળેલું કે–બુદ્ધિસાગરજી મહારાજે વેવિશાળ [ધોળ] સંબંધીના કામમાં ઉપદેશ આપેલો છે. સાધુઓ મન વચન અને કાયાથી ચતુર્થવ્રત ઉચરે છે. તો તે ભાંગાથી તેમનું ચતુર્થવ્રત ખંડન થએલું છે. જેથી અમો તેમને સાધુ તરીકે માનતા નથી. અને અમોએ તેમનો નિષેધ કરેલો છે.

ત્યારબાદ સુબોધવિજયજી મહારાજે કહ્યું કે જો આ બાબત ખોટી છે એમ તમે સાબીત કરો તો અમો મિચ્છામિ દુક્કડં દઇશું—

મોહનલાલ કાળીદાસે કહ્યું કે–જો આ બાબત તમારે ખુલાસો કરવો હોય તો કરો.

ત્યારબાદ હસમુખભાઇએ કહ્યું કે એનો ખુલાસો કરવાની કાંઇ જરૂર રહેતી નથી કારણ કે આપે તે વાત સત્ય માની છે. અને તેનો આજે અમલ પણ કર્યો છે.

આ પ્રમાણે વાતચિત થએલી હોવા છતાં પંચ મહાવ્રત ધારક સાધુ તરફથી આવી તદ્દન અસત્ય હકીકત બહાર પાડવાથી ઘણું જ આશ્ચર્ય થાય છે. શ્રીમદ્ બુદ્ધિસાગરજી પ્રત્યેની આપની માન્યતા વિષે હસમુખભાઇ તરફથી આપને પુછવામાં આવ્યું જ નહોતું. માટે સદરહુ હકીકત સાબિત કરી આપવા અમે આપને ચેલેન્જ કરીએ છીએ.

ધોળ થયા પછી શ્રીમદ્ બુદ્ધિસાગરજીની હૈયાતીમાં તેમજ ત્યાર પછી પણ અત્યાર સુધી કોઇ પણ જૈનાચાર્યે તેમની સામે આવો આક્ષેપ કરેલો નથી તો જૈન શાસનના ક્યા પ્રતિષ્ઠિત આચાર્યોએ સંબંધી આપે આપના પત્રમાં ઉલ્લેખ કર્યો છે તે પણ જણાવશો.

અમારી પ્રથમની ચેલેન્જ જેમની તેમ કાયમ જ રહે છે અને તેનાથી આપ છુટા થઇ શકતા નથી. તા૦ ૧૪-૧૧-૩૨

પ્રેસીડેન્ટ,
કેશવલાલ ચતુરભાઇ.

સાણંદ તા૦ ૧૬-૧૧-૧૯૩૨

# મુનિ ધર્મવિજયજી મહારાજ.

મુ. **સાણંદ.**

સાણંદના મહેતા મફતલાલ અમૃતલાલ તરફથી આપને જણાવવાનું કે સં. ૧૯૮૯ ના કારતક સુદી ૧૨ ના રોજ રાત્રે આશરે સાડા નવના સુમારે મારા સાંભળવામાં આવ્યું કે અત્રેથી સાધુ ભક્તિવિજયજી તથા વલ્લભવિજયજી વિહાર કરી અમદાવાદના રસ્તે જાય છે. જીવરાજ વિઠ્ઠલનું એટલે ચોમા-

સાના કાળમાં રાત્રિના ટાઇમમાં આવું વર્તન સાધુ તરફથી થયાની હકીકત શંકાશીલ જણાયાથી તે સંબંધી જાત માહિતી મેળવવા રાત્રે સવાઆઠ વાગ્યાના સુમારે હું મારી ઘોડાગાડી લઇને તે રસ્તે ગયો. ઉભાળીયા આગળ (અંબાજી માતા પાસે) સદરહુ બે મહારાજ તથા તેમની સાથે એક ફાનસવાળો માણસ જતા જણાયા. મેં મહારાજને પુછ્યું કે આ પ્રમાણે રાત્રિ વિહાર કરવાનું શું કારણ છે? મહારાજે જવાબ આપ્યો કે જરૂરી કામસર. મેં ફરીથી પુછ્યું કે શાસ્ત્ર વિરૂધ્ધ આપનાથી આવો રાત્રિ વિહાર થઇ શકે? મહારાજે જણાવ્યું કે જરૂરી કારણસર. આ સંબંધમાં આપને જણાવવાનું કે તે મહારાજ આપની આજ્ઞામાં હતા તો?

(૧) આ પ્રમાણે રાત્રિ વિહાર કરવાનું જરૂરી કામ શું હતું?

(૨) તેમણે રાત્રિ વિહાર કર્યો તેમાં પંચ મહાવ્રત પૈકી ક્યા ક્યા વ્રતનું ખંડન થયું ગણાય?

(૩) જીનાજ્ઞા વિરૂધ્ધ વર્તન કરનારને સાધુ તરીકે માનવામાં દોષ ખરો કે નહિ? ને તેવા કહેવાતા સાધુઓને વંદન કરવામાં દોષ ગણાય કે નહિ.

(૪) આપે તેમની આવી પ્રવૃત્તિ સામે અટકાવ ન કરતાં કેવા કારણોસર સંમતિ દર્શાવી? ને તેથી આપ પણ દોષિત ખરા કે નહિ?

ઉપરની બાબતોનો ચોવીસ કલાકની અંદર ખુલાસો કરશો કે જેથી જૈન પ્રજા આ સંબંધમાં યોગ્ય વિચારણા કરી શકે.

Mafatlal A. Mehta.

## આ૦ શ્રી બુધ્ધિસાગરસૂરિ ઉપર મૂકેલા આળ સામે વિરોધ.

**આજોલ**

જૈન સંઘની જાહેર સભા કારતક વદી ૬ ને શનિવારે મળી તેમાં નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યા છે–

૧ જૈન શાસનની ઉન્નતિ માટે સદ્‌ગત આ. શ્રી બુદ્ધિસાગર સૂરીશ્વરજીએ શારીરિક–માનસિક ભોગ આપી, અથાગ પરિશ્રમ વેઠી જૈન સમાજ ઉપર અત્યંત ઉપકાર કર્યો છે. તે બદલ જૈનકોમ આચાર્યશ્રીની સંપૂર્ણ ઋણી છે. અને તે બદલ સદ્‌ગત ગુરૂશ્રીના પ્રવાસમાં પૂજ્ય ભાવથી ખાસ આભારની લાગણી પ્રદર્શિત કરે છે.

૨ કારતક સુદી ૧૨ ની રાત્રે પ્રતિક્રમણ પૂરી થયા બાદ સદ્‌ગત આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી સૂરીશ્વરજીના સામે મુનિ ધર્મવિજયજી (પં. રામવિજયજીના શિષ્ય) એમણે અઘટિત આક્ષેપ કર્યાનું સાબુંદ સંઘના પત્રથી જાણીને અત્રેના જૈન સંઘની લાગણીને સખત આઘાત થયો છે. તે બદલ મુનિ ધર્મવિજયજી સામે આજોલના જૈનોની આ જાહેર સભા સખત અણગમો જાહેર કરે છે. અને આશા રાખે છે કે સાંપ્રત જૈન સંઘના સંપમાં હાલ જે ક્ષતિ થયેલ છે તેમાં વધારો ન થાય તે ખાતર મુનિશ્રી ધર્મવિજયજી પોતાના ઉચ્ચારેલા શબ્દો પાછા ખેંચી લેશે.

## મુનિ ધર્મવિજયને ખુલ્લો પત્ર.

**પરમ પવિત્ર અને શુભ ગુણાલંકાર મુનિશ્રી ધર્મવિજયજી**

યોગ્ય–વરસોડા (મહીકાંઠા) ના રહેનાર ધર્મોપદેશક પંડિત ભોળાનાથ શર્માના પ્રભુસ્મરણ સ્વીકારશોજી.

વિશેષ વિજ્ઞપ્તિ કે યોગનિષ્ઠ મહાત્માશ્રી આચાર્ય બુદ્ધિસાગરજી પ્રત્યે કોઇ સાધુરૂપે ન ઘટે એવા આક્ષેપો આપે કર્યા છે. એ સાંભળી અમને દીલગીરી ઉત્પન્ન થાય છે. આ સમય પ્રવૃત્તિનો છે. નવા વાતાવરણમાં "સાધુઓ અને ભેખધારીઓ હિન્દુસ્થાનનો બોજો છે." એમ જાહેર કરવામાં આવે છે. પ્રતિ દિવસ સાધુઓ તરફથી પૂજ્ય ભાવ ઘટતો જાય છે એવા સમયમાં એક એકનો દ્વેષ કરી આપ જેવા સંતોનો જ મહીમા ઘટે એવું કરો તે આપનું જ માન ઘટાડવા બરાબર છે. વળી શ્રી બુદ્ધિસાગરજી વિદ્યમાન હોત અને તેમના સાથે શાસ્ત્રાર્થ કર્યો હોત તો અમો વિદ્વાનો સાંભળી પ્રમોદ પામત. પરંતુ તે તો હાલ પરમપદ પામી ગયા છે આ લોક ત્યાગ કરી પરલોક ચાલ્યા ગયા છે. આવા મરણ પામેલા માનવ પ્રત્યે નિંદા આક્ષેપ એ તો આપ માટે બહુ જ અયોગ્ય કહેવાય.

આક્ષેપ કર્યા વિના આપ ભજનમાં અને આપના શુભ કર્મમાં પ્રવૃત્ત રહો. હિન્દુસ્થાનમાં અગ્રગણ્ય ગણાતા મહારાજા સાહેબ શ્રી ગાયકવાડ સરકાર સમક્ષ તેમના આમંત્રણથી તેમને જૈનધર્મનું રહસ્ય ત્રણ દિવસ શ્રવણ કરાવી રાજાને પ્રમુદિત કર્યા લાખોના ખરચે વીજાપુરમાં પુસ્તક ભંડાર બંધાવરાવ્યા. સેંકડો હૃદયને સ્પર્શ કરનારા લેખવાળા ગ્રંથો બનાવ્યા. જૈનધર્મમાં લુપ્ત થએલી યોગવિદ્યા સમાધિ વીગેરે સતેજ કર્યા. આવા પવિત્ર ગુણો આપની નજરમાં આવ્યા નહિ. અને ન ઇચ્છવા યોગ્ય અવગુણ નજરમાં તર્યા એ શું આપ જેવા ભેખની ભલાઇ છે? આશા રાખું છું કે આવા ઉપદેશક થાઓ, એવા તેજસ્વી થાઓ, શુભાચાર શુભવિચારમાં નિમગ્ન થાઓ, અને એવા કલેશો છોડી દઇ પ્રભુમાં તન્મય થશો: અને તમારા સંઘમાં શાન્તિ સ્થાપશો એવી ભલામણ કરૂં છું. સંવત ૧૯૯૬ ના કારતક વદિ ૭.

લી. સનાતનધર્મોપદેશક કાવ્યવેદાન્ત ધુરંધર
પંડિત ભોળાનાથ શર્મા.

## ખુલાસો કરશે કે?

સંવત્સરી પ્રતિક્રમણમાં અબ્ભુઠ્ઠિઓ ખામતી વખતે ગુરૂ વચન બોલવામાં આવે છે કે–"બારમાસાણં, ચોવીસ પખ્ખાણં ત્રણસો સાઠ રાઇ દિવસાણં" એ પ્રમાણે બોલીને પછી 'જંકિંચિ અપત્તિયં' વગેરે બોલવામાં આવે છે.

જૈનધર્મના પંચાંગમાં જોતાં કોઇ પણ વર્ષ ૩૬૦ દિવસનું નથી હોતું પણ ૩૫૫ અગર તો ૩૫૪ દિવસનું હોય છે છતાં ત્રણસોને સાઠ રાઇ દિવસાણં બોલવાનું કારણ શું? વળી જ્યારે અધિક માસ જે વરસમાં આવે છે ત્યારે બારમાસાણં, ચોવીસ પખ્ખાણં ત્રણસોને સાઠ રાઇદિવસાણંને બદલે તેરમાસાણં, છવીસ પખ્ખાણં, ત્રણસોને ચોરાશી રાઇદિવસાણં કેમ બોલવામાં આવતું નથી? કેમકે ખરી રીતે તે વરસમાં તેર મહિના અને છવીસ પખવાડીઆ થાય છે. આ બાબતનો ખુલાસો કોઇ વિદ્વાન મુનિ મહારાજ કે શ્રાવક આ પત્ર મારફતે અગર તો નીચેને સરનામે આપવા મહેરબાની કરશે એવી આશા છે.

મણીલાલ લક્ષ્મીચંદ શાહ
૭૫, મીરચી લેન, મુંબઇ નં. ૩.

## આચાર્ય વિજય સિદ્ધિસૂરિને—

સં. ૧૯૮૯ ના કારતક સુદી ૧૨ ના રોજ અત્રે ચાતુર્માસ રહેલા સાધુઓ પૈકી મુનિ શ્રી રામવિજયજીના શિષ્ય ભરતવિજયજી તથા વલ્લભવિજયજી મહારાજ અત્રેથી રાત્રે વિહાર કરી લગભગ ૧૫ માઈલ દૂર અમદાવાદ ગયેલા તે સંબંધી અત્રે વ્યાખ્યાનમાં મુનિ શ્રી ધર્મવિજયજીએ એવો ખુલાસો કર્યો છે કે—"જે સાધુઓએ જે રાતે વિહાર કર્યો છે તે આચાર્ય શ્રી વિજયસિદ્ધિસૂરિની કહેવાતી આજ્ઞાથી આંહીથી કરેલો છે," તો આવી આજ્ઞાથી કોઈ વ્રતનું ખંડન થાય કે કેમ ? તે બાબત આપ શ્રી જૈન પ્રજાની જાણ માટે સવિસ્તર ખુલાસો બહાર પાડશો ખરા ?

લી. સાચા સાધુનો ઉપાસક.

## ટુંક મુદતમાં બહાર પડશે.

### મુંબઈ પજુસણ વ્યાખ્યાનમાળા.

કિંમત રૂ. ૦-૬-૦ વીશનકલ ઉપર ખરીદ કરનારને રૂ. ૦-૪-૦

### તમે જાણો છો ?

આપણા સમાજમાં ધાર્મિક અને સામાજીક પ્રશ્નોપર અનેક ઘા થઈ રહ્યા છે. એટલે જનતા વિચાર વમળમાં ગુંચવાઈ રહી છે. તેવા પ્રસંગે જનતાની ખરા રસ્તે દોરવણી કરવાના હેતુથી ગત પજુસણમાં મુંબઈમાં પંડિતવર્ય શ્રી સુખલાલજી, પંડિત દરબારીલાલજી, પંડિત નાથુરામ પ્રેમી, ડૉ૦ પ્રાણજીવનદાસ મહેતા, શ્રી મોહનલાલ ભગવાનદાસ સોલીસીટર, શ્રી ઉમેદચંદ બરોડીઆ, મોહનલાલ દલીચંદ દેશાઈ વગેરે વિદ્વાનો અને પંડિતોએ "ગુરૂપદ અને શિષ્યપદની લાયકાત શી શી ? શાસ્ત્ર અને શસ્ત્ર વચ્ચે શો ફેર છે ? ત્યાગી કેવા હોવા જોઈએ ? ધર્મ અને સમાજ, અધ્યાત્મ, સર્વ ધર્મના મૂળ સિદ્ધાંતો, ધર્મનો ભ્રમ, ધર્મ અને વહેમો, વિ૦ વિષયો પર સ્વતંત્રપણે નિડરતાથી શાસ્ત્ર દલીલો સાથે અભ્યાસ કરવા યોગ્ય ભાષણો આપેલાં તે વાંચવા મળશે. આથી તમે ગ્રાહક ન થયા હો તો આજે જ તમારૂં નામ નોંધાવો.

કાઉન સોળ પેજી પોણાબસોથી બસો પાનાના પુસ્તકની ઓછી કિંમત રાખવાનો એજ હેતુ છે કે દરેક જણ લાભ લઈ શકે, તેમ કોઈ પણ ગૃહસ્થ છૂટથી લ્હાણી કરી શકે.

પંડિત દરબારીલાલજી અને પંડિત નાથુરામજીના ભાષણો નાગરી લીપીમાં ને હિન્દી ભાષામાં આપવામાં આવ્યાં છે, તેમ તેનો ટુંક સાર ગુજરાતીમાં આપવામાં આવ્યો છે.

૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩. — લખો:— મંત્રી, મુંબઈ જૈન યુવક સંઘ

## જૈન જગત.

**રૂઢીચુસ્ત પક્ષના ચક્ષુઓ ખુલશે છે**—રૂઢીચુસ્ત પક્ષવાળા દીક્ષાના ઝઘડાઓથી થતાં આર્થિક નુકશાનની ફિરાદીઓ મુકવા મંડી પડયા છે. કોર્ટો આદિમાં દીક્ષાના કેસો માટે એ પક્ષ તરફથી પૈસા નહિ જ મળે એવી વિશ્વાસનીય વાત જાહેર આવી છે તેથી તે લોકોના ચક્ષુઓ ખુલશે છે, ઠોકર વાગે ત્યારે જ સમજણ આવે ને ?

**અંધશ્રદ્ધાની પરાકાષ્ઠા**—કેટલાક બેકારભાઈઓ આર્થિક સહાય કે નોકરી ધંધા માટે સોસાયટીવાળા રૂઢીચાજી પાસે જાય છે તો તેમને આર્થિક મદદ આપવા-અપાવવા કે નોકરી ધંધાનો બંદોબસ્ત કરવાને બદલે દીક્ષાનો ઉપદેશ આપે છે આથી કોઈ બેકારભાઈ ઉક્કરાઈ જાય તો રૂઢીઆજીને દીક્ષાના વિક્રેતાઓના કિસ્સાઓ સાંભળવાનું સદ્ભાગ્ય (!) પ્રાપ્ત થાય છે. 'તમે દીક્ષા કેમ નથી લેતા ?' એમ સાંભળતાં રૂઢીઆજી ચોકી ઉઠી મૌનનું આલંબન કરે છે. બેકારીની ભીષણ ચક્કીમાં પીસાઈ રહેલ બંધુઓને ઉપજેલ સદ્બુદ્ધિ ઉપરથી પણ રૂઢીઆજી કંઈ બોધપાઠ નથી શીખતા એ તેમની અંધશ્રદ્ધાની પરાકાષ્ઠાના સુચિન્હ (!) રૂપ છે.

**સાધ્વીજીની ડીક-ટીકીની માગણી**—પાંચ-સાત વર્ષના દીક્ષાપર્યાયવાળા એક વૃદ્ધ સાધ્વીજીએ પોતાની એક સગી સ્ત્રી માટે ટીક-ટીકી આદિ અપાવવા એક ગૃહસ્થ પાસે થોડા દિવસ પહેલાં માગણી કરતાં 'તમે ઘરબાર છોડયું ને આ જાળું શું ?' એમ કહી એ ગૃહસ્થે કંઈ પણ અપાવવાની સાધ્વીજીને સાફ-સાફ ના સુણાવી દીધી છે.

**મોહનસૂરિ ભૈયાને સાથે કેમ રાખે છે ?**—મોહનસૂરિ પોતાની રક્ષા માટે ચુપાબર તરીકે સાથે એક ભૈયાને રાખે છે. આને માટે અનેકવિધ ચર્ચાઓ ચાલી રહી છે. એક કડવી ફરીઆદ બાળકના બાપ પાસે જતાં ભૈયાએ ફરીઆદીને માર માર્યો, ખુબ ધાંધલ મચાવી. આવી રીતે પગારે આપી માણસ રોકવા અને તેનો પગાર સંઘના ચોપડે ચડાવવા પ્રયાસ કરવો અને ભૈયા જેવાના અમાનુષિક કૃત્યોને પ્રોત્સાહન આપવું એ સંઘને શોભે ખરૂં કે ? તીર્થ સ્વરૂપ ગણાતો શ્રીસંઘ આચાર્યોના કાળાં કૃત્યોની જાણ થવા છતાં આંખ આડા કાન કયાં સુધી કરશે ?

**ગચ્છ-મતની સંકુચિત મનોદશાનો ત્યાગ**—ખંભાતમાં રતિલાલ બેચરદાસ શાહે પાર્શ્વચંદ્રગચ્છના સાધુ આનંદચંદ્રજી મહારાજનું ચાતુર્માસ પોતાને ત્યાં જાળવ્યું હતું. સ્વાગતનો વરઘોડો ચડાવવામાં આવ્યો હતો પૂજા ભણાવવામાં આવી અને શાંતિ સ્નાત્ર કર્યું હતું. તપગચ્છના શ્રી રતિલાલ બી. શાહે પોતાને ત્યાં પાર્શ્વચંદ્રગચ્છના સાધુને નોતરી ગચ્છભેદની સાંકડી મનોદશા નિવારી, વિશાળ ભાવના દર્શાવી તે બદલ અભિનંદન ! સુજ્ઞો ! દાખલો લેશો કે ?

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3. and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.